ચિત્રલેખા

71 | વર્ષમાં
શાનદાર પ્રવેશ

૨૫ મે, ૨૦૨૦

ફ્રી સ્પેશિયલ ડિજિટલ આવૃત્તિ
chitralekha.com/emag

ભેંકાર માર્ગો પર
વૃક્ષ-વનરાજી,
પશુ-પક્ષીને
ખોરાક-પાણી
આપવા નીકળે છે
આ ઈકો વૉરિયર્સ...

મહારાષ્ટ્ર - ગુજરાત ને દિલ્હી સહિત
અડધું ભારત **રેડ**...

...તો કેરળ કઈ રીતે બન્યું ગ્રીન?

VISIT…

LANZAROTE
Caliente.COM

પ્રભાતનાં પુષ્પો...

કદી પણ મંદિરમાં નહીં જનારો હું એક મિત્રના આગ્રહને વશ થઈને દર્શન કરવા માટે મંદિર તરફ ચાલી નીકળ્યો. હજારો ભક્તજનો ચાલ્યા જતા હતા. ટેકરીની ટોચ ઉપર મંદિર હતું. ધીમે ધીમે હું ત્યાં પહોંચી ગયો અને જોયું તો ભક્તજનો બધા નીચે ભેગા થયા હતા અને બધા ખૂબ વિચારમાં પડી ગયા હતા. મેં એક જણને પૂછ્યું:

‘કેમ કોઈ ઉપર જતું નથી?’

જવાબ મળ્યો: ‘જુઓને! ઉપર જવું કેવી રીતે? વચમાંથી એક પગથિયું એવી રીતે તૂટી ગયું છે કે કોઈ પણ હિસાબે ઉપર જઈ શકાય એમ નથી. દર્શનનો સમય પણ થઈ ગયો છે!’

આવી રીતે સૌ વિચારમાં પડી ગયા હતા ત્યાં ટોળામાંથી એક કુમારિકા આગળ આવી અને બોલી: ‘રામના પૂજારીઓ! તમે મારી પાછળ પાછળ ચાલ્યા આવો.’

આટલું કહેતાંની સાથે જ એ સડસડાટ કરતી એક પછી એક પગથિયું ચડવા માંડી અને જ્યાં પગથિયું તૂટી ગયું હતું ત્યાં રામનું નામ લઈ સૂઈ ગઈ. ‘રામધૂન લાગી... ગોપાલધૂન લાગી.’ એવા ઉચ્ચારો કરતાં કરતાં ભક્તજનો પેલી કુમારિકાના કોમળ દેહ ઉપર પગ મૂકીને એક પછી એક ઉપર ચાલ્યા ગયા. હું તો નીચે ઊભો રહ્યો અને મનમાં નિશ્ચય કર્યો કે પેલી કુમારિકાના દેહ ઉપર પગ મૂકીને મારે રામનાં દર્શન કરવા નથી જવું!

થોડી વારે દર્શનનો કાર્યક્રમ પૂરો થયો અને સૌ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. હું તો તળેટીમાં આ પ્રસંગ ઉપર વિચાર કરતો ઊભો હતો ત્યાં નીચે પ્રવેશદ્વારમાંથી આવતી બે વ્યક્તિ જોઈ. નીરખીને જોયું તો બીજું કોઈ નહીં, પણ ભગવાન રામચંદ્રજી પોતે જ! સાથે લક્ષ્મણ હતા. મને થયું કે જોવા તો દે શું થાય છે? બન્ને ભાઈઓ ઉપર ચડવા લાગ્યા અને જે જગ્યાએ પેલી કુમારિકા સૂઈ ગઈ હતી ત્યાં પહોંચ્યા કે તરત જ રામચંદ્રજીના પગના સ્પર્શે એ બેઠી થઈ ગઈ અને પછી તો ત્રણે જણાં હસતાં હસતાં નીચે આવ્યાં. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. એ લોકો જેવાં નીચે આવ્યાં કે તરત જ મેં પૂછ્યું:

‘ક્ષમા કરજો, આપ તો ભગવાન રામચંદ્ર નહીં?’

‘હા, હું પોતે જ ભગવાન.’ બહુ જ ટૂંકો જવાબ આપ્યો. મેં પેલી કુમારિકાને પૂછ્યું:

‘તું કોણ છે? કોઈ જાદુગર છે કે કોઈ હઠયોગની સિદ્ધિવાળી તપસ્વિની? હજારો માણસો તારા દેહ ઉપર થઈને ચાલ્યા ગયા છતાં પણ તને કંઈ થયું નથી?’

‘તું મને નથી ઓળખતો?’ મીઠાશથી એણે પૂછ્યું.

મેં જવાબ આપ્યો: ‘માફ કરજો, પણ હું તમને નથી ઓળખતો.’

‘રામાયણ વાંચ્યું છે?’ એણે પૂછ્યું.

‘જી હા, ઘણી વાર વાંચ્યું છે.’

મારો જવાબ સાંભળીને એ હસી પડી પછી બોલી: ‘તમે લોકો ભણ્યા પણ ગણ્યા નહીં. રામાયણમાં જે અહલ્યાનો ઉલ્લેખ આવે છે એ હું પોતે. રામના સ્પર્શે જેમ હું શિલામાંથી અહલ્યા બની ગયેલી એમ આજે આ ભક્તજનોની મૂંઝવણ ટાળવા માટે હું રામનું નામ લઈને શિલા બની ગઈ અને પગથિયાની જગ્યાએ ગોઠવાઈ ગઈ. હવે તું જ કહે કે મારા દેહ ઉપરથી લાખો માણસો ચાલ્યા જાય તો પણ મને શું થાય?’

આવી સીધીસાદી વાત ન સમજવા માટે મને મારી મૂર્ખાઈ પર હસવું આવ્યું. મેં રામચંદ્રજીને પૂછ્યું:

‘દેવ! તમે તો આ મંદિરમાં વસો છો એમ હું માનતો હતો, પણ હમણાં તો તમે જંગલમાંથી આવ્યા. શું તમે હજારોના ખર્ચે બંધાવેલા આ મંદિરમાં નથી રહેતા?’

રામચંદ્રજીએ જવાબ આપ્યો: ‘વત્સ! સાંભળ, જ્યારથી મેં જોયું કે પુરુષો નારીના પવિત્ર દેહને છૂંદીને દર્શનની અભિલાષા સિદ્ધ કરવા ઉપર ચાલ્યા જાય છે ત્યારથી મેં મંદિરનો ત્યાગ કર્યો છે. પહેલાં તો મેં ચૌદ વર્ષનો વનવાસ સ્વીકાર્યો હતો, પણ સમાજમાં બનતા આવા પ્રસંગો પછી તો આજીવન વનવાસ સ્વીકાર્યો છે. આ અહલ્યા બહુ તોફાની છે. કોઈ કોઈ વાર જ્યારે આવું તોફાન કરી મૂકે છે ત્યારે મારે એને શિલામાંથી અહલ્યા બનાવવા આવવું પડે છે.’

આટલું કહીને એ ત્રણે જણાં ચાલ્યાં ગયાં અને હું મારી જાતને ધન્ય ગણવા લાગ્યો, કારણ કે જો હું દર્શન કરવા ઉપર ચાલ્યો ગયો હોત તો કંઈ ફાયદો ન થાત. નીચે ઊભો રહ્યો તો ભગવાનનાં દર્શન થયાં.

– અને પછી તો જ્યારે કોઈ મિત્રના આગ્રહને વશ થઈને મંદિરમાં જવું પડે છે ત્યારે હું કદી પણ ઉપર જતો નથી. વિચાર કરતો નીચે જ ઊભો રહું છું અને પગથિયાં જોતાં તરત જ મને યાદ આવે છે કે આ એકાદ પગથિયામાં પેલી તોફાની અહલ્યા શિલા બનીને તો નહીં ગોઠવાઈ ગઈ હોય?

– વજુ કોટક

(લેખકના પુસ્તક ‘પ્રભાતનાં પુષ્પો’માંથી)



સંસ્થાપક: વજુ કોટક
સહસંસ્થાપક: મધુરી કોટક
પથદર્શક: હરકિસન મહેતા

ચિત્રલેખા

તા. **૨૫ મે, ૨૦૨૦** | વર્ષ: **૭૧**
અંક: **૫** | સળંગ અંક: **૩૬૫૭**

ચૅરમૅન: મૌલિક કોટક
વાઈસ ચૅરમૅન: મનન કોટક
તંત્રી: ભરત ઘેલાણી

chitralekha.com
chitralekha.com/facebook
chitralekha.com/twitter
chitralekha.com/youtube
chitralekha.com/instagram

મુખ્ય કાર્યાલય | તંત્રી વિભાગ | પ્રકાશન સ્થાન
‘ચિત્રલેખા’: ૨૫, અંધેરી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ,
ઑફ વીરા દેસાઈ રોડ, અંધેરી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૫૩.

તંત્રી વિભાગ
ફોન: (૯૧-૨૨) ૬૬૯૨૧૬૯૨,
૬૭૩૦૯૮૯૮

જાહેરખબર વિભાગ
ફોન: (૯૧-૨૨) ૬૬૯૨૧૯૧૦

મુદ્રક-પ્રકાશક:
મૌલિક કોટક
‘ચિત્રલેખા’ પ્લૉટ નં. ઈલ-૨,
ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા,
MIDC મહાપે, નવી મુંબઈ

ઈ-મેઈલ
editorial@chitralekha.com
subscribe@chitralekha.com
advertise@chitralekha.com

સરક્યુલેશન વિભાગ
મહારાષ્ટ્ર: ૦૨૨-૬૭૩૦૯૮૯૮
અમદાવાદ: (૦૭૯) ૨૬૪૬૧૭૧૧
રાજકોટ: (૦૨૮૧) ૨૪૬૭૫૨૬
વડોદરા: (૦૨૬૫) ૨૩૩૯૦૯૭

વાર્ષિક લવાજમ
ભારતમાં: ₹ ૧૬૫૦
(દશેરા-દીપોત્સવી વિશેષાંક,
વાર્ષિક વિશેષાંક તેમ જ બોનસ રૂપે
ઈ-મૅગેઝિન)
સંપર્ક: ૦૨૨-૬૬૯૯ ૮૩૧૬
Ext-૨૫/૭૨ વિદેશમાં: ₹ ૭૨૦૦

માલિક: ‘ચિત્રલેખા’ Member: INS

અનુક્રમ

COVID WISK
DISTRICT ADMINISTRATION ERNAKULAM
COVID WISK
the
in

૨૨ । કવર સ્ટોરી

કોરોના નામના દૈત્યને કઈ રીતે નાથ્યો કેરળે?

મહારાષ્ટ્ર, ગુજરાત, તામિલનાડુ અને દિલ્હી જેવાં રાજ્યો કોરોના વાઈરસ ડિસીઝ સામે ઝઝૂમી રહ્યાં છે ત્યારે આ બીમારીના પહેલા કેસ જ્યાં નોંધાયા હતા એ કેરળે રોગને પોતાના મજબૂત 'હેલ્થ મોડેલ'ની મદદથી ડામી દઈ અદ્દ્ભુત સિદ્ધિ મેળવી છે.

ઈન્ડિયા, અબ સોચ કરો બુલંદ.
JK SMARTBLOX

૨૮ । **વિશેષ**

ગુજરાતના કારાગારઃ કોરોનાનાં ગ્રહણ-મોક્ષ...

અહીંની જેલોને કોરોનાના ગ્રહણમાંથી મુક્ત રાખવા કેવા કેવા ઉપાય ને સાવચેતી લેવામાં આવી રહી છે એનો વિશેષ અહેવાલ.

૧૯ । **વિશેષ**

સૅલ્યૂટ આ ઈકો વૉરિયર્સને...

લૉકડાઉનમાં ભૂખ્યાને ભોજન આપવા ઘણી સંસ્થા કાર્યરત છે ત્યારે ભૂખ્યાં કૂતરા-બિલાડા ને રેઢાં મૂકેલાં ઢોર માટે ખોરાક-ચારો-દવાદારૂ, પક્ષીઓ માટે ચણ તથા વૃક્ષોને પાણી પાવા નીકળી પડ્યા છે આ પ્રકૃતિમિત્રો.

૩૧ । **મુંબઈની આજકાલ**

મુંબઈને રોગચાળામાં ડુબાડશે ધારાવી?

મહાનગરી મુંબઈની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ધારાવીમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. પ્રશાસન ચોવીસ કલાક કામ કરતું હોવા છતાં કેમ એ બની રહી છે કોરોનાનું હૉટ સ્પૉટ?

---

૪૩ । **લઘુ નવલઃ** પ્રકરણ-૩

કયામત

---

૪૦ । **પ્રિયદર્શિની** । **લાઈફસ્ટાઈલ**

ઘરમાં પુરાઈ રહેવાથી જીવનસાથી સાથેની વધેલી શારીરિક નિકટતાએ અનેક કપલ્સની મૂંઝવણ વધારી દીધી છે. આ કાળમાં શારીરિક સંબંધો કેટલા સલામત-કેટલા સુરક્ષિત?

ઉપરાંત

વાહ ભાઈ વાહ!, જલસાઘર
અને **છેલ્લે... મુખવાસ**

મુખપૃષ્ઠ તસવીરઃ **ચિત્રલેખા ગ્રાફિક્સ**
પ્રિયદર્શિની મૉડેલઃ **જાસ્મિન** । તસવીરઃ f/AshishSompuraPhotography

ભારતનું મહાભારત

આગળ ખાઈ ને પાછળ દરિયો... જવું ક્યાં?

કોરોનાથી લોકોને બચાવવા તાળાબંધી લંબાવવી જરૂરી છે તો અર્થતંત્રને ફરી ધબકતું કરવું પણ અનિવાર્ય છે. તકલીફ એ છે કે મોટાં ઔદ્યોગિક કેન્દ્રો અને શહેરોમાં દિવસો સુધી હેરાનગતિ સહન કર્યા પછી લાખો મજૂરો એમના વતનભેગા થઈ ગયા છે. આ હાલતમાં કારખાનાં ચાલુ કઈ રીતે થાય?

નગીનદાસ સંઘવી

કોરોનાનો ફેલાવો અટક્યો પણ નથી ને ધીમો પણ પડ્યો નથી. દુનિયાએ જોયેલા તમામ રોગચાળામાં આ નવતર બીમારીએ અર્થતંત્રને જે રીતે ખોરવી નાખ્યું છે એવું અગાઉ કદી થયું નથી. વરસો અગાઉ યુરોપમાં અને ઈંગ્લૅન્ડમાં પણ *કાળા મરણ* (બ્લૅક ડેથ)ની બીમારીમાં એટલા બધા માણસો મરણ પામ્યા કે અર્થતંત્રને ચાલતું રાખવા માટે જરૂરી મજૂરો શોધ્યા જડતા નહોતા. કોરોનામાં મરણપ્રમાણ નહીંવત્ (માત્ર ત્રણ-ચાર ટકા) છે, પણ ચેપથી બચવા માટેની તાળાબંધીએ ભારતના અને દુનિયાના અર્થતંત્રને ધમરોળી નાખ્યું છે.

ભારત આજે ત્રિભેટે ઊભું છે. રોગને ડામવા માટે તાળાબંધી જરૂરી છે અને મરણપથારીએ પડેલા અર્થતંત્રને ફરી ચેતનવંતું કરવા માટે તાળું ખોલવું પણ જરૂરી છે. એકબીજાથી વિરોધી ગણાય એવાં આ બન્ને પગલાં એકસામટાં ભરી શકાય-તાળાબંધી રહે પણ ખરી ને જાય પણ ખરી એવી રીતે તાળું ખોલવાની ચાવી કોઈ પાસે નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીસ મુખ્ય મંત્રી જોડેની મસલત પરિષદમાં વ્યૂહાત્મક અભિગમ અપનાવવાની સલાહ આપી છે. તાળાબંધી વધુ થોડા દિવસ લંબાવવાની જાહેરાત પણ એમણે કરી છે. જો કે અંતિમ નિર્ણય લેવાની કામગીરીનો બોજ રાજ્યોના માથે નાખ્યો છે.

પાંચ રાજ્ય-મહારાષ્ટ્ર, તેલંગણ, પંજાબ, બંગાળ અને આસામ કડક તાળાબંધી ચાલુ જ રાખવાનાં હિમાયતી છે, પણ અન્ય રાજ્યો તાળાબંધીની સખ્તાઈ ધીમે ધીમે ઓછી કરવાનાં પક્ષમાં છે. મુદ્દા અંગે સહમતી છે, પણ એના અમલ અંગે દરેક રાજ્યના મત અલગ અલગ છે.

તાળાબંધી સમાપ્ત કરવાની દિશામાં આગળ ચાલ્યા સિવાય છૂટકો નથી. ભારતીય સમાજ માટે એક બાજુ ખીણ ને બીજી બાજુ દરિયો છે. તાળાબંધી ચાલુ રહે તો રોજગારીના અભાવે આવનારો ભૂખમરો પણ મોતનો જ રસ્તો છે. લોકો બીમારીથી મરે કે બેકારી અને ભૂખમરાથી મરે, પણ મરણ તો બન્ને બાજુએ ઘૂરકી રહ્યું છે.

આ પરિસ્થિતિમાં ભારતે એકસાથે બન્ને દિશામાં ચાલવું પડશે અને આ તાળાને બળથી નહીં, પણ કળથી ખોલવું પડશે. *વિશ્વ આરોગ્ય સંસ્થાની* ભલામણ મુજબ ભારતનાં રાજ્યો અને કેન્દ્ર સરકાર પૂરી સાવચેતીથી ધીમાં પગલાં ભરી રહ્યાં છે.

એક તો જે વિસ્તારમાં કોરોનાનો પ્રભાવ લગભગ નહીંવત્ છે એવા ગ્રામીણ

કોઈ ટ્રેન તો કોઈ બસ... ને એ ન મળ્યું તો ભાડે કોઈની સાઈકલ લઈને અથવા તો પગપાળા પણ લોકો પોતાના ઘરે જવા નીકળી પડ્યા. આ શ્રમિકો પાછા ન ફરે ત્યાં સુધી દેશનું અર્થતંત્ર ફરી બેઠું થવું મુશ્કેલ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વધુ એક લૉકડાઉનની થઈ જાહેરાતઃ બીજો પર્યાય પણ શું છે?

પ્રદેશમાં ખેતી, દૂધ અને મરઘાંઉછેરની કામગીરી માટે પૂરી છૂટ આપવામાં આવી છે. *સેન્ટર ફૉર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી*ના હેવાલ મુજબ ગયા અઠવાડિયે આપવામાં આવેલી છૂટને કારણે ગ્રામવિસ્તારમાં બેકારીનું પ્રમાણ ૨૭ ટકા હતું એ ઘટીને ૨૩ ટકા થયું છે એટલે કે ગ્રામવિસ્તારમાં રહેનારા લોકોમાંથી ચાર ટકા વધારે લોકોને રોજગારી મળતી થઈ છે અને એમના માટે ભૂખમરાનો હાઉ થોડે અંશે દૂર થયો છે.

માલસામાન માટેની માલગાડીઓ તો પહેલેથી જ દોડે છે. હિજરતી મજૂરોને એમના ઘરે પહોંચાડવા માટે દરરોજ ૩૦૦ ટ્રેન વચ્ચેનાં સ્ટેશનોએ અટક્યા વગર દોડે છે. હવે દિલ્હીથી સામાન્ય મુસાફરો માટે પંદર ટ્રેન શરૂ કરવામાં આવી છે. એમાં મુસાફરી માટેના નિયમોનું પાલન અતિશય કડકાઈથી થશે, પણ પંદર જવાની ને પંદર આવવાની ટ્રેન દિલ્હી અને દેશનાં મહાનગરોને જોડશે. ભારત સરકાર દરેક પગલું ચોખીને-જોખીને ભરે છે એનો આ પુરાવો છે.

વડા પ્રધાન અને ત્રીસ મુખ્ય મંત્રી જોડેની છ કલાક ચાલેલી ચર્ચાસભામાં દરેક રાજ્યએ પોતપોતાની જરૂરત અંગે સૂચન કર્યાં છે. હરિયાણાએ પોતાને ત્યાંથી વતન ગયેલા તમામ મજૂરોને પાછા બોલાવી લેવાની સગવડ માગી છે. મહારાષ્ટ્રના ઉદ્ધવ ઠાકરેએ મુંબઈની લોકલ ટ્રેનો ફરી શરૂ કરવા અંગેનો સવાલ ઉઠાવ્યો છે. વડા પ્રધાને બધું સાંભળી-નોંધી લીધું છે, પણ કશો નિર્ણય આપ્યો નથી. એ બાબતની જાહેરાત લૉકડાઉનની આ મુદત પૂરી થાય એ પહેલાં કરવામાં આવશે.

જો કે બધાં રાજ્યોએ એકઅવાજે કરેલી એક માગણી ભારત સરકાર માટે મૂંઝવણકર્તા છે. બંધ પડેલા અર્થતંત્રને વેગવંતું બનાવવા માટે રાજ્ય સરકારોએ કેન્દ્ર પાસેથી નાણાકીય સહાયની માગણી કરે છે. સામાન્ય સંજોગમાં આ માગણી વાજબી પણ ગણાય ને ભારત સરકાર દર વરસે આવી ચુકવણી કરે પણ છે.

ભારતીય બંધારણમાં કરવેરાની જોગવાઈ એટલી ખોટી રીતે કરવામાં આવી છે કે કેન્દ્ર સરકાર પાસે અઢળક આવક છે અને રાજ્ય સરકારની આવક ટાંચી છે. વિકાસ માટેનાં બધાં ખર્ચાળ કામની જવાબદારી રાજ્યની હોવાથી રાજ્ય સરકારો હંમેશાં ભિક્ષુકની દશામાં જ રહે છે.

આ વિષમતુલાના નિવારણ માટે દર પાંચ વરસે નાણાપંચ (ફાઈનાન્સ કમિશન) નીમાય છે અને કેન્દ્રની આવકનો મોટો ભાગ રાજ્યોને વહેંચી આપવાની ટકાવારી ઠરાવવામાં આવે છે.

જો કે અત્યારે આ વહેંચણી મુશ્કેલ છે. અર્થતંત્રની બધી પ્રવૃત્તિ ખોરવાઈ ગઈ હોવાથી *જીએસટી*ની આવકમાં મોટો ઘટાડો થયો છે. અર્થતંત્રને બેઠું કરવા માટે ગંજાવર રકમની જરૂર પડવાની છે અને બરાબર આ ટાંકણે જ ભારત સરકારની તિજોરી ખાલીખમ છે. બે-ત્રણ વરસે બધું ગોઠવાઈ જશે, પણ ત્રણ વરસ હાથ જોડીને બેસી રહેવાનું શક્ય નથી. નાણાં જોઈએ છે અને અત્યારે ને અત્યારે જ જોઈએ છે. પાછલા કેટલાક દિવસોમાં નાણા મંત્રાલયે જે યોજના જાહેર કરી અને મંગળવારે વડા પ્રધાને જેનો સંકેત આપ્યો એ બધું મળીને સરકાર વીસ લાખ કરોડ રૂપિયા આર્થિક પૅકેજ રૂપે આપવાની છે. જો કે આ રકમ અર્થતંત્રમાં ક્યારે અને કેવી રીતે ઠલવાશે એનો ખુલાસો થવો બાકી છે.

*રિઝર્વ બૅન્ક*ના માજી ગવર્નર રઘુરામ રાજને *રિઝર્વ બૅન્ક* પાસેના મબલક ભંડોળનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું છે, પણ આ ભંડોળને કારણે દુનિયાની બજારમાં ભારતની શાખ છે. ભંડોળ ઓછું થાય તો આ શાખ નબળી પડે અને પરદેશી મૂડીરોકાણને ફટકો પડે.

બીજું સૂચન એ છે કે *ભારત સરકારે વધારે નોટ છાપીને મૂડી ઊભી કરવી,* પણ આ ઉપાય તો મરવાનો રસ્તો છે. સરકાર ચલણી નાણું જેટલું વધારે એટલા પ્રમાણમાં મોંઘવારી વધે અને નાણાંની કિંમત ઘટે. પોતાનું ગંજાવર વિદેશી કરજ ચૂકવવા માટે જર્મનીએ આ રસ્તો ૧૯૨૨-૨૩માં અપનાવ્યો હતો. પરિણામે જર્મનીમાં કૉફીનો એક કપ પીવા માટે લોકોએ થેલીમાં નોટો ભરીને લઈ જવી પડતી. આ કરજ ચૂકવવાનો મક્કમ ઈનકાર કરીને હિટલરે લોકપ્રિયતા મેળવી ને એ *ચાન્સલેર* તરીકે ચૂંટાઈ આવ્યો.

ઔદ્યોગિક પ્રવૃત્તિને ફરીથી શરૂ કરવાનું કામ અતિશય ગૂંચવાયેલું છે. મૂડી નથી અને મજૂરો પોતપોતાના વતનમાં જઈ બેઠા છે. ત્યાં કશી આર્થિક પ્રવૃત્તિ શક્ય નથી. ભારતના શહેરી વિસ્તારોમાં કોરોનાની પકડ જામેલી છે અને આવાં બાવીસ કેન્દ્રમાં દેશની ૫૩ ટકા આર્થિક પ્રવૃત્તિ કેન્દ્રિત થયેલી છે. વતન ગયેલા મજૂરોને પાછા લાવવા અને ભારત સરકારે મૂડી મેળવી આપવી એ બે ભગીરથ કામ આર્થિક તાળું ખોલવા માટે અત્યંત જરૂરી છે.

☐ તસવીરોઃ **પીટીઆઈ**

ચિત્રલેખા જત વિશેષ જણાવવાનું કે...

***કોરોના** લૉકડાઉનને કારણે 'ચિત્રલેખા'ની નિયમિત મુદ્રિત-પ્રકાશિત આવૃત્તિને બદલે છેલ્લાં છએક અઠવાડિયાંથી એની ડિજિટલ આવૃત્તિ વાચકોને પહોંચે છે. વાચકો એને વધાવે પણ છે, પરંતુ અમુક અનિવાર્ય કારણસર ડિજિટલ આવૃત્તિમાં હવેથી અમે કેટલાક નિયમિત વિભાગ-કૉલમ્સનો સમાવેશ કરી શકીશું નહીં. વાચકો, એની નોંધ લઈ દરગુજર કરે.*

- અને હા, 'ચિત્રલેખા'ની ડિજિટલ આવૃત્તિ વાચકો માટે તદ્દન નિઃશુલ્ક-ફ્રી છે. એટલું જ નહીં, તમે એને ડાઉનલોડ કરી અન્યોને પણ ફૉરવર્ડ કરી શકો છો.

હૅપ્પી રીડિંગ...

☐ **તંત્રી**

સોનીએ શરૂ કર્યો શાકભાજીનો ધંધો...

વડોદરા: આજે દેશમાં નાના-મોટા વેપાર-ઉદ્યોગ બંધ છે. જીવનજરૂરતની એક-એક વસ્તુ માટે લોકો હાડમારી ભોગવી રહ્યા છે. લોકોને તો દવા, દૂધ, અનાજ અને શાકભાજી મળે એટલે બસ. *કોરોના*ની મહામારીમાં લોકોને ભૌતિક સુખ યાદ આવતું નથી. સોનાને શ્રેષ્ઠ સંપત્તિ સમજનારા સોના-ચાંદીને ભૂલી ગયા છે. વડોદરામાં **કનુભાઈ સોની** સોના-ચાંદીનો શો-રૂમ ધરાવે છે. શહેરની ઘડિયાળી પોળની કરોળિયા શેરીમાં વર્ષોથી સોના-ચાંદીનો ધંધો કરે છે. કનુભાઈ કહે છે કે બે મહિનાથી શો-રૂમ બંધ છે. એક રૂપિયાની આવક નથી. સાચું પૂછો તો આ વર્ષે ધંધાના નામે નાહી નાખ્યું છે.

બે મહિનાથી આમ બેકાર બેઠેલા કનુભાઈને મે મહિનાના આરંભમાં સમાજસેવા સાથે ધંધો કરવાનો વિચાર આવ્યો. એ માટે મિત્ર હરીશ સોની, બિપિન સોની અને બકુલ સોની સમક્ષ પોતાનો વિચાર રજૂ કર્યો કે આજની પરિસ્થિતિમાં લોકો શાકભાજી માટે મુશ્કેલી વેઠી રહ્યા છે તોય લોકોને તાજી અને વાજબી ભાવે મનપસંદ શાકભાજી મળતી નથી. એ વાત ધ્યાનમાં રાખી સસ્તી, સારી ને સ્વચ્છ શાકભાજીનું વેચાણ શરૂ કરીએ.

ત્રણે મિત્ર નક્કી કર્યા પ્રમાણે બીજે દિવસે મળસકે *ખેતીવાડી ઉત્પાદન માર્કેટ*માં પહોંચી ગયા. માર્કેટમાંથી ચારસો કિલો અલગ અલગ શાકભાજી ખરીદી. એ શાકભાજીને ઘરે લાવી સેનિટાઈઝ કરી. બપોરે પોતાની સોસાયટી અને આસપાસના કૉમ્પ્લેક્સમાં લોકોને એ વિશે જાણ કરી. વેચાણ માટે સાંજનો સમય નક્કી કર્યો. સાથે લોકોને કહ્યું કે *ખરીદી વખતે તમામ નિયમોનું પાલન કરવું પડશે.*

-ને માત્ર બે કલાકમાં ચારસો કિલો શાકભાજી વેચાઈ ગઈ. લોકોને તાજી ને કિફાયત ભાવે શાકભાજી મળી. પરિણામે લોકોએ શાકભાજીનો ધંધો ચાલુ રાખવાની માગણી કરી. લોકોની માગ પૂરી કરવા બીજે દિવસે પણ શાકભાજી ખરીદી અને વેચી. એ ક્રમ થોડા દિવસ ચાલ્યો. એ પછી તંત્ર દ્વારા *ખેતીવાડી ઉત્પાદન માર્કેટ* બંધ કરવાની જાહેરાત થઈ એટલે આ મિત્રો હવે આસપાસનાં ગામોમાંથી ખેડૂત પાસેથી ડાયરેક્ટ શાકભાજી ખરીદીને વેચશે. એ ઉપરાંત, હાલ કેરીની સીઝન છે.

કનુભાઈ કહે છે કે ગીર-તલાલાના અસલ કેસર કેરીના વેપારીઓ સાથે વાત શરૂ કરી છે. સોદો પાકો થશે તો એ કેસર કેરી મગાવી *નહીં નફો-નહીં નુકસાન*ના ધોરણે લોકોને વેચીશું. હા, હાલ તો મારો મૂળ સોના-ચાંદીનો ધંધો પાટે ચઢે એવું દેખાતું નથી.

હવે યુટ્યૂબ પર રેડિયો નાટક

રાજકોટ: લૉકડાઉનની સાથે કેટલાક શબ્દ અત્યંત જાણીતા બન્યા એમાં એક છે: *લાઈવ ઑન એફબી.* બીજો શબ્દ: *યુટ્યૂબ પર લાઈવ.* કવિઓ-કલાકારોએ પડદાને મંચ બનાવી દીધો અને કરી અવનવી રજૂઆત. આવા કાર્યક્રમોમાં તો લીલા ભેગું સૂકુંય ઘણું હતું. જો કે હવે *ઑલ ઈન્ડિયા રેડિયો* પણ પોતાનો ખજાનો લઈને ઑનલાઈન આવી રહ્યો છે.

AKASHWANI RAJKOT

રેડિયો નાટક એટલે ધ્વનિ-સાઉન્ડનું એક બળૂકું માધ્યમ. વાચિક અભિનયનો સૌથી મોટો માપદંડ. વર્ષોથી રેડિયો પર સેંકડો નાટક પ્રસારિત થયાં અને થાય છે. અત્યાર સુધી એ રેડિયોના માધ્યમ થકી જ સાંભળી શકાતાં. હવે એ રેડિયો નાટક *યુટ્યૂબ* પર પણ પ્રાપ્ય બની રહ્યાં છે.

*ઑલ ઈન્ડિયા રેડિયો*ના રાજકોટ સ્ટેશનના આસિસ્ટન્ટ ડિરેક્ટર **વસંત જોશી** *ચિત્રલેખા*ને કહે છે કે *પ્રસાર ભારતી*એ જેમ જૂની ટીવીશ્રેણીનું પ્રસારણ કર્યું એમ અમારા સીઈઓ **શશી વેમ્પતી**નો આ વિચાર છે. વેસ્ટ ઝોનના એડિશનલ ડિરેક્ટર **નીરજ અગ્રવાલ**નું માર્ગદર્શન મળી રહ્યું છે. *યુટ્યૂબ* પર All India Radio Rajkot એવું ટાઈપ કરવાથી આ ચૅનલ ખૂલશે. *રાજકોટ રેડિયો સ્ટેશન* પાસે રેડિયો નાટકનો મોટો વારસો-ખજાનો છે. અત્યાર સુધીમાં અમે ચાલીસ નાટક અપલોડ કરી દીધાં છે. કુલ ૨૦૦ નાટક લાઈબ્રેરીમાંથી શોધી લીધાં છે.

એ ઉમેરે છે કે મનુભાઈ પંચોળી દર્શકનું પ્રખ્યાત નાટક *દીપ નિર્વાણ* અમારી પાસે તેર હપ્તામાં સચવાયેલું છે. રમણલાલ દેસાઈની નવલકથા *ભારેલો અગ્નિ*નું નાટ્યરૂપાંતર પણ અમે કરેલું છે. અત્યારે એ બન્ને *યુટ્યૂબ* પર છે. ૩૫૦૦ શ્રોતાઓએ આ ચૅનલ સબ્સ્ક્રાઈબ કરી છે. એ ઉપરાંત, પણ લોકો સાંભળે છે.

વસંત જોશી ઉમેરે છે કે હવે પછી *આકાશવાણી*ના વિવિધ સંગીત કાર્યક્રમ પણ *યુટ્યૂબ* પર અમે મૂકવાના છીએ. હેમુ ગઢવીના સંગીત રૂપક-સંગીતિકા *કવળાં સાસરિયાં, રંકનું રતન,* વગેરે મૂકીશું. કાનજી ભૂતા બારોટની વાર્તા, સૌરાષ્ટ્રનું લોકસંગીત બધું અમારી પાસે છે. જયદેવનું *ગીત ગોવિંદ* પણ છે અને *ગોપીગીત* પણ અમારા સંગ્રહમાં છે. રેડિયોની *ન્યૂઝ ઑન ઍર* નામની મોબાઈલ ઍપ્લિકેશન પર તો *રાજકોટ સ્ટેશન*ના ૧૦ હજાર કાર્યક્રમ અમે મૂક્યા છે. હવે આ નવા માધ્યમ દ્વારા એ નવા શ્રોતાવર્ગ સુધી લઈ જવાનું આયોજન છે.

કૂંડાળાં પાટણથી આવ્યાં રે લોલ....

પાટણ: દેશભરનાં નાનાં-મોટાં શહેરો-ગામોમાં વિવિધ દુકાન, લારી, ગલ્લા, બજાર, વગેરે પાસે સોશિયલ ડિસ્ટન્સિંગ માર્કનાં સફેદ કૂંડાળાં (કે અન્ય આકાર) જોવા મળે છે. એ કામગીરી હજીય ચાલી રહી છે.

જૂજ લોકો જાણતા હશે કે દુકાન, લારી, ગલ્લા, બજાર, વગેરે જગાએ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવણી માટે સફેદ કૂંડાળાં દોરવાની શરૂઆત ગુજરાતના જાણીતા શહેર પાટણમાં થઈ હતી. પાટણના યુવા કલેક્ટર **આનંદ પટેલ** એ અંગે *ચિત્રલેખા*ને વિગતે વાત કરતાં કહે છે કે ગુજરાત સરકારે બાવીસ માર્ચે લૉકડાઉન જાહેર કર્યું એ દિવસે અમે મીટિંગ યોજી, જેમાં બધા પાસપાસે બેઠા હતા. બાદમાં ૨૪ માર્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવ્યાપી લૉકડાઉન જાહેર કર્યું, જેમાં કોરોના સંક્રમણ અટકાવ માટે સોશિયલ ડિસ્ટન્સિંગ અર્થાત્ સામાજિક અંતર જાળવવા માટે લોકોને અપીલ કરી હતી એથી લૉકડાઉન અમલ અંગે મારી ચેમ્બરમાં મીટિંગ યોજી ત્યારે અમે ત્રણેક ફૂટના અંતરે ખુરસીઓ ગોઠવી હતી એથી મીટિંગમાં ભાગ લેનારા ઘણાને છૂટા છૂટા ખુરસીમાં બેસતી વખતે આશ્ચર્ય થયું. મેં એમને સોશિયલ ડિસ્ટન્સિંગની અનિવાર્યતા સમજાવી. બાદમાં એ જ દિવસે સોશિયલ ડિસ્ટન્સિંગ પાલનના ઉકેલ માટે પ્રયોગ ખાતર પાટણમાં અમુક દુકાનો પાસે ચૂના અને વ્હાઈટ પેઈન્ટથી સફેદ સર્કલ (કૂંડાળાં) દોરાવ્યાં. એક-બે કલાક બાદ જોયું તો લોકો સ્વેચ્છાએ કૂંડાળાંમાં ઊભા રહીને ખરીદી કરતા હતા. એ સફળતાથી પ્રેરાઈને મેં પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઑફિસર મારફતે એમના હસ્તકનાં ગામોમાં સોશિયલ ડિસ્ટન્સિંગ માર્કિંગ કરાવ્યું.

કુનીદ પટેલ

દેશમાં સર્વપ્રથમ કૂંડાળાંનો શિરસ્તો લઈ આવ્યા પાટણના કલેક્ટર આનંદ પટેલ.

વાત આગળ વધારતાં કલેક્ટર આનંદભાઈ કહે છે કે પાટણમાં સોશિયલ ડિસ્ટન્સિંગ માટે કૂંડાળાં કર્યાં એ અંગે મેં પાટણ કલેક્ટરના ઑફિશિયલ ટ્વિટર એકાઉન્ટ પરથી સાંજે ૬:૨૧ વાગે ટ્વીટ કર્યું, જે ટૂંકા કલાકોમાં વાઈરલ થયું. એને બોલીવૂડ મહાનાયક અમિતાભ બચ્ચન, પૂર્વ આઈપીએસ કિરણ બેદી, વગેરે મહાનુભાવે રિ-ટ્વીટ કર્યું. બીજા દિવસે દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે પ્રેસ કૉન્ફરન્સમાં પાટણમાં દુકાનો પાસે કૂંડાળાં દોર્યાનો અમારો ફોટો મિડિયા સમક્ષ દર્શાવ્યો હતો. એ રીતે આ પ્રયોગ સફળ બની ગયો.

કોણ છે આનંદ પટેલ?

સાબરકાંઠાવાસી શિક્ષક દંપતી જશોદાબહેન બાબુભાઈ પટેલને બે પુત્ર. એમાં ડૉ. કૌસ્તુભ પટેલ અમદાવાદમાં યુરોલૉજિસ્ટ અને આનંદ પટેલ પાટણના કલેક્ટર છે. ઈતિહાસ સાથે *બી.એ.* થયેલા આનંદ પટેલ *યુપીએસસી* એક્ઝામમાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થયા. પ્રથમ પોસ્ટિંગ વર્ષ ૨૦૧૦માં કચ્છમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે હતું. દોઢેક વર્ષ બાદ ભરૂચના જિલ્લા વિકાસ અધિકારી બન્યા, જ્યાં શ્રેષ્ઠ જિલ્લા વિકાસ અધિકારીનો એવૉર્ડ મળ્યો. ત્રીજું પોસ્ટિંગ પાટણમાં, જ્યાં ત્રણેક વર્ષથી કલેક્ટર છે. એમને જળ સંચય પ્રવૃત્તિ માટે કેન્દ્ર સરકારનો *નૅશનલ વૉટર* એવૉર્ડ તથા ચૂંટણીપંચ દ્વારા *ગુજરાતના શ્રેષ્ઠ જિલ્લા ચૂંટણી અધિકારી* એવૉર્ડ મળ્યો છે.

સોશિયલ ડિસ્ટન્સિંગ માટે કૂંડાળાનો પાટણમાં થયેલો પ્રયોગ સ્વીકૃત બની રાતોરાત દેશમાં પ્રસર્યો. એના પ્રેરક પાટણ કલેક્ટર આનંદ પટેલ કહે છે કે લોકોને વ્યવસ્થા કરી આપો તો એ એનું સરળ અનુસરણ કરે છે. અમે પાટણ જિલ્લામાં દસેક લાખ રેશન કાર્ડધારકોને રેશન આપ્યું. એ સૌ કૂંડાળાંમાં ઊભા હતા.

હાઉસ ઑફ કીચનવેર
ગ્લેર
આપનો હરહંમેશનો સાથી

માઈલસ્ટોન

□ લાસ વેગાસના હોટેલ કર્મચારીઓ વાર્ષિક *હાઉસકીપિંગ ઑલિમ્પિક્સ* યોજે છે, જેમાં પથારી કરવાની સ્પર્ધા, કાગળના ટુકડા વીણવાની રેસ અને ટોઈલેટ પેપર ઉછાળવાની પ્રતિયોગિતા જેવાં આયોજન હોય છે.

□ માર્ચ, ૨૦૨૦માં સ્પેનમાં પોલીસને અનેક રિપોર્ટ્સ એવા મળ્યા કે *જીવતો સિંહ ખુલ્લેઆમ ફરી રહ્યો છે...* પણ જ્યારે એ પકડાયો ત્યારે ખયાલ આવ્યો કે એ બરાબર *હેરકટિંગ* ન પામેલો એક શ્વાન છે!

□ થાઈલૅન્ડમાં સિલા સુથારટ નામના ફેરિયા કાકા ૨૦ વર્ષથી રસ્તા પર સોલાર *ચિકન* બનાવીને વેચે છે. એમણે ૧૦૦૦ આયના ભેગા કરીને મોટી કાચની દીવાલ ઊભી કરી છે, જે સૂર્યપ્રકાશને ઝીલી એમનું ચિકન માત્ર ૧૨ મિનિટમાં પકવી નાખે છે.

□ તાજેતરમાં સંશોધકોએ ૫૭૦૦ વર્ષ જૂની એક ચ્યુઈંગ ગમ પર મળેલા *ડીએનએ* પરથી એવું શોધી કાઢ્યું કે એ ચ્યુઈંગ ગમ ખાનાર સ્ત્રી હતી ને શ્યામ ચામડી ધરાવતી હતી.

GLARE®
Your Companion Forever
Joy of Serving
Melamineware
glareindia
glareindia
PURE
100%
MELAMINE
DINNERWARE

સેવાનો સંતોષ...

અમદાવાદ: લૉકડાઉનને કારણે રોજ કમાઈને રોજ ખાનારા પરિવારો મુસીબતમાં મુકાઈ ગયા છે. ઑટોરિક્ષા ચલાવી જીવન-ગુજરાન ચલાવતો એક મોટો વર્ગ છે. સ્વમાનપૂર્વક પોતાની રોજગારી મેળવતા લાખો રિક્ષાચાલકો હાલની પરિસ્થિતિમાં આવક વગર સંકટમાં આવી ગયા હોવા છતાં મદદ કરવાની ભાવના, માનવતા અને ખુમારી એમણે અકબંધ જાળવી રાખી છે.

કોરોનાની મહામારીમાં અમદાવાદ શહેરના રિક્ષાચાલકોનાં જુદાં જુદાં સંગઠનો સમગ્ર તંત્રને મદદરૂપ થવા આગળ આવ્યાં. લૉકડાઉનમાં પોલીસ અધિકારીઓને મળી *અમેય સેવા આપીશું* એવી રજૂઆત કરી. પોલીસતંત્ર દ્વારા અમદાવાદ શહેરનાં ૪૦ જેટલાં પોલીસસ્ટેશનમાં ૧૦૦ જેટલી રિક્ષાઓની મદદ લેવામાં આવી છે. શહેરના પોલીસસ્ટેશન વિસ્તારોમાં રિક્ષાઓ પર લાઉડ સ્પીકર લગાડી *કોરોના મહામારી શું છે... એમાં નાગરિકોએ શું સાવચેતી રાખવાની છે...* એવી સતત સૂચનાઓ આપવામાં આવી રહી છે.

રિક્ષાચાલકોના એક આગેવાન **રાજવીરભાઈ** *ચિત્રલેખા*ને કહે છે કે શહેરના જુદા જુદા પોલીસસ્ટેશન વિસ્તારમાં શેરી, મહોલ્લા, સોસાયટીઓમાં મંજૂરી આપવામાં આવેલી રિક્ષાઓ સેવા આપી રહી છે. *અદાણી ગૅસસ્ટેશન*માંથી એક રિક્ષાદીઠ રોજના બે કિલો ગૅસ પૂરી આપવામાં આવે છે. આખાય શહેરના જુદા જુદા વિસ્તારોમાં ફરતી રિક્ષાઓ દ્વારા લોકજાગૃતિ ફેલાવવામાં તંત્રને મોટી સફળતા મળી છે. જે વિસ્તારમાંથી સૂચનાઓ આપતી અમારી રિક્ષા પસાર થાય એ વિસ્તારમાં દુકાનો, લારીઓ પર સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ થઈ જાય છે. બીજું, જરૂરી કામ વગર લોકો બહાર નીકળવાનું ટાળે છે. કારણ વગર એકઠાં થયેલાં ટોળાં વિખેરાઈ જાય છે.

વેલ, રિક્ષાચાલકોનાં જુદાં જુદાં સંગઠનોએ હાલની પરિસ્થિતિમાં બેકારી ભોગવી રહેલા ઑટોરિક્ષાચાલકો માટે પણ વળતર-સહાયતાની માગ કરી છે.

રૂપિયા ત્રણ કરોડની અનોખી પ્રેરણા...

તલગાજરડા: કોઈને આપી શકાય એવી અત્યંત અમૂલ્ય વસ્તુ કઈ? અનેક જવાબ હોઈ શકે. એક જવાબ છેઃ *પ્રેરણા.*

જો આપનારા શુદ્ધ હોય ને ઝીલનારા સમર્થ હોય તો પ્રેરણા બહુ મોટું કામ કરે. આવી એક પ્રેરણાને લીધે કોરોના મહામારી દરમિયાન રૂપિયા ત્રણ કરોડની સહાય સમાજના વિવિધ વર્ગ સુધી પહોંચાડવાનું કાર્ય થયું છે.

એ પ્રેરણા છે *ચિત્રકૂટધામ* તલગાજરડાની, એ પ્રેરણા છે વ્યાસપીઠની અને એના પરથી કથા કહેતા **મોરારિબાપુ**ની.

કોરોના સમયમાં લોકોએ-સંસ્થાઓએ અઢળક સેવા કરી અને હજી ચાલી રહી છે. મોરારિબાપુ પ્રેરિત *ચિત્રકૂટધામ ટ્રસ્ટ* અને એમના કથાશ્રોતા-યજમાન તરફથી પણ એમાં યોગદાન આપવામાં આવ્યું છે. બાપુના વ્યક્તિગત માર્ગદર્શનમાં આ સેવાયજ્ઞ ચાલી રહ્યો છે. લંડનસ્થિત *ગૉડ ઈઝ માય સાઈલન્ટ પાર્ટનર* નામક સંસ્થા ચલાવતા **રમેશભાઈ સચદેવે** મોરારિબાપુની પ્રેરણાથી રૂપિયા એક કરોડ *વડા પ્રધાન કૅર ફંડ*માં માર્ચ મહિનામાં આપ્યા હતા. મહુવા તાલુકાના વંચિત પરિવાર, રાજસ્થાનના લોકગાયકો સહિતનાને રોકડ ને અનાજની સાત હજારથી વધારે કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું.

કોરોના વૉરિયર્સ એવા પોલીસ, મેડિકલ સ્ટાફ, સફાઈકર્મીઓ માટે રૂપિયા છ લાખની *પીપીઈ કિટ* પહોંચી. અલંગમાં મજૂરો માટે *ભૂખ્યાને ભોજન સંસ્થા*એ શરૂ કરેલાં રસોડાં માટે પણ *ચિત્રકૂટધામ*થી રૂપિયા દોઢ લાખની સહાય પહોંચાડવામાં આવી છે. બનારસ, મુંબઈ, સુરતની ગણિકાઓને અનાજ અને જીવનજરૂરી વસ્તુની કિટ પહોંચાડવામાં આવી. વિશાખાપટ્ટનમમાં થયેલા ગૅસ-ગળતરમાં મૃત્યુ પામનારાના પરિવારજનને રૂપિયા એક-એક લાખ એટલે કે કુલ અગિયાર લાખ તથા ઔરંગાબાદમાં રેલવેટ્રૅક પર કચડાઈ ગયેલા શ્રમિકોના પરિવારને પાંચ-પાંચ હજાર રૂપિયાની સહાય પહોંચી છે.

બાપુ કથામાં ઘણી વાર કહેઃ *બાવો બીજું તો શું આપી શકે...* પરંતુ એમના શબ્દોથી, અનુરોધથી પ્રેરાઈને કેટલા લોકો કેટલું આપે છે એની આ નાની યાદી છે. એ પોતે પણ દરરોજ કોઈ એક વિષયને કેન્દ્રમાં રાખી હરિકથા ઑનલાઈન કહે છે, જેનું પ્રસારણ *આસ્થા* ચૅનલ અને *યુટ્યૂબ* દ્વારા ૧૭૦ દેશમાં થાય છે.

લો, ૧૦૦ વર્ષનાં શાંતાબાને દીકરો મળ્યો...

સુરતઃ અહીંના નાના વરાછા વિસ્તારમાં ચોપાટીની બહાર પાણીની બૉટલ વેચતાં આ ૧૦૦ વર્ષી મહિલા શાંતાબાનો વિડિયો અને ફોટો સોશિયલ મિડિયામાં બહુ વાઈરલ થયા હતા.

આ તો લૉકડાઉન પહેલાંની વાત, પણ હાલ લૉકડાઉન દરમિયાન એમના વિડિયો એક યુવાન સાથે ફરી ફરતા થયા છે.

કોણ છે આ શાંતાબા?

સુરતના વરાછા વિસ્તારમાં એક ચોપાટી આવી છે. આ ચોપાટીની બહાર રસ્તા પર ચહેરા પર કરચલી અને કમરથી થોડાં વળી ગયેલાં માજી પાણીની બૉટલ વેચતાં હતાં. આમ તો આ વિસ્તારમાં એ રોજનું દૃશ્ય, પણ એમની ઉંમર અને આ રીતે કામ કરવાની જિજીવિષા અનેકને પ્રેરણા આપે એવી છે.

જો કે આ તરફ, નાની ફિલ્મ બનાવતા, ગરબા શીખવતા અને વિડિયો એડિટિંગનું કામ કરતા રજની આહીર ઉર્ફે પોપટભાઈએ આ આખી વાતને અલગ જ પરિપ્રેક્ષ્યમાં જોઈ. એણે શાંતાબાની હિંમત ને મહેનતનો એક વિડિયો બનાવ્યો અને એ સોશિયલ મિડિયા પર વહેતો કર્યો. શાંતાબા સાથે પોપટભાઈએ કરેલી વાત લોકોને બહુ સ્પર્શી ગઈ. ૧૦૦ વર્ષનાં બાએ આયુષ્ય ટકાવી રાખવા કેવી મહેનત કરવી પડે એ મજબૂરી અનેક લોકોને સમજાઈ.

પોપટભાઈ કહે છે કે મેં અને રાજ કારિયાએ મિત્રોને ભેગા કરીને એક નાનકડું એચઆરકે હેલ્પ ગ્રુપ બનાવ્યું છે. લોકોની મદદ માટે જ અમે આ ગ્રુપ બનાવ્યું છે, જેણે શાંતાબાની તમામ જવાબદારી ઉપાડી લીધી છે અને અમે અઠવાડિયે એક-બે વખત એમને મળવા પણ જઈએ છીએ. અમારું ગ્રુપ લૉકડાઉનના બે મહિના પહેલાં જ બન્યું હતું. અમે મિત્રો અમારી કમાણીનો અમુક હિસ્સો વાપરીએ છીએ અને સોશિયલ મિડિયા પર અનેક સંદેશા ને લોકજાગૃતિ વિડિયો મૂકીએ છીએ. આ માધ્યમથી જેમને જરૂર છે એવા લોકો અને લોકોને મદદ કરનારા લોકો અમારો સંપર્ક કરે છે. આમ સોશિયલ મિડિયાના માધ્યમથી અમે સેવા કરતા રહીએ છીએ.

આમ બહુ બદનામ અને વગોવાયેલા સોશિયલ મિડિયાનો ઉપયોગ કરીને સેવાનું એક ઉત્તમ કામ કઈ રીતે થઈ શકે એનું આ એક વધુ ઉદાહરણ છે.

અવિરત ઊડી રહી છે સખાવતની સુવાસ...

અમદાવાદઃ સરકાર અને સમાજસેવકો તમામ શક્તિ લગાવીને કોરોનાની મુસીબત સામે લડી રહ્યાં છે. વ્યક્તિગત રીતે પણ ઘણા લોકો ને પરિવારો પોતાનો ફાળો નોંધાવી રહ્યા છે. એવી જ સમાજસેવામાં લાગેલા છે અમદાવાદના મેહુલ મહેતા ને એમના મિત્રો.

વાત થઈ રહી છે આ લોકોના વ્યક્તિગત સાહસની, જે છેલ્લા એક મહિનાથી દરરોજ હજારો બેઘર ને જરૂરતમંદ લોકોને બે ટંકનું જમવાનું પૂરું પાડી રહ્યા છે.

બન્યું એવું કે કોરોનાને લીધે લૉકડાઉનમાં સપડાયેલા અમદાવાદમાં સરકારી મદદ વ્યવસ્થિત થાય એ પહેલાં જ લાખો લોકો રસ્તે રઝળતા થઈ ગયા હતા ને બીજા લાખો લોકો ઘર-ઝૂંપડાં હોવા છતાં પાંચ-સાત દિવસ પછી ભૂખે મરે એવી સ્થિતિમાં મુકાઈ ગયા હતા. અમદાવાદના મેહુલ મહેતાને એમના મિત્રનો ફોન આવ્યો કે *આ સ્થિતિમાં આપણા જેવા સૌએ બને એ કરવું જોઈએ...* અને શરૂ થયું આ સ્વયંસેવકોનું રસોડું. *ઝાલાવાડ સર્વ કલ્યાણ ટ્રસ્ટ*ના નેજા હેઠળ મેહુલભાઈ ને એમના મિત્ર પ્રવીણ શાહે આ કામ આગળ વધાર્યું.

મેહુલ મહેતા *ચિત્રલેખા*ને કહે છેઃ

‘એક લાખથી વધારે લોકો બેઘર છે ને દસ લાખથી વધારે ભૂખ્યા. મિત્ર પાસે એવી ટીમ હતી કે જે સાવચેતીઓ સાથે જરૂરતમંદોને ખાવાનું પહોંચાડી શકે. અમે રાતોરાત નક્કી કરી વ્યવસ્થા ને રસોડું ઊભું કર્યું. ૧૨ એપ્રિલે બારસો ફૂડ પૅકેટ્સ બનાવીને વહેંચ્યાં ને આજ સુધી એ સેવા અવિરત ચાલી રહી છે. હવે તો રોજનાં ચાર હજાર ફૂડ પૅકેટ્સ જઈ રહ્યાં છે. ચંદ્રનગર પાસે ઝાલાવાડ સમાજની વાડીમાં અમે રસોડું કર્યું છે. રોજ બાવીસ મિત્રની ટીમ અમદાવાદના નક્કી કરેલા પૉઈન્ટ્સ પર ફૂડ પૅકેટ્સ પહોંચાડે છે. કુલ ૩૦થી વધુ મિત્રો આ કામમાં જોડાયેલા છે. અત્યાર સુધી ૪૦,૦૦૦થી વધારે ફૂડ પૅકેટ્સ જરૂરતમંદોને પહોંચાડ્યાં છે. સમાજના અગ્રણીઓ, વિદેશનાં સગાંસંબંધીઓના સંપર્કમાંથી અનેક મિત્રોએ આર્થિક અનુદાન આપી આ કામમાં હાથ વધાર્યો છે.’

ખાસ કરીને જ્યારે બીજાં ઘણાં સમાજસેવી સંસ્થાનો ને સરકારી કાર્યક્રમો મહિનાની સેવા પછી મંદ પડ્યાં છે ત્યારે આમ અવિરત ચાલતી આવી સેવાપ્રવૃત્તિનું મહત્ત્વ આગવું બની જાય છે.

સમ્માનમાં શું મળતું હશે આ પોલીસને?

સુરત: લૉકડાઉન દરમિયાન પોલીસના અનેક ચહેરા સામે આવ્યા છે અને મિડિયા ને સોશિયલ મિડિયામાં એ ઉજાગર પણ થયા છે. સમાજની જેમ જ પોલીસમાં પણ સારા-નરસા માણસો હોય એ સ્વાભાવિક છે. કોઈ માનવતા મહેકાવતું રહે છે તો કોઈ સામાન્ય માણસને પીડતું રહે છે. સુરતમાં પણ પોલીસનાં અનેક રૂપ સામે આવ્યાં છે. કોઈએ લોકોને મદદ પહોંચાડી તો એક મહાશય દારૂની ખેપ મારતા પકડાયા. એક તો વળી દારૂની મહેફિલ માણતાં પણ પકડાઈ ગયા હતા તો ફરજ પર હાજર અનેક પોલીસે ત્યાં પોતાની સંવેદનશીલતા અને માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

*કોરોના ફ્રન્ટ વૉરિયર્સ*નું સમ્માન કરવાનું વડા પ્રધાને એક દિવસ માટે કહ્યું હતું એ સતત ચાલતું જ રહ્યું છે. કાયદાનું કડક પાલન કરાવતી પોલીસનું સમ્માન કરવા ઘણી સોસાયટી આગળ આવતી એ ત્યાં સુધી કે મ્યુનિસિપલ કમિશનરે આવાં જાહેર સમ્માન ન કરવાની સૂચના આપી.

આ વાત એટલા માટે ચર્ચામાં આવી છે કે લૉકડાઉનની શરૂઆતથી જ માનવસેવામાં એક અવિરત રસોડું ચલાવી અને અનાજની અસંખ્ય કિટનું વિતરણ કરીને ચર્ચામાં રહેલા સુરત ટ્રાફિક પોલીસના એસીપી એ.પી. ચૌહાણ આવું જ એક સમ્માન લેવા જતાં વિવાદમાં આવ્યા છે. રાત્રિના સમયે મહિધરપુરા વિસ્તારમાં એમનું સમ્માન થયું ત્યારે એ પોતે જ માસ્ક વગર પહોંચ્યા. એવું જ એમણે બીજી સોસાયટીમાં પણ કર્યું. લોકો માસ્ક પહેરીને અંતર રાખીને ઊભા હતા, પણ ખુદ એસીપી માસ્ક વગર હતા!

ઠેર ઠેર પોલીસકર્મીઓનાં જેટલાં સમ્માન થયાં એમાં કાયદાપાલકોએ જ કોરોનાના કાયદાનો ભંગ કર્યો!

બીજો એક બનાવ બન્યો સાગરમપુરાના કૈલાસનગરમાં. અહીં તો જાણે કોરોનાનો ઉત્સવ જેવો માહોલ હતો. પોલીસ, પેરા-મિલિટરી, તબીબો, સફાઈકર્મી બધા ચાલતા હતા અને આસપાસ લોકો તાળીઓ પાડતા હતા, ઍપાર્ટમેન્ટની ગૅલરીમાંથી ફૂલ ફેંકતા હતા. એ વિસ્તારમાં વિશાળ રંગોળી કરી હતી અને બધા સમ્માનનો આનંદ લેતા હતા. ૨૦૦થી વધુ લોકો હતા ને બધું પોલીસની હાજરીમાં અને પોલીસ માટે, છતાં આ *ઉત્સવ*ની ટીકા થઈ તો બીજા દિવસે ખુદ પોલીસે સમ્માન કરનારા કૈલાસનગરના *ટોળા* સામે પોલીસફરિયાદ દાખલ કરી દીધી.

બોલો, સમ્માન પણ લીધું ને સામે ફરિયાદ પણ ફટકારી!

આશ્ચર્યની વાત એ છે કે જ્યાં જ્યાં પોલીસનું સમ્માન થયું એ જગ્યાએ ફૂલ પહોંચી જાય છે છેક પાંચમા માળ સુધી! બજાર બંધ છે. શાકભાજી અને ફળ પણ મળવાં મુશ્કેલ પડે છે. મંદિર અને મજાર ફૂલ વગરનાં છે ત્યારે પોલીસને વધાવવા માટેનાં ફૂલ ક્યાંથી આવી જતાં હશે?

પૂર્વઆયોજન મુજબનાં આ સમ્માન હાલ તુરંત તો ઉપરી અધિકારીએ બંધ કરાવ્યાં, પણ એ પહેલાં અનેક સોસાયટીમાં ખાખી વર્દીવાળા તો *સિંઘમ*, *સિમ્બા* જેવાં ગીતનાં બૅકગ્રાઉન્ડમાં સમ્માન લઈ આવ્યા છે.

□ મહેશ શાહ–સુનીલ મેવાડા–પ્રજ્ઞેશ વ્યાસ (અમદાવાદ)
□ જ્વલંત છાયા (રાજકોટ) । ફયસલ બકીલી (સુરત)
□ ગોપાલ પંડ્યા (વડોદરા)

Now Buy online...
Ele. Gas Lighter
Ace
be a proud owner
Mfrs: Glare Cutlery Private Limited | e store: store.glarecutlery.com

કોરોના તેરે કારણ... 'ગુજરાતી પત્રકાર સંઘ (મહારાષ્ટ્ર)'ની સ્થાપના...

સમગ્ર વિશ્વ માટે *કોરોના* વાઈરસને લઈને મહામારીનું સંકટ સર્જાયું છે. આના પરિણામે હવે આવનારા દિવસોમાં આર્થિક સંકટ પણ વધુ વિકટ બનશે. આ આર્થિક મંદીની સીધી કે આડકતરી અસર અખબારજગત એટલે કે પ્રિન્ટ મિડિયાને થઈ રહી છે. ખાસ કરીને દૈનિક પેપરો અને સામયિકો-મૅગેઝિનોમાં કાર્યરત પત્રકાર-કર્મચારીઓ એનો ભોગ બની રહ્યા છે. હાલમાં કોરોનાને લઈને અખબાર-મૅગેઝિનનું મુદ્રણ-પ્રકાશન ખોરંભે ચઢ્યું છે-થંભી ગયું છે. જો કે પ્રકાશનગૃહના માલિકો અને પત્રકારો તેમ જ કર્મચારીઓ ડિજિટલ આવૃત્તિ થકી વાચકોને સતત સમાચાર-માહિતી પહોંચાડી રહ્યા છે. પ્રિન્ટિંગ બંધ થવાને કારણે જાહેરખબરો નહીંવત્ થઈ ગઈ છે. પરિણામે પ્રિન્ટ મિડિયા સાથે સંકળાયેલા કર્મચારીઓ આર્થિક રીતે સહન કરી રહ્યા છે. આવનારા દિવસોમાં એમની સ્થિતિ વધારે વિકટ બનશે એવો વિચાર *મુંબઈ સમાચાર*ના તંત્રી નીલેશ દવેને આવ્યો. પછી વરિષ્ઠ પત્રકારો સાથે ચર્ચા કર્યા બાદ ગુજરાતી પ્રિન્ટ મિડિયામાં કામ કરતા પત્રકારો સહિત નાના-મોટા કર્મચારીઓને આ સંકટ સમયમાં મદદરૂપ થવાના આશય સાથે *ગુજરાતી પત્રકાર સંઘ, (મહારાષ્ટ્ર)*ની સ્થાપના કરવામાં આવી છે.

આ સંગઠનમાં અગ્રણી અખબારના તંત્રી અને પત્રકારો સંકળાયેલા છે. આ સંઘ દ્વારા હાલમાં તથા ભવિષ્યમાં આવી વિકટ પરિસ્થિતિમાં આર્થિક સંકટનો ભોગ બનતા પત્રકાર કે કર્મચારીઓને મદદરૂપ થવા ભંડોળ ઊભું કરવા ઉપરાંત ભવિષ્યમાં પત્રકારોનાં હિતમાં નક્કર કાર્ય કરવાનું છે. આ સંઘમાં મહારાષ્ટ્રમાં વસતા, કામ કરતા ગુજરાતી પ્રિન્ટ મિડિયાના તમામ વર્ગને સમાવી લેવામાં આવશે.

આ સંબંધમાં દરેક અખબાર-સામયિકમાંથી એક કે વધુ પ્રતિનિધિને સમાવીને એક કમિટીની રચના કરવામાં આવી છે.

આ કમિટીમાં *મુંબઈ સમાચાર*ના તંત્રી **નીલેશ દવે**, *ચિત્રલેખા*ના તંત્રી **ભરત ઘેલાણી**, *ગુજરાત સમાચાર*ની મુંબઈ આવૃત્તિના ઈન-ચાર્જ **ભાલચંદ્ર જાની**, **પ્રફુલ્લ શાહ** *(મુંબઈ સમાચાર)*, જાણીતા કૉલમિસ્ટ **આશુ પટેલ**, **હીરેન મહેતા** *(ચિત્રલેખા)*, **બિમલ મહેશ્વરી** *(જન્મભૂમિ)*, **અનિલ રાવલ** *(મુંબઈ સમાચાર)*, **ગીતા માણેક** (કૉલમિસ્ટ), **કુનેશ દવે** *(ગુજરાત સમાચાર)*, **પૂજા શાહ** *(મુંબઈ સમાચાર)*, **વિપુલ વૈદ્ય** *(મુંબઈ સમાચાર)* અને **પ્રકાશ બાંભરોલિયા** *(મિડ-ડે-ગુજરાતી)*નો સમાવેશ થાય છે.

☐ નીકિતા

ચિત્રલેખાના સહયોગથી **કચ્છશક્તિ** આયોજિત નિબંધસ્પર્ધા

વિષય: **નારી નિર્ભય કેવી રીતે બની શકે?**

આપણા સમાજમાં એક તરફ એમ કહેવાય કે જ્યાં નારીની પૂજા થાય ત્યાં દેવોનો વાસ હોય છે તો બીજી તરફ આપણાં શહેરોમાં, શિક્ષણસંસ્થાઓમાં, ઑફિસોમાં, ગામડાંઓમાં, ઘરોમાં પણ સ્ત્રીઓ સલામત હોતી નથી. એમણે સતત સાવચેત રહેવું પડે છે. છેડતીથી લઈને બળાત્કારની બીક-ભય સાથે જીવવું પડે છે. નારી નિર્ભય બનીને મુક્તપણે હરી-ફરી શકે એ માટે માત્ર સરકારે નહીં, પણ પુરુષો, સ્ત્રીઓ તેમ જ સમગ્ર સમાજે શું શું કરવું જોઈએ? કેવાં કેવાં પગલાં લેવાં જોઈએ? જેથી મહિલા ભયરહિત જીવન જીવી શકે.

આ અંગે આપ શું માનો છો? વિચારો ને ઉઠાવો કલમ અને **નારી નિર્ભય કેવી રીતે બની શકે?** આ વિષયને ધ્યાનમાં રાખીને લખો એક નિબંધ.

આપનો નિબંધ ફુલસ્કેપ અથવા એ-ફોર સાઈઝના કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે (ટાઈપ કરેલો નહીં) લખેલો હોવો જોઈએ. નિબંધ લખનારે પોતાનો એક ફોટો, નામ-સરનામું, ઉંમર, મોબાઈલ નંબર, ઈ-મેઈલ ઍડ્રેસ, વગેરે એક અલગ કાગળ પર લખીને નિબંધ સાથે મોકલવો..

નિબંધ આ ઈ-મેઈલ પર પણ મોકલી શકાય:
hemrajvshah@gmail.com

આ સ્પર્ધા અંગે નિર્ણાયકોનો નિર્ણય છેવટનો અને પ્રત્યેક સ્પર્ધકને બંધનકર્તા રહેશે.

સ્પર્ધામાં પ્રથમ ઈનામ માટે **૧૧,૦૦૦** રૂપિયા, દ્વિતીય ઈનામ માટે **૭૦૦૦** રૂપિયા, તૃતીય ઈનામ માટે **૫૦૦૦** રૂપિયા અને એક-એક હજાર રૂપિયાનાં આશ્વાસન ઈનામ રહેશે. નિબંધ મોકલવાની છેલ્લી તારીખ **૨૨ મે, ૨૦૨૦** છે.

નિબંધ મોકલવાનું સરનામું:

હેમરાજ શાહ, કચ્છશક્તિ, રેખા પ્રકાશન,
૪૧, કરેલ વાડી, ઠાકુર દ્વાર, મુંબઈ: ૪૦૦૦૦૨.

વિજેતા સ્પર્ધકોને અષાઢી બીજ-કચ્છી નવા વર્ષની ઉજવણી પ્રસંગે મંગળવાર તારીખ ૨૩ જૂન, ૨૦૨૦ ના રોજ *યોગી સભાગૃહ*, દાદર (મુંબઈ) ખાતે ઈનામો આપવામાં આવશે.

સ્પર્ધાના અન્ય નિયમો માટે સંપર્ક:
હેમરાજ શાહ
મોબાઈલ: ૦૯૮૨૧૧૨૨૨૩૬

શું હવે ફરી તોબા બોલાવશે તીડ?

કોરોના સામે જંગે ચડેલા ભારત માટે પૂર્વ આફ્રિકાના દેશોની જેમ વધુ એક મોટી સમસ્યા બની શકે છે તીડનાં ઝુંડ...

સુનીલ મેવાડા (અમદાવાદ)

ગયા વર્ષે ગણ્યા ગણાય નહીં ને અટકાવ્યા અટકે નહીં એવી મોટી માત્રામાં બનાસકાંઠાના પાક પર તીડનું ઝુંડ ત્રાટક્યું હતું. ખેડૂતોએ ભારે નુકસાની વેઠવી પડી હતી. તીડના ઝુંડને કાબૂમાં લેવા સામ-દામ-દંડ-ભેદ અજમાવી અંતે સરકારે શિક્ષકોને પણ તીડને મારવાની ડ્યુટી પર મોકલી આપવા પડ્યા હતા. આ બધાના પરિણામે તંત્રએ ખૂબ ટીકાનો સામનો કરવો પડ્યો હતો ને સમાચારોમાં ગાજ્યાં હતાં *તીડ... તીડ... તીડ.*

જો કે નિષ્ણાતોએ ત્યારે જ કહ્યું હતું એમ ગયા વર્ષે તીડનું આક્રમણ છેલ્લા ઘણા દાયકાઓનું સૌથી મોટું આક્રમણ હતું, પણ એ માત્ર ચેતવણી હતી આવનારાં વર્ષો માટેની. આ વર્ષે એનાથી મોટી તીડ-હોનારત માટે ખેડૂતો અને તંત્રએ કમર કસવાની છે, જેની પહેલી ચેતવણી તાજેતરમાં *લોકસ્ટ વૉર્નિંગ ઑર્ગેનાઈઝેશન* (એલડબ્લ્યુઓ)એ આપી છે. એપ્રિલ મહિનામાં રાજસ્થાન ને પંજાબમાં તીડનાં પ્રાથમિક ઝુંડ જોવા મળ્યાં હતાં ને છેલ્લા અઠવાડિયાથી ગુજરાતના બનાસકાંઠામાં પણ તીડનાં ઝુંડ પ્રવેશી ચૂક્યાં છે. આ તીડ હવે સંવનનમાંથી પસાર થઈ એમની સંખ્યા અનેકગણી કરવા લાગશે. રાજસ્થાનમાં જોવા મળેલાં તીડ એ જ પ્રજાતિનાં તીડ છે, જે પૂર્વ આફ્રિકામાં સેંકડો એકરના પાકને નુકસાન પહોંચાડી ચૂક્યાં છે. પૂર્વ આફ્રિકાથી છેક ભારત સુધી કેવી રીતે આવ્યાં આ વેંતભર્યાં તીડ?

વેલ, તીડના આ લાંબા માઈગ્રેશન વિશે સમજીએ એ પહેલાં આખી પરિસ્થિતિ સમજી લઈએ.

ભારતનાં પશ્ચિમી રાજ્ય, રાજસ્થાન-ગુજરાત-પંજાબમાં તીડની સમસ્યા નવી નથી, પણ ગયા વર્ષથી આ સમસ્યાએ ચિંતાજનક વિરાટ રૂપ લઈ લીધું છે. જુલાઈથી ઑક્ટોબરમાં તીડ ભારત-પાકિસ્તાન બન્ને દેશમાં પાકને નુકસાન કરવા ત્રાટકતાં હોય છે, પણ એનો આગોતરો સામનો થઈ શકે છે. ગયા વર્ષે અચાનક ઝુંડની સંખ્યામાં હજારો ગણો વધારો થઈ જતાં ભારે નુકસાન વેઠવું પડ્યું હતું અને હવે આ વર્ષે તો ત્રણ-ચાર મહિના પહેલાં એટલે કે એપ્રિલમાં જ તીડનાં ઝુંડ સક્રિય થઈ ગયાં હોવાથી જોખમ વધુ ઘેરાયું છે.

ડેઝર્ટ લોકસ્ટ કે *રણતીડ* તરીકે ઓળખાતાં સામાન્ય તીડ સુક્કા ને ઘાસવાળા વિસ્તારોમાં સહજ જોવા મળે છે. એ જ્યાં સુધી પહેલા તબક્કામાં હોય ત્યાં સુધી નુકસાનકારક નથી મનાતાં, પણ બીજા તબક્કામાં એ દાનવ જેવું રૂપ લઈ લે છે. પહેલા તબક્કામાં તીડ લીલા રંગનાં હોય છે. છૂટાંછવાયાં કે સ્વતંત્ર રીતે વિહરતાં હોય છે. બીજા તબક્કામાં એ જ તીડ પુખ્ત બની મોટાં ઝુંડ બનાવે છે ને ગુલાબી કે પીળા રંગનાં થતાં જાય છે. મોટા ઝુંડને લીધે એમનું વર્તન બદલાય છે ને ક્ષમતા વધી જાય છે. આખું ઝુંડ એક દિવસમાં પવનની દિશા પ્રમાણે ૧૫૦થી ૩૦૦ કિલોમીટરની ઝડપે ગતિ કરી માર્ગમાં આવતા તમામ અનાજ-પાકનો સફાયો કરી દેવા સક્ષમ હોય છે. ઘાસવાળા વિસ્તારમાં રાતવાસો કરી, સવારે ત્રણ કલાક તડકો લઈ, ફરી તીડનો કાફલો અવિરત ગતિએ આગળ ધસે છે. તીડનાં ઝુંડ બની ગયા પછી દર પંદર દિવસે સંવનન થાય છે. એક માદા તીડ આશરે ૯૦ દિવસના એના જીવનમાં ત્રણ વાર ૬૦થી ૮૦ ઈંડાં આપી દે છે. એક ચોરસ કિલોમીટરમાં ચારથી આઠ કરોડ તીડ ફેલાઈ શકે છે. આ થઈ તીડની સમસ્યા સમજવા માટેની સામાન્ય જાણકારી.

એક વાર તીડ ત્રાટકે પછી એ ઝડપથી ચોતરફના વિસ્તારમાં ફેલાવા માંડે આમ તીડ વિસ્તરી ગયા પછી દવા કે છંટકાવ દ્વારા એમને કાબૂમાં લેવા મુશ્કેલ છે. એમનાં ઈંડાંનો જ નાશ કરવો પડે.

હવે તીડની સમસ્યા વધવાનું કારણ શું?

કેટલાંક વર્ષોથી પૂર્વ આફ્રિકા તરફ ને અન્ય ખંડમાં પણ વાવાઝોડાનું પ્રમાણ વધ્યું છે, જેને લીધે સુક્કા રણવિસ્તારોમાં ભેજ વધ્યો છે. વિશાળ સુક્કા પ્રદેશોમાં ભેજ વ્યાપવાને લીધે ત્યાં તીડની સંખ્યા વધવા લાગી છે. તીડનો મુકાબલો કરવાની તૈયારી યોગ્ય સમયે ન થઈ શકે તો અનાજની ભારે અછત સર્જાઈ શકે છે ને એ માટે જ વિશ્વના દેશો વચ્ચે સતત માહિતીની આપ-લે ચાલતી હોય છે. કેન્યાએ છેલ્લાં ૭૦ વર્ષનો સૌથી મોટો તો ઈથિયોપિયા અને સોમાલિયાએ પણ છેલ્લા ત્રણ-ચાર દાયકાઓમાં સૌથી મોટો તીડનો હુમલો આ વર્ષે જોયો છે.

ભારતમાં સામાન્ય રીતે જુલાઈ-ઑક્ટોબરની વચ્ચે તીડ દેખા દેવાની શરૂઆત કરે છે. નાનાં ઝુંડ તૈયાર થયા પછી સંવનન શરૂ થાય છે ને ઈંડાં મૂકે છે. દિવસે ને દિવસે એ ઝુંડ અનેક ગણું મોટું થતું જાય છે. રાજસ્થાનના ગંગનગર, હનુમાનગઢ, બિકાનેર, જેસલપુર, જોધપુર, નાગોર ને સિરોહી તથા ગુજરાતમાં બનાસકાંઠામાં તીડ સૌથી વધારે પ્રભાવી હોય છે, જ્યારે પંજાબના સરહદી વિસ્તાર, ગુજરાતના કચ્છ, મહેસાણા, પાટણ પર પણ ભય હોય છે. આ વર્ષે તો તીડનાં ટોળાં વિશાળ બને તો આપણે ત્યાં મોરબી, દ્વારકા ને સુરેન્દ્રનગર સુધી ફેલાઈ જવાનો ડર પણ કેટલાકે વ્યક્ત કર્યો છે.

અત્યારે ભારતમાં થોડી રાહત એ માટે છે કે રવી પાકની લણણી થઈ ગઈ છે ને ખરીફ પાકની વાવણી હજી હમણાં ચાલુ થઈ છે. જો કે ઉનાળુ બાજરાના પાક અને ઘાસચારાના પાકને નુકસાનનો ભય છે. બીજું, પાકિસ્તાન ઈરાન અને ઈસ્ટ આફ્રિકામાં વર્ષમાં બે વાર તીડ ઝુંડ બનાવી સંવનન (બ્રીડિંગ)માં જાય છે એટલે સમસ્યા ઘણી મોટી છે, જ્યારે ભારતમાં વર્ષે એક જ વાર બ્રીડિંગ કરે છે. જો કે ચિંતાનો વિષય એ છે કે આ વર્ષે જો તીડનાં સંવનન વહેલાં શરૂ થયાં છે ને એ લાંબો સમય ચાલે તો તીડની સંખ્યા કાબૂમાં ન આવે એટલી મોટી થઈ શકે છે. કેન્યામાં આ વર્ષે તીડનાં ૪૦ કિલોમીટરના વિસ્તાર જેટલાં મોટાં મોટાં ઝુંડ તૈયાર થયાં હતાં, જેમનો ખાત્મો અશક્ય બની ગયો હતો. વહેલી તકે પગલાં ન ભર્યાં તો આ વર્ષે કરોડો નહીં, અબજોની સંખ્યામાં તીડનાં ઝુંડનું આક્રમણ થાય એવી શક્યતા છે. આ ઝુંડ ઓછામાં ઓછા બે કરોડ માણસોને ચાલે એટલું વર્ષભરનું અનાજ નાશ કરી શકે છે.

હવે આફ્રિકાનાં આ તીડ ભારત સુધી કઈ રીતે પહોંચ્યાં?

નિષ્ણાતોના મતે જૂન-જુલાઈ દરમિયાન આફ્રિકાથી તાજાં જન્મેલાં તીડ હિંદ મહાસાગર પરથી રણ વાટે સફર કરી ભારત-પાકિસ્તાનની સરહદો સુધી પહોંચ્યાં છે ને ૩૦ દેશને પ્રભાવિત કરી ચૂક્યાં છે. પાકિસ્તાન અને ઈરાનમાં તાજાં જન્મેલાં તીડ પણ આ સમય સુધી ભારતનાં રાજસ્થાન ને ગુજરાતમાં પ્રવેશી શકે છે.

નોંધનીય છે કે ભારતે ગયા વર્ષે ૧૯૯૩ પછીનો સૌથી મોટો તીડના પ્રતિકારનો કાર્યક્રમ હાથ ધરવો પડ્યો હતો, જેમાં ૪.૩૦ લાખ હેક્ટર જમીનને ઈન્ફેક્ટેડ છાંટી સુરક્ષિત કરી હતી. આ વર્ષે એનાથી પણ મોટાં પગલાં ભરવાની હમણાંથી જરૂર છે. તીડ વિસ્તરી ગયા પછી દવાઓ કે છંટકાવ દ્વારા એમને કાબૂમાં લેવાં મુશ્કેલ હોય છે. એમનાં ઈંડાંનો જ નાશ કરવો પડે છે.

હા, અત્યારે દેશનું આખું તંત્ર તમામ શક્તિ સાથે *કોરોના* સામે લડવામાં વ્યસ્ત છે, છતાં સત્તાવાળા આ સમસ્યા પ્રત્યે સમયસર જાગી યોગ્ય પગલાં ભરી લે એ જરૂરી છે, નહીંતર એની ઘણી મોટી કિંમત ચૂકવવી પડે એમ બને. જો કે ગુજરાતના અગ્ર સચિવ અશ્વિની કુમારે થોડા દિવસ પહેલાં જ કહ્યું હતું કે તીડની સમસ્યા માટે સરકાર સજ્જ છે ને તીડનાશક દવાઓનાં ટ્રેક્ટર પણ તૈયાર રાખ્યાં છે. ◻


CORONA CARE - WITH NO HUMAN TOUCH
DHAR- BOT
MADE IN PATAN - GUJARAT
SAVE OUR WARRIORS FROM CORONA VIRUS

ગામડાંની કોવિડ હૉસ્પિટલમાં હાજર છે રોબોટ!

ધારપુર ગામની સરકારી હૉસ્પિટલના કોવિડ વૉર્ડમાં સારવાર લેતા દરદીઓ માટે આવી પહોંચ્યો છે 'મેડ ઈન પાટણ' યંત્રમાનવ...

મહેશ શાહ (અમદાવાદ)

સાત મે... સાંજનો સમય છે.

પાટણ જિલ્લાના ધારપુર ગામની સરકારી *જીએમઈઆરએસ મેડિકલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ*માં જિલ્લા કલેક્ટર આનંદ પટેલ ખાસ વિઝિટે આવ્યા છે. એમની સાથે હૉસ્પિટલ સ્ટાફ એક વૉર્ડમાં પહોંચે છે. ચાર દરદી સૂતા છે. સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. યોગેશાનંદ ગોસ્વામી કલેક્ટર પટેલ સાહેબ સામે જુવે છે. પટેલ સાહેબનો ઈશારો પારખી ડૉ. ગોસ્વામીની બાજુમાં ઊભેલા એક ડૉક્ટર પોતાના મોબાઈલમાં ટચ કરે છે. અચાનક એક મેડિકલ ટ્રૉલી સરકતી સરકતી આવીને પટેલ સાહેબ પાસે અટકે છે. બધા ટ્રૉલીને આશ્ચર્યથી જુએ છે. પટેલ સાહેબ ટ્રૉલી પાસે પોતાનો એક હાથ લંબાવે છે. તુરંત ટ્રૉલી સાથે જોડેલા ફોગર (આપમેળે પ્રવાહીનો છંટકાવ થાય એવી ગોઠવણ)માંથી સેનિટાઈઝર નીકળે છે. હૅન્ડ વૉશ થવાથી પટેલ સાહેબ સહેજ મલકાય છે. બાદમાં ટ્રૉલી એક પેશન્ટ પાસે પહોંચે છે. ટ્રૉલીમાંથી અવાજ નીકળે છેઃ *તમને સારું છે? તમારી દવા લઈ લો... પાણી લઈ લો...*

પેશન્ટ હસે છે. બધા આશ્ચર્ય પામે છે. તાળીઓ પાડે છે. બધા ટ્રૉલી પાસે જઈને નિરીક્ષણ કરે છે.

હવે જાણી લો કે ટ્રૉલી જાદુઈ કે રમકડાંની ટ્રૉલી નથી. ફોડ પાડીને કહીએ તો એ રોબો (રોબોટ) છે, જેને મેડિકલ ટ્રૉલી સાથે જોડ્યો છે. ખાસ વાત એ કે આ રોબો વિદેશી નહીં, પણ ખરા અર્થમાં દેશી છે અને એ મેડ ઈન *પાટણ* છે. નવસંશોધિત રોબોનું નામ છે *ધારબોટ,* જેમાં ધારપુરનો *ધાર* અને રોબોટનો *બોટ* શબ્દ જોડ્યા છે.

૬૫૦ બેડની ધારપુરની હૉસ્પિટલમાં હાલમાં સો બેડની કોવિડ હૉસ્પિટલ બનાવી છે. એમાં આઈસોલેશન વૉર્ડમાં સારવાર લેતા દરદીઓને દવા-ભોજન-પાણી આપવા અને સેનિટાઈઝ સુવિધા માટે હૉસ્પિટલે *ધારબોટ* રોબો વસાવ્યો છે. એને પાટણમાં સાયન્સ-એન્જિનિયરિંગના મૉડેલમેકર અને એન્જિનિયરિંગ



યંત્રમાનવ 'ધાર-બોટ'

રોબોટની મુલાકાતે પાટણના કલેક્ટર આનંદ પટેલ: તમારી તબિયત કેમ છે?!

રોબોટના 'સર્જક' અનિલ પટેલ

ડૉ. યોગેશાનંદ ગોસ્વામી

સ્ટુડન્ટ પ્રોજેક્ટના ટેક્નિકલ માર્ગદર્શક અનિલ પટેલે બનાવ્યો છે. એમને મેડિકલ રોબો ઈનોવેશનની લગની લાગી એટલે ધારપુર હૉસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. યોગેશાનંદ ગોસ્વામીને મળ્યા. ડૉ. ગોસ્વામીએ હૉસ્પિટલની જરૂરત સમજાવી. એ આધારે અનિલ પટેલે મિત્ર પિનાક ઠક્કર સાથે મળીને હાર્ડવેર અને સૉફ્ટવેરની વીસેક ટ્રાયલ લઈને રોબો બનાવ્યો. અંદાજે રૂપિયા ૮૫ હજારમાં આ રોબો બન્યો.

શી વિશેષતા ધરાવે છે આ યાંત્રિક માનવ?

રોબો ઈનોવેટર **અનિલ પટેલ** *ચિત્રલેખા*ને કહે છે કે ટ્રૉલી સાથે જોડેલો બૅટરી ઑપરેટેડ રોબો *બ્લુટૂથ* ટેક્નોલૉજી ધરાવે છે, જે મોબાઈલ ઍપ અથવા જોય સ્ટિકથી ઑપરેટ થઈ શકે. રોબો ટચ ફ્રી છે. ડીન હૉસ્પિટલ, ઘર કે ગમે એટલા દૂરના સ્થળેથી ઈન્ટરનેટ કનેક્ટેડ ફોન દ્વારા રોબોને કમાન્ડ આપીને વૉર્ડ અને દરદીને જોઈ શકશે તથા દરદી સાથે વાત કરી શકશે, જેની ટુ-વે કમ્યુનિકેશન સિસ્ટમ છે. જો કે વૉર્ડ ઈન્ચાર્જ કે અન્ય સ્ટાફે રોબોને ઑપરેટ કરવો પડશે. એમાં ૩૬૦ ડિગ્રી વ્યૂ કૅમેરાથી ઑબ્ઝર્વેશન થઈ શકે. ફ્લૅશ લાઈટ હોવાથી રાત્રે અંધારામાં પણ રોબોની કામગીરી જોઈ શકાય. કોરોનાને ખાસ ધ્યાનમાં રાખીને હૅન્ડ વૉશ કરવા સેનિટાઈઝર ભરવા ત્રણ લિટર ક્ષમતાની ટાંકી અને છંટકાવ માટે ફોગર મૂક્યાં છે, જેનાથી હૅન્ડ વૉશ થઈ શકે તથા ડિસ્ચાર્જ થનારા દરદી અને એના બેડને સેનિટાઈઝ કરી શકાય. પાણીની દસ બૉટલ અને ભોજનની ચાર થાળી મૂકી શકાય. જો કે વાઈબ્રેશનના લીધે પ્રવાહી ખોરાક કે દવા ઢોળાઈ ન જાય એ માટે ઝીરો ટર્નિંગ મિકેનિઝમ છે. નાના રૂમમાં પણ રોબો પોતાની ધરી પર ગોળ ફરી શકે છે.

ગુજરાતની સરકારી હૉસ્પિટલમાં *કોવિડ-૧૯*ની સારવાર લેતા આઈસોલેશન વૉર્ડના દરદીઓની સુવિધા માટે સ્વદેશી રોબોના ઉપયોગની આ પ્રથમ ઘટના છે.

કૉલેજના ડીન અને હૉસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ **ડૉ. યોગેશાનંદ ગોસ્વામી** *ચિત્રલેખા*ને કહે છે કે કોરોના પોઝિટિવ કે અન્ય ચેપી રોગના દરદીથી ક્યારેક કોઈક ડૉક્ટર કે પેરા-મેડિકલ સ્ટાફને સંક્રમણ થવાની સંભાવના રહે છે. એ સંજોગમાં આઈસોલેશન વૉર્ડમાં દરદીને સ્પર્શ્યા વિના *ધારબોટ* દવા, ભોજન, પાણી આપશે તેમ જ સેનિટાઈઝ કરશે. રોબો ટચ ફ્રી હોવાથી કોરોના વૉરિયરને વાઈરસનો ચેપ લાગવાની સંભાવના ઘટશે.

ઑબ્ઝર્વેશન, સર્વિસિંગ અને કમ્યુનિકેશનમાં ઉપયોગી સ્વદેશી *ધારબોટ*નું ૭ મેએ કલેક્ટરે સફળ પરીક્ષણ કર્યા પછી અનિલે હૉસ્પિટલ સ્ટાફને *ધારબોટ* ઑપરેટ કરવાની તાલીમ આપી. ૧૧ મેથી આઈસોલેશન વૉર્ડમાં રોબો મૂક્યો છે.

ડૉ. ગોસ્વામી કહે છે કે અમારા માટે રોબોના દેખાવ કરતાં એનો ઉપયોગ મહત્ત્વનો છે.

કલેક્ટર આનંદ પટેલ કહે છે કે પાટણમાં કોરોનાના કેસ થોડા વધ્યા છે. એ સંજોગમાં કોવિડના દરદી સાથે સંપર્કમાં રહેતાં ડૉક્ટર, નર્સ, પેરા-મેડિકલ સ્ટાફનાં સમય-શક્તિના બચાવ સાથે સુરક્ષા ખૂબ જરૂરી છે. એ સંજોગમાં આઈસોલેશન વૉર્ડના દરદી માટે *ધારબોટ* ઉપયોગી થશે. ◻

તસવીરો: **સુનીલ પટેલ**, પાટણ

હર કરમ અપના કરેંગે... અય જાન તેરે લિયે

લૉકડાઉનના માહોલમાં રસ્તે રઝળતાં પ્રાણી, પંખીઓને ખોરાક-પાણીની તંગી વર્તાય છે ત્યારે અમુક ગ્રીન વૉરિયર્સ કોરોનાના સંક્રમણની પરવા કર્યા વિના ખાદ્યાખોરાકી સાથે રોજ રસ્તે ઊતરી પડે છે. કેટલાક પ્રકૃતિપ્રેમીઓ રસ્તા પરનાં વૃક્ષોની સીંચાઈ-જતન માટે પણ નીકળી પડે છે. મહામારીના કપરા કાળમાં આવી અવનવી સેવા કરતા સ્વયંસેવકોને સો સલામ.

સમીર પાલેજા (મુંબઈ) । **જ્વલંત છાયા** (રાજકોટ) । **મહેશ શાહ** (અમદાવાદ)

શ્વાનપ્રેમી અમૃતલાલ સોનીને લૉકડાઉન નડતો નથી.

મામુ, ઓ મામુ.... બહાર આવી જાવ મારા દીકરાઓ...

આ પોકાર સાંભળતાં જ હાઉઉ... હાઉઉઉ કરતા પાંચ-સાત કૂતરા ખૂણેખાંચરેથી દોડી આવે છે અને ૭૫ વર્ષના અમૃતલાલ સોની ઉર્ફે સોનીકાકાને ઘેરી વળે છે. સોનીકાકા રસ્તા પર વાટકા મૂકીને એમાં દૂધ રેડે છે. કૂતરાઓ એ પ્રેમથી પી જાય છે. પછી સોનીકાકા થેલીમાંથી પનીર કાઢીને દરેક કૂતરાને માથે હાથ ફેરવતાં ખવડાવે છે. આ જોઈને રસ્તા પર લૉકડાઉનનો પહેરો ભરતા પોલીસો હસીને સોનીકાકા સામે હાથ ઊંચો કરે છે.

દક્ષિણ મુંબઈ કોરોનાના રેડ ઝોનમાં છે. લૉકડાઉન માટે કડક પોલીસ બંદોબસ્ત છે, પણ સોનીકાકાને પોલીસની કનડગત નથી. ચીરાબઝાર, ભૂલેશ્વર, ગુલાલવાડી, નાગદેવી અને કાલબાદેવી વિસ્તારમાં અમૃતલાલ સોની રોજ સવારે ત્રણ કલાક અને બપોરે બે કલાક ફરી વળીને ભૂખ્યા કૂતરાઓને ભોજન આપે છે. માંદા કે ઘાયલ કૂતરાની દવા અને ડ્રેસિંગથી સારવાર પણ કરે છે. ગલૂડિયાં ઢોળફોળ કરે ને ગંદાં થાય તો એમને જંતુઓ કનડે એટલે સોનીકાકા ઘરેથી બાટલીમાં લાવેલાં પાણીથી એમને નવડાવે પણ ખરા.

૨૦-૨૨ વર્ષથી આ સેવા કરતા **અમૃતલાલ સોની** *ચિત્રલેખા*ને કહે છે:

લૉકડાઉનને કારણે કૂતરાઓને ઓછો ખોરાક મળે છે. આજકાલ સવારે પાંચ વાગ્યે કૂતરાઓ ખાવાનું શોધવા નીકળી પડે છે. રોજ ૧૦ લિટર દૂધ અને ૧૦ કિલો પનીર ખવડાવું છું. મને આ કામમાં દાતાઓ સહયોગ આપે છે. લૉકડાઉન પહેલાં મહિને ૬૦-૭૦ હજાર રૂપિયાનું કલેક્શન હતું. અત્યારે ૩૫,૦૦૦ છે. એક જ દાતા ૨૪ હજાર રૂપિયા મહિને આપે છે. આસપાસના વેપારીઓ ૧૦૦-૧૦૦ રૂપિયા આપે. બે-ત્રણ હજાર રૂપિયા હું પોતે ઉમેરું. સ્વજનોની તિથિ પર લોકો પેંડા કે બુંદીના લાડુ પણ કૂતરાઓને ખવડાવવા આપી જાય છે.

સામાન્ય નોકરી કરતા મધ્યમવર્ગી, અગાઉ પાળેલી બિલાડીની સ્વજનની જેમ સેવા કરનારા અને એ ગુજરી ગઈ ત્યારે અગ્નિસંસ્કાર કરીને નાસિક જઈને અસ્થિ પધરાવનારા સોનીકાકા પૌરાણિક કથા તથા પોતાના અનુભવને આધારે માને છે કે કૂતરાઓને ખવડાવવાથી ઘરમાં બીમારી

વિક્રમ ચેન્ડે અને એમની ટીમ મુંબઈના હાઈ-વે પર નવ કિલોમીટરમાં વૃક્ષોને નિયમિત પાણી પાય છે.

આવતી નથી અને આવે તો ઝાઝું ટકતી નથી.

આવી જીવદયા એ પરોક્ષ રીતે પર્યાવરણની રક્ષા પણ છે. પશુ કે પક્ષીને ખોરાક મળી રહે એ જરૂરી છે. લૉકડાઉનને કારણે ગાય-કૂતરાને મળતાં ભોજનનું પ્રમાણ ઓછું થઈ ગયું છે. પક્ષીને મળતાં ચણનું પણ પ્રમાણ ઘટ્યું છે.

રાજકોટની *કરુણા ફાઉન્ડેશન સંસ્થા* જો કે આ કામ લગનથી કરી રહી છે. લૉકડાઉનના નિયમપાલન સાથે કાર્યકરો રાજકોટ અને આસપાસના ૪૪થી વધારે ચબૂતરા પર દરરોજ ૨૫૦૦ કિલો ચણ પહોંચાડે છે. પક્ષીને પાણી પીવાના કૂંડાંમાં પાણી પણ ભરે છે. શહેરમાં અને આસપાસના વિસ્તારના ૪૦૦૦ કૂતરાને રોજ ૨૦૦૦ રોટલી અને ૧૨૦૦ લિટર દૂધ પૂરું પાડવામાં આવી રહ્યું છે. ખિસકોલીને મકાઈ આપવામાં આવે છે તો રોજ ચાલીસ કિલો લોટથી કીડિયારાં પૂરવાનું કામ થઈ રહ્યું છે. રખડતી ગાયને ઘાસચારો, પાણી મળે એ વ્યવસ્થા થાય છે તો ગૌશાળા માટે પણ સતત દોડધામ ચાલુ છે. *કરુણા ફાઉન્ડેશન*ની આ પ્રવૃત્તિ માટે દરરોજ રૂપિયા બે લાખનો ખર્ચ થાય છે. દાતાનો સહયોગ સારો છે.

આ સંસ્થાના કુલ નવ કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે, જ્યાંથી સમગ્ર કાર્યવાહીનું સંચાલન કરવામાં આવે છે. પશુને જરૂર પડ્યે સારવાર પણ આપવામાં આવે છે. *કરુણા ફાઉન્ડેશન*ના એક કાર્યકર **પ્રતીક સંઘાણી** *ચિત્રલેખા*ને કહે છે:

‘અમે તો અમારી રીતે આ કામ કરીએ છીએ, પરંતુ દરેક વ્યક્તિ પોતાની જવાબદારી સમજી, પોતાના વિસ્તાર-શેરીમાં પણ જો આ કરવા લાગે તો ઘણો ફેર પડે.’

વૃક્ષસેવા એ જ પ્રભુસેવા...

થાણેથી રોડમાર્ગે તળ મુંબઈ જતા હો તો ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈ-વે પર નાહુરથી વિક્રોલી, કાંજુર માર્ગ, ભાંડુપ ને પવઈ સુધીના નવ કિલોમીટરના રસ્તા પર અમુક લોકો પાણીના ભંભા સાથે સાઈકલ, સ્કૂટર પર જતા નજર આવશે. *સિન્ટેક્સ*ની જળટાંકી સાથેનો એકાદો ટેમ્પો પણ દેખાશે. આ લોકો લૉકડાઉનમાં ઘરની બહાર નીકળીને રસ્તા પરનાં વૃક્ષોને પાણી પાવાનું ઉમદા કાર્ય કરી રહ્યા છે.

ગ્રીન અમ્બ્રેલા નામના મુંબઈના જાણીતા એનજીઓના સંચાલક વિક્રમ ચેન્ડે અને એમની ટીમ સપ્તાહમાં બે કે ત્રણ દિવસ આવશ્યકતાનુસાર સીંચાઈનું કામ કરી રહી છે. બૅન્કમાં જૉબ કરતા ૩૫ વર્ષી **વિક્રમ ચેન્ડે** *ચિત્રલેખા*ને કહે છે:

‘અમે નવ કિલોમીટરના રસ્તા પર તબક્કાવાર રીતે ૨૫૦૦ વૃક્ષ વાવ્યાં છે. બે-ત્રણ સ્વયંસેવકોનાં ગ્રુપ બનાવીને પાણી પાવા જઈએ છીએ. મોટે ભાગે પીપળા વાવ્યા છે, કારણ કે એ દેશી વૃક્ષ છે. એના પર જૈવ વિવિધતા વધુ ફૂલેફાલે છે. એક પીપળો વર્ષે ૧૭ ટન કાર્બન ડાયોક્સાઈડ શોષીને ૨૦ ટન ઑક્સિજન આપે છે.’

વિક્રમ ચેન્ડે સાથે પંચાવન વર્ષી **મુકુંદ મહાબળેશ્વરકર** જેવા વૃક્ષપ્રેમીઓની નિષ્ઠાવાન ટીમ છે. મુકુંદજી મુંબઈ હાઈ કોર્ટમાં ઑફિસર ઑન સ્પેશિયલ ડ્યુટી તરીકે કામ કરે છે. એ કહે છે કે અઠવાડિયામાં ત્રણ દિવસ કોર્ટમાં જવાનું થાય ત્યારે વાહનમાં પાણીના ભંભા લઈને નીકળું છું. આવતાં-જતાં ટાર્ગેટેડ એરિયાનાં વૃક્ષોને પાણી પાઉં છું.

મુંબઈ-થાણે જેવાં શહેરોની મહાનગરપાલિકા ઝડપથી ઊગી નીકળે એવાં વિદેશી વૃક્ષોનાં વાવેતર કરાવે છે ત્યારે *ગ્રીન અમ્બ્રેલા*ના કાર્યકરો જ્યાં જગ્યા મળે ત્યાં દેશી ઝાડ વાવે છે ને એના ઉછેર અને જતનનો પણ પૂરો બંદોબસ્ત કરે છે. જંગલમાંથી દેશી વૃક્ષોનાં બિયાં એકઠાં કરીને એના રોપા તૈયાર કરીને વૃક્ષપ્રેમીઓને પહોંચાડવાનું કાર્ય

આ સંસ્થા કરે છે.

હવે જઈએ સીધા મોરબી...

મોરબી જિલ્લાનું ફડસર ગામ આમ તો પર્યાવરણપ્રેમીઓ માટે કેસ સ્ટડી છે. ત્યાં થયેલી અને થઈ રહેલી અનેક પ્રવૃત્તિ નોંધપાત્ર છે, પરંતુ લૉકડાઉન દરમિયાન ગામના જીવણભાઈ કુંભરવાડિયાએ સરકારી ખરાબાની જમીન અને ગૌચરની જમીનમાં દેશી કુળનાં અઢી હજાર વૃક્ષ વાવવાનું કામ કર્યું. એમનાં પત્ની જયશ્રીબહેન તો ડેપ્યુટી કલેક્ટર છે. અત્યારે તો સરકારી અધિકારીને સમય જ નથી, છતાં એમણે થોડો વખત ત્યાં હાજરી આપી. ગત વર્ષે ચોમાસામાં પણ જીવણભાઈએ વૃક્ષ વાવ્યાં હતાં. ત્રીસ માર્ચે ફડસરમાં વડનાં બે વૃક્ષનું વાવેતર થયું, જેમાંથી એકનું તો નામ *કોરોના વડ* રાખવામાં આવ્યું છે.

જીવણભાઈ કુંભરવાડિયાઃ લૉકડાઉનમાં કર્યું ૨૫૦૦ વૃક્ષનું વાવેતર.

ફડસરમાં આ પ્રવૃત્તિની શરૂઆત પર્યાવરણપ્રેમી, નિવૃત્ત વન અધિકારી વી.ડી. બાલાએ કરાવી છે. ખેતી અને વૃક્ષારોપણ ઉપરાંત પ્લાસ્ટિકના ઉપયોગ પર નિયંત્રણ સહિતનાં અનેક પગલાં એમણે લીધાં છે. રાજકોટમાં એમનું ઘર છે, પરંતુ લૉકડાઉન દરમિયાન એ ફડસરમાં હતા. *ચિત્રલેખા* સાથે વાત કરતાં એ કહે છે કે ઑર્ગેનિક ચીજોનું વેચાણ, બાળકોને જૂની રમત રમાડવાની પ્રવૃત્તિ બધું હમણાં બંધ છે, પરંતુ મેં અમારા ગામમાં વડ અને લીમડાનાં વૃક્ષ વાવ્યાં. સામે સ્કૂલ બંધ હતી એના આચાર્ય પાસેથી ચાવી લઈને મેદાનમાં ઊભેલાં ઝાડને પાણી પાવાનું, કાપકૂપનું પણ કામ કર્યું.

બીજી તરફ, પડધરી તાલુકામાં બે લાખ ૬૨ હજાર વૃક્ષ વાવીને *ગ્રીનમૅન* તરીકે નામના મેળવનારા વિજય ડોબરિયા અત્યારે બેવડી સેવામાં સક્રિય છે. *સદ્ભાવના વૃદ્ધાશ્રમ*ના માધ્યમથી દરરોજ પાંચ હજાર લોકોને નિઃશુલ્ક ભોજન પહોંચાડવા ઉપરાંત એ પર્યાવરણની પણ સેવા કરે છે. રાજકોટ શહેરી વિસ્તારમાં વૃક્ષો વાવવાની એક નોખી ઝુંબેશ એમણે વૃદ્ધાશ્રમના કાર્યકરોને સાથે રાખીને શરૂ કરી છે. શહેરી વિસ્તારમાંથી કોઈ પણ વ્યક્તિ, સોસાયટી એમને ફોન કરે એટલે એમની ટીમ વૃક્ષ-છોડ સાથે આવે. ફોન કરનારા જ્યાં કહે ત્યાં એ વાવી દે અને એના રક્ષણ માટેનું પાંજરું-ટ્રી ગાર્ડ પણ મૂકી દે એ પણ કોઈ ચાર્જ વિના.

લોકેન્દ્ર બાલાસરિયાઃ અગાઉ જેવા ટ્રી વૉક બંધ, પણ ઑનલાઈન પ્રશિક્ષણ ચાલુ.

વિજય ડોબરિયા કહે છે કે અમે આ કામ પણ સેવા તરીકે જ કરીએ છીએ. લોકો એ ઝાડને સરખી રીતે ઉછેરે, પાણી પાય એ જરૂરી છે.

હવે ચાલો, અમદાવાદ...

અહીં ફન-ફૂડ-ફિલ્મ-ફેશનના રસિકજનોનાં ગ્રુપની જેમ વૃક્ષપ્રેમીઓનું ગ્રુપ સાતેક વર્ષથી પ્રવૃત્ત છે. નામ *ટ્રી-વૉક*. મૂળ રાજસ્થાનવાસી અને વર્ષોથી અમદાવાદમાં રહેતા લૅન્ડસ્કેપ આર્કિટેક્ટ ને અર્બન પ્લાનર લોકેન્દ્ર બાલાસરિયાએ હોર્ટિકલ્ચર નિષ્ણાત પાંચ મિત્ર સાથે અમદાવાદમાં *ટ્રી વૉક* શરૂ કરી.

લૉકડાઉન પહેલાં આ ગ્રુપ દર મહિનાના બીજા શનિવારે અમદાવાદનાં જુદાં જુદાં પબ્લિક ગાર્ડન અથવા વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં વિનામૂલ્યે *ટ્રી વૉક* યોજતું હતું, જેમાં લોકેન્દ્ર અને પ્રકૃતિ નિષ્ણાતો જે-તે કેમ્પસનાં અવનવાં વૃક્ષ વિશે સહભાગીઓને રસપ્રદ માહિતી આપતા. દોઢેક કલાકની બેઠકના અંતમાં પ્રશ્નોત્તરી અને ક્વિઝ પણ થતાં. છેલ્લે દરેક વૃક્ષપ્રેમીને ગિફ્ટમાં પ્લાન્ટ આપવામાં આવતા. સમય જતાં *ટ્રી ગ્રુપ*માં સભ્યોની સંખ્યા ને પ્રવૃત્તિ વધી અને અંદરોઅંદર રોપાઓની અદલાબદલીનો વ્યવહાર પણ શરૂ થયો.

લૉકડાઉનમાં 'ટ્રી વૉક'ની પ્રવૃત્તિ કેવી રીતે ચાલે છે?

જવાબમાં **લોકેન્દ્ર બાલાસરિયા** *ચિત્રલેખા*ને કહે છે કે અમારા અનેક સભ્યો વૃક્ષઉછેર માટે વધુ સમય ફાળવતા થયા છે, જેમાં ઘણી મહિલાઓ છે તેમ જ અનેક નવા સભ્યોએ માર્ગદર્શન લીધું છે. એ સૌ માટે પંદરેક જેટલા સ્વયંસેવક દ્વારા *પ્રકૃતિ જાળવણી, વૃક્ષઉછેર, હોમ વેસ્ટ મૅનેજમેન્ટ, ગાર્ડનિંગ ટેક્નિક, ગાર્ડનિંગ સોલ્યુશન, હોમ કમ્પોસ્ટિંગ, ટોક્સિક ફ્રી લાઈફ,* વગેરે વિષયના ૨૭ વેબિનાર યોજ્યા, જેમાં લીંબુ અને ડુંગળીનાં છોતરાં, કેળાંની છાલ, ખાટી છાશ, વગેરેમાં પાણી અને અમુક સામગ્રી ભેળવીને એ પ્રવાહી કયા વૃક્ષને પોષણ આપવા માટે કેવી રીતે ઉપયોગી બને એની સમજ આપી તેમ જ ઘરેલુ સામગ્રીથી કમ્પોસ્ટ ખાતર બનાવતાં શીખવ્યું. છ વ્હૉટ્સઍપ ગ્રુપ બન્યાં છે. એમાં દરેક સભ્યને વૃક્ષઉછેર અને સંભાળ અંગે વિનામૂલ્યે માર્ગદર્શન આપવામાં આવે છે. અગાઉ પચાસ જેટલી વર્કશૉપ યોજી હતી.

અમદાવાદમાં વૃક્ષોની વિશેષતા અંગે *ટ્રી વૉક*ના પ્રણેતા લોકેન્દ્ર અને સહયોગી **રાજેશ ઠક્કર** જણાવે છે કે ગુજરાત કૉલેજ કેમ્પસમાં અઢળક વૃક્ષો છે. અંદાજે બે મીટરનો ઘેરાવો ધરાવતો લીમડો છે ઉપરાંત દેશનું સંભવતઃ એકમાત્ર કાલા પટ્ટી વૃક્ષ છે. *શ્રેયસ ફાઉન્ડેશન*માં તાડનાં વૃક્ષ છે. *એમ.જી. સાયન્સ કૉલેજ કેમ્પસ*માં પીલુડી વૃક્ષ છે. *અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન* સંચાલિત *વિક્ટોરિયન ગાર્ડન*માં રુખડાનું વૃક્ષ છે. આવાં અનેક અવનવાં વૃક્ષો આવેલાં છે. ◻

કાળમુખા કોરોનાને કેરળે કઈ રીતે પછાડ્યો?

વાઈરસના વાવડ મળતાંવેંત એના મુકાબલા માટે સજ્જડ યંત્રણા, દેશ–વિદેશથી આવનારા લોકોનું કડક સ્ક્રીનિંગ, બીજા સંભવિત 'શિકારો'ની શોધ, કોવિડ ટેસ્ટ માટે પૂરતી સગવડ, શિક્ષિત–સમજુ પ્રજા દ્વારા લૉકડાઉનનું જડબેસલાક પાલન, ફુરસદના સમયે માણસોને વ્યસ્ત રાખવા સુધી રાજ્ય સરકારે લીધેલી જહેમત અને આ બધાની ઉપર, બીજાં રાજ્યોએ અનુકરણ કરવું જોઈએ એવી પબ્લિક હેલ્થ સિસ્ટમ... દેશના અનેક વિસ્તારો હજી કોરોનાને કાબૂમાં લેવા કોઈ ચમત્કારની રાહ જોઈ રહ્યા છે ત્યારે દૂર દખ્ખણના રાજ્ય કેરળે ઝાઝી ગાજવીજ વગર આવી અશક્ય લાગતી કામગીરી બજાવીને દાખલો બેસાડ્યો છે.

હીરેન મહેતા (મુંબઈ)

ચિત્રલેખા ગ્રાફિક્સ

દક્ષિણના રાજ્ય કેરળમાં ચોમાસું બેસવાની હજી થોડા દિવસની વાર છે, પણ હમણાં ત્યાં ઘણા લોકો છત્રી લઈને ફરતાં જોવા મળે છે. આપણને થાય કે તડકાથી બચવા છત્રી સાથે લીધી હશે. સ્વાભાવિકપણે આ એક કારણ તો છે જ, પરંતુ છત્રી ખોલીને ફરવાનું આ એકમાત્ર કારણ નથી.

અત્યારના સમયમાં છત્રી ખોલીને ચાલવાથી તડકાથી રક્ષણ મેળવવા ઉપરાંત બીજું કારણ છે સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવાનું. છત્રી ખોલીને તમે ચાલતાં હો તો બીજા લોકો બહુ નજીકથી પસાર થાય નહીં અને કોરોના વાઈરસના ચેપથી બચવા જરૂરી એવું સલામત અંતર તમે આપોઆપ રાખી શકો.

છે ને આ એક નવતર પ્રયોગ?

મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હી જેવાં રાજ્યમાં અત્યારે કોરોનાના કેસની સંખ્યા સતત વધી રહી છે એ સામે આખા કેરળે આ વાઈરસથી સલામત અંતર રાખી લેવામાં સફળતા મેળવી છે એમ કહી શકાય. દેશમાં કોરોના વાઈરસ ડિસીઝ એટલે કે *કોવિડ*ના પહેલા ત્રણ કેસ નોંધાયેલા કેરળમાં. એ પછી તો કેટલાય દિવસ કોરોનાપીડિત દરદીઓની સંખ્યાના ટેબલમાં કેરળ સૌથી ઉપર હતું. એ વખતે ગુજરાતમાં તો કોરોનાના માંડ હજી થોડા કેસ હૉસ્પિટલના ચોપડે ચડ્યા હતા.

આજે હાલત જોઈએ તો ગુજરાત આ ટેબલમાં મહારાષ્ટ્ર પછી બીજા નંબરે પહોંચી ગયું છે અને કેરળ તો ટૉપ ટેનના લિસ્ટમાં પણ નથી. ગુજરાતમાં કોરોનાના મૃતકોની સંખ્યા પાંચસોનો આંક પાર કરી ગઈ છે અને મહારાષ્ટ્રમાં આંક એક હજારની સમીપ પહોંચવામાં છે એ સામે કેરળમાં મૃત્યુનો આંક ફક્ત ચાર સુધી સીમિત રહ્યો છે.

૩૦ જાન્યુઆરીએ કેરળમાં દેશનો પહેલો કોરોના પોઝિટિવ કેસ નોંધાયો એના સો દિવસ પછી એટલે કે દસ મે સુધી આ રાજ્યમાં કુલ ૫૧૨ કેસ તબીબી ચોપડે ચડ્યા અને એમાંથી મોટા ભાગના (૪૮૯) દરદી તો સાજા પણ થઈ ગયા હતા.

૧૩ મેની સાંજે આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે હજી ઍક્ટિવ હોય એવા કેસની સંખ્યા માત્ર ૩૨ છે. એમાં પણ તેર કેસ એવા છે, જે ગયા અથવા તો આ અઠવાડિયા દરમિયાન બીજાં કોઈ રાજ્ય કે દેશમાંથી કેરળમાં આવ્યા છે. આ સામે અઢાર રાજ્યો એવાં છે, જ્યાં એકસોથી પાંચ હજારની વચ્ચે ઍક્ટિવ કેસ છે. ગુજરાત (૫૨૦૦ કેસ) અને મહારાષ્ટ્ર (૧૭,૧૪૦ કેસ) વિશે તો કંઈ બોલવા જેવું જ નથી.

એવું તે શું કર્યું કેરળે કે આવો ચમત્કાર થયો?

હા, આમ જોઈએ તો આ એક ચમત્કાર જ છે. જો કે કેરળનાં આરોગ્યમંત્રી **કે.કે. શૈલજા** *ચિત્રલેખા* સાથેની વાતચીતમાં કહે છે:

‘આને ચમત્કાર ગણવા કરતાં લાંબા સમયથી અમે અપનાવેલી આરોગ્યનીતિને જશ આપવાનું વધુ યોગ્ય ગણાશે. આ નીતિને કારણે કેરળમાં પબ્લિક હેલ્થ સિસ્ટમ બહુ ઉત્કૃષ્ટ રીતે વિકસી છે અને એકદમ છેવાડાનાં ગામ સુધી એના ફાયદા પહોંચ્યા છે. ઊંડે સુધી મૂળિયાં ધરાવતી આ સિસ્ટમની મદદથી જ અમે કોરોનાને વધુ ફેલાતો રોકી શક્યાં.’

કોરોના સામેની લડતમાં સક્રિયપણે સંકળાયેલા કેરળના ત્રિસુર જિલ્લાની *અમલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ*ના સિનિયર ઈમર્જન્સી મેડિસિન

કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી આવેલા લોકો ક્વૉરન્ટીનના નિયમનું પાલન કરે છે કે નહીં એ માટે ઘેર ઘેર તપાસ કરવામાં આવે છે તો હવે બહારથી આવનારાની ટેસ્ટ માટે અનેક સ્થળે આવા કિયોસ્ક ગોઠવવામાં આવ્યા છે.

Break the chain
കോവിഡ് 19 പ്രതിരോധിക്കാം

IQRAA HOSPITAL
IQRAA HOSPITAL
IQRAA HOSPITAL

કેરળના હેલ્થ મોડેલની સફળતા પાછળ એક મહત્ત્વનું કારણ છે સરકારી અને ખાનગી હૉસ્પિટલ્સ વચ્ચેનો સારો તાલમેલ. વારાફરતી અલગ વિચારસરણી ધરાવતા પક્ષોને ચૂંટવાનો આ એક ફાયદો ગણી શકાય?

સ્પેશિયાલિસ્ટ **ડૉ. નિશાંત મેનન** *ચિત્રલેખા*ને કહે છે કે ચીનના વુહાન શહેરમાં કોરોનાના કિસ્સા વિશે જાણ થઈ કે તરત અમને માથે તોળાઈ રહેલા ખતરાનો અંદાજ આવી ગયો. વુહાનમાં કેરળના ઘણા વિદ્યાર્થી ભણતા હોવાથી આ બીમારી આપણે આંગણે આવશે જ એવી શક્યતા ધ્યાનમાં લઈ આરોગ્ય મંત્રાલયે કન્ટ્રોલ રૂમ ઊભો કર્યો. આ વાઈરસ વિશે મળે એટલી વિગત ભેગી કરી લાગતા-વળગતા તબીબોને એનાથી વાકેફ કરવામાં આવ્યા.

એક તરફ ડૉક્ટર્સ તૈયારી કરી રહ્યા હતા તો બીજી બાજુ કેરળ સરકારે રાજ્યનાં પાંચેપાંચ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ્સ પર આવનારા મુસાફરોનું ટેમ્પરેચર ચેકિંગ ફરજિયાત બનાવ્યું, સ્કૂલ-કૉલેજ-મૉલ-થિયેટર બંધ કરાવી દીધાં અને સમૂહમાં પ્રાર્થના, નમાજ તથા માસ યોજવા પર પ્રતિબંધ ફરમાવ્યો. કેટલાક ધર્મઝનૂની લોકોએ વાંધો લીધો તો એમને સાફ શબ્દોમાં ચેતવણી આપી દેવામાં આવી કે *તાળાબંધીનું પાલન નહીં કરો તો...*

કાશ, દિલ્હીમાં તબલિગી જમાતના મેળાવડાના આયોજકોએ બુદ્ધિનું દેવાળું ન કાઢ્યું હોત અને એમને રોકવાની પણ કોઈએ હિંમત દેખાડી હોત.

અહીં એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે દેશનાં બીજાં કોઈ રાજ્ય પહેલાં કેરળે આવાં અનેક પ્રતિબંધક પગલાં લેવા માંડ્યાં હતાં. આરોગ્યપ્રધાન શૈલજા કહે છે કે વિદેશથી આવનારા લોકો દ્વારા સ્થાનિક પ્રજામાં રોગ ફેલાય નહીં એ માટે જેમની કોરોના ટેસ્ટ નેગેટિવ આવે એમના માટે પણ ૧૪ને બદલે ૨૮ દિવસ ક્વૉરન્ટીનની મુદત ઠેરવવામાં આવી, જેથી પાછળથીય સંક્રમણની શક્યતા ન રહે. વિદેશ કે દેશના પણ કોરોનાગ્રસ્ત વિસ્તારમાંથી આવેલા કુલ સવા લાખ લોકોને અત્યાર સુધી આ રીતે ક્વૉરન્ટીન કરવામાં આવ્યા છે. છોગામાં, એ લોકો ક્વૉરન્ટીનના નિયમનું પાલન કરે છે કે નહીં એનું ધ્યાન રાખવા કેરળ સરકારે પબ્લિક હેલ્થ સર્વિસ હેઠળની ૧૬,૦૦૦

કેરળના અંતરિયાળ વિસ્તારોમાં છૂટાંછવાયાં ઘરો પાસે ફાજલ જમીન ઘણી છે. એવી જમીન પર થોડાં થોડાં શાકભાજી ઉગાડી ફુરસદના સમયનો લોકો ઉપયોગ કરે એ માટે સરકાર તરફથી એમને માટી-ખાતર ભેળવેલી 'ગ્રો-બૅગ' અને બિયારણ કે રોપા મળે છે.

સર્વેલન્સ ટીમને કામે લગાડી છે!

અનેક રાજ્યોમાં સંભવિત દરદીઓની પણ કોરોના ટેસ્ટ થતી ન હોવાની ફરિયાદ સાંભળવા મળે છે, જ્યારે હવે કેરળમાં એ શક્યતા નિવારવા દક્ષિણ કોરિયાની જેમ ઘણે ઠેકાણે એવી ટેસ્ટ માટે *વૉક-ઈન કિયોસ્ક* ગોઠવવામાં આવ્યા છે. થોડી પણ શંકા લાગે તો કિયોસ્કમાં જઈ ચેકિંગ કરાવી લેવાનું.

આટલી તૈયારી અને તકેદારીનું પરિણામ એ આવ્યું કે પંદર એપ્રિલ પછી કેરળમાં કોરોનાનો ગ્રાફ નીચો જવા લાગ્યો. રાજ્યના અડધા કરતાં વધુ જિલ્લામાં અત્યારે કોરોનાનો એક પણ કેસ નથી. કેરળની મલયાલી પ્રજાનું ભણતર અને એમની સમજણ પણ અહીં કામ કરી ગઈ છે. મુંબઈ જેવા *સુધરેલા* મહાનગરમાં હજી ઘણા લોકોને મોઢે માસ્ક પહેરવામાં જાણે નાનપ લાગે છે, પણ કેરળમાં તમે માસ્ક વગર બહાર દેખાયા તો તમારું આવી બન્યું સમજો. ટૂંકમાં, કાયદાનો કડપ છે અને લોકોને એ પાળવામાં છોછ પણ નથી.

કેરળના મુખ્ય શહેર કોચી (જૂનું નામ *કોચીન*)થી ઉત્તરે, દરિયાકિનારે વસેલા કાલિકટ (કોઝીકોડ)માં આપણાં એક ગુજરાતી મહિલા જયશ્રી શાહ ભાજપ વતી મ્યુનિસિપલ કૉર્પોરેટર તરીકે ચૂંટાયાં છે.

ચિત્રલેખા સાથેની વાતચીતમાં **જયશ્રી શાહ** કહે છે કે રાજ્યના બે જિલ્લાને બાદ કરીએ તો બીજા વિસ્તારોમાં કપડાં અને ઝવેરાત સિવાયની દુકાન ખૂલવા લાગી છે, પરંતુ ગ્રાહકોને દુકાનની અંદર જવાની છૂટ નથી. લોકો એ નિયમનું બરાબર પાલન કરે છે. પ્રજા શિક્ષિત છે અને શિસ્તનું મહત્ત્વ સમજે છે એટલે ક્યાંય ભીડ થતી નથી. દારૂ અને ફ્રેશ ફિશ જેવી ચીજ મળતી નથી એનો થોડો કચવાટ છે, પણ લોકો એના વગર ટેવાઈ ગયા છે.

જયશ્રીબહેન શાહ કહે છે કે કેરળના લાખો લોકો રોજી-રોટી રળવા મધ્ય-પૂર્વના અખાતી દેશોમાં ગયા છે એટલે અહીં મજૂરોની અછત છે. એને કારણે પાછલાં વર્ષોમાં ઉત્તર ભારતથી ઘણા લોકો કેરળ આવીને કામ કરે છે. મકાન બાંધકામથી માંડી હોટેલ ઈન્ડસ્ટ્રીમાં જોડાયેલા આ લોકોને એમના કસબ પ્રમાણે રોજ છસ્સોથી એક હજાર રૂપિયા સુધી વળતર મળી રહે છે. હજી હમણાં સુધી એમને વતન પાછા જવાની છૂટ નહોતી ત્યારે કેટલીક સ્થાનિક સંસ્થા એમને ખાદ્ય સામગ્રીની કિટ પહોંચાડતી હતી. આવી બાબતમાં સ્થાનિક પ્રજામાં સંપ સારો છે. અત્યારે અહીં મંદિર બંધ છે તો મસ્જિદ પણ બંધ છે અને નમાજ મસ્જિદમાં જ પઢવા માટે કોઈ જીદ પણ પકડીને બેઠું નથી (આવી માગણી દેશમાં બીજે કેટલેક ઠેકાણે જરૂર થઈ રહી છે).

આવાં અનેક કારણ છે કોરોના વાઈરસને નાથવામાં કેરળને મળેલી સફળતા પાછળ અને એટલે જ એની સાથોસાથ ખાસ તો તબીબી વર્તુળમાં કેરળની સાર્વજનિક આરોગ્ય યંત્રણાની ચર્ચા પણ થઈ રહી છે.

કેરળમાં અત્યારે સામ્યવાદી-માર્ક્સવાદી સહિતના ડાબેરી પક્ષોની સરકાર છે. આ પક્ષોની નીતિ ગરીબોતરફી ગણાય છે, જ્યારે વચ્ચે વચ્ચે સત્તા પર આવતો *કૉંગ્રેસ* પક્ષ મૂડીવાદનો સમર્થક છે. અહીં થાય એવું કે કેરળમાં ડાબેરી પક્ષો સત્તા પર હોય ત્યારે નવી સરકારી હૉસ્પિટલ ખૂલે અને કૉંગ્રેસનું રાજ આવે એ વખતે ખાનગી સુપર-સ્પેશિયાલિટી હૉસ્પિટલ શરૂ કરવા ફટાફટ પરવાનગી મળી જાય.

જો કે એકંદર એનો ફાયદો કેરળને થયો છે, કારણ કે અહીં સરકારી અને પ્રાઈવેટ ક્ષેત્ર વચ્ચે તાલમેલ સારો છે.

રાજ્યનાં આરોગ્યપ્રધાન કે.કે. શૈલજા કહે છે કે ૧૯૫૧માં કેરળ રાજ્ય બન્યું ત્યારથી જે કોઈ સરકાર આવી છે એણે આરોગ્યસેવાનું માળખું ઊભું કરવા પૂરતું ધ્યાન આપ્યું છે. એ અંતર્ગત અનેક ગામમાં કે તાલુકાસ્તરે બનાવવામાં આવેલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વખતોવખત સુધારા કરી એ

છેલ્લા થોડા દિવસ દરમિયાન માલદીવ્સથી બે જહાજ અને અખાતી દેશોમાંથી સાત ફ્લાઈટ્સ દ્વારા અત્યાર સુધી ૨૩૦૦ જેટલા લોકો કેરળનાં કોચી તથા કોઝિકોડ શહેરમાં આવ્યા છે અને એમાંથી કેટલાક સાથે લાવ્યા છે કોરોનાનો ચેપ!

કેન્દ્રોમાં બાળક, સગર્ભા સ્ત્રી અને વૃદ્ધજનો સહિત આખા પરિવારને સારવાર મળે એવી વ્યવસ્થા થઈ છે. મોટી બીમારી સિવાય કોઈએ જિલ્લાસ્તરથી આગળ એટલે કે મોટા શહેરમાં જવું ન પડે એટલી સગવડ આ બધાં ફૅમિલી હેલ્થ સેન્ટર્સમાં ઉપલબ્ધ છે.

*વર્લ્ડ ઑર્ગેનાઈઝેશન ઑફ ફૅમિલી ડૉક્ટર્સ*ના એક વિશેષ ગ્રુપ સાથે દક્ષિણ એશિયાના પ્રતિનિધિ તરીકે સંકળાયેલા ઈમર્જન્સી મેડિસિન સ્પેશિયાલિસ્ટ ડૉ. નિશાંત મેનન કહે છે કે વર્ષોથી દરેક હેલ્થ કેર સેન્ટરમાં જે-તે ગામ કે તાલુકાના તમામ રહેવાસીની ઉંમર, ઊંચાઈ, વજન, એમને બ્લડ પ્રેશર, હાઈ કૉલેસ્ટરોલ, થાઈરોઈડ જેવી કોઈ વ્યાધિ હોય તો એ, વગેરે બધી વિગતની નોંધ થઈ રહી છે. આવા અનેક રોગની દવા લોકોને આ સેન્ટરમાંથી જ આપવામાં આવે એટલે રોગીઓની સ્થિતિ વિશેની માહિતી અપડેટ થતી રહે.

આ જ ડેટાબેઝના આધારે કેરળ સરકારે કોરોનાનો ફેલાવો અટકાવવા જેમને ચેપ લાગવાની વધુ શક્યતા હોય એવા લોકોને (ખાસ તો વૃદ્ધો અને જેમને હૃદય કે ફેફસાંની બીમારી હોય એમને) સાવચેત કરી દીધા તથા એમની તબિયતનું ધ્યાન રાખવા ચોક્કસ માણસોને જવાબદારી સોંપી દીધી.

કાલિકટનાં નગરસેવિકા જયશ્રી શાહ ઉમેરે છે કે અત્યારે પણ હેલ્થ સેન્ટરનો સ્ટાફ ઘરે ઘરે જઈને લોકોની તબિયત વિશે પૃચ્છા કરે છે અને કોઈને ક્વૉરન્ટીન કર્યા હોય તો એના પાલન વિશે અડોશ-પડોશ મારફત ખબર મેળવી લે છે.

ડૉ. નિશાંત મેનન કહે છેઃ 'હેલ્થ સિસ્ટમના નેટવર્કના માધ્યમથી કોરોના દરદીના સંપર્કમાં આવેલા લોકોને શોધવામાં પણ ઘણી મદદ મળી છે. ખાદ્ય અને અન્ય ઘરેલુ ચીજો માટેના વિતરણનું પણ આવું જ ઉમદા માળખું કેરળે એની પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (રેશનિંગ) રૂપે વિકસાવ્યું છે. ઘણાખરા લોકોને ઘરઆંગણે જ રોજિંદી જરૂરતની ચીજવસ્તુ મળી જતી હોય તો એમણે બીજે ક્યાંય જવું ન પડે. આ જ કારણે લૉકડાઉનનું પાલન ન થતું હોવાની બીજાં રાજ્યો જેવી ફરિયાદ કેરળમાં સાંભળવા મળી નથી.'

કેરળની પ્રજામાં દારૂસેવનનું પ્રમાણ બીજાં રાજ્યોની સરખામણીએ ઘણું વધારે છે. તાળાબંધીને લીધે બીજી દુકાનોની જેમ લિકર શૉપ બંધ થઈ ગઈ ત્યારે શરાબ ન મળવાની નિરાશાને લીધે પાંચ-છ માણસે આપઘાત કરી લીધો હોવાની વાત બહાર આવી હતી.

આ વાતનું સમર્થન કરી કોચીની એક સરકારી હૉસ્પિટલ સાથે સંકળાયેલાં સાઈકિયાટ્રિસ્ટ **ડૉ. અપર્ણા ગોપીકિશન** *ચિત્રલેખા*ને કહે છે કે લૉકડાઉનની શરૂઆતના દિવસોમાં દારૂ પીવા ન મળતો હોવાથી જાણે આકાશ તૂટી પડ્યું હોય એમ ઘણા લોકો અકળાઈ ગયા હતા. એમાંથી અમુકે આત્મહત્યાનો રસ્તો અપનાવ્યો. સરકારને પણ એના પરના વેરાની આવક મળતી બંધ થઈ ગઈ હતી. જો કે પછી લોકોને સમજાઈ ગયું કે દારૂનું વેચાણ સ્થગિત કરીને સરકાર કરોડો રૂપિયાનું નુકસાન ભોગવી રહી છે તો મામલો ગંભીર જ હશે. છેવટે લોકોએ દારૂબંધી સ્વીકારી લીધી. હવે બધાને એનો ફાયદો સમજાઈ રહ્યો છે.

આ ફાયદો જરા જુદી રીતે જોઈએ તો તબીબોને આશા છે કે તાળાબંધીમાં દારૂ ન મળતો હોવાથી

કેરળનાં આરોગ્યપ્રધાન કે.કે. શૈલજાઃ **ગાફેલ રહેવું આપણને પાલવે એમ નથી એટલે લોકો છૂટછાટની વધુ અપેક્ષા ન રાખે.**

ઈમર્જન્સી મેડિસિન સ્પેશિયાલિસ્ટ ડૉ. નિશાંત મેનનઃ **પબ્લિક હેલ્થ સિસ્ટમમાં ભાગ્યે જ કોઈ રાજ્ય કેરળની તોલે આવી શકે.**

જેમણે અત્યારે પીવાનું બંધ કર્યું છે એમાંથી કમ સે કમ પચ્ચીસ ટકા વ્યસની હવે કાયમ માટે શરાબની આદત છોડી દેશે!

ડૉ. અપર્ણા ગોપીકિશન કહે છે કે અત્યારે તો ઘણા લોકોનું ઘરબહાર નીકળવાનું જ સાવ બંધ થઈ ગયું છે અને એને લીધે કામ કે પ્રવૃત્તિ પણ અટકી ગયાં છે. આવી હાલતમાં એમનું દિમાગ કોઈ ને કોઈ રીતે પ્રવૃત્ત રાખવું જરૂરી છે, જેથી એ લોકો હતાશામાં ન સરી પડે.



કોઝિકોડનાં નગરસેવિકા જયશ્રી શાહઃ **નિયમપાલનમાં અહીંની પ્રજાને કોઈ ન પહોંચે. લોકો બહુ વાંધાવચકા પણ કાઢતા નથી.**

સાઈકિયાટ્રિસ્ટ ડૉ. અપર્ણા ગોપીકિશનઃ **કોરોનાએ આપણને પરિવાર સાથે ગાળવા પૂરતો સમય આપ્યો છે. એ તક વેડફો નહીં.**

કેરળ સરકારે એ માટે પણ કેટલાક ઉપાય અજમાવ્યા છે. રાજ્યના લાખો યુવાન એમના પરિવારથી દૂર રહે છે. પરિણામે ઘણાં ઘરમાં માત્ર વૃદ્ધો જ બચ્યા છે. એમના માટે સરકારે કમ્યુનિટી કિચન શરૂ કર્યાં છે. આવા રસોડામાં સેવા આપવા આવવું હોય તો છૂટ છે. આ ઉપરાંત, સરકાર તરફથી બાળકો અને વડીલો માટે પણ નિયમિત ધોરણે ઑનલાઈન સ્પર્ધા યોજવામાં આવે છે.

કાલિકટનાં મ્યુનિસિપલ કૉર્પોરેટર જયશ્રીબહેન શાહ કહે છે કે કેરળના ઘણા વિસ્તારમાં ઘર ખૂબ મોકળાશવાળાં છે. ઘરની આજુબાજુ ખુલ્લી જમીન પણ ખરી. કેરળ સરકાર અત્યારે લોકોને આ જમીનમાં કંઈ ને કંઈ ઉગાડવા પ્રોત્સાહન આપે છે. એના ભાગ રૂપે સરકાર તરફથી કેટલાક રોપા અને માટી તથા ખાતર ભરેલી થેલીઓ પણ પૂરી પાડવામાં આવે છે. મરચાં, ટમેટાં, જેમાંથી સાબુદાણા બને એ ટેપિઓકા પ્લાન્ટ, વગેરે ઘરે ઉગાડીને પોતાની જરૂરત પૂરી કરો અને એ રીતે કંઈક રચનાત્મક કામ કર્યાનો સંતોષ પણ મેળવો!

આવા કામમાં સમય નીકળી જાય તો માણસનું ભેજું કાટ પણ ન ખાય ને?

કેરળનાં આરોગ્યમંત્રી શૈલજા કહે છે:

‘આ બધું કર્યા પછી પણ અમારું કામ અટકવાનું નથી. વિદેશમાં, ખાસ તો દુબઈ, શારજાહ, ઓમાન, કતાર અને સાઉદી અરેબિયા જેવા અખાતી વિસ્તારમાંથી હજારો લોકો આગામી થોડા દિવસોમાં પાછા આવવાના છે. એમના મારફત કોરોના પાછો આવે તો અમારી મહેનત પર પાણી ફરી જતાં વાર ન લાગે. મતલબ કે ઍરપોર્ટ પરના કડક જાપ્તાથી માંડી તકેદારીનાં તમામ પગલાં યથાવત્ રહેશે. એમાં કોઈ બાંધછોડને અવકાશ નથી.’

શૈલજા મૅડમના શબ્દો સાચા પડતા હોય એમ અખાતી દેશોમાંથી હમણાં પાછા ફરેલા કેટલાક લોકોની કોરોના ટેસ્ટ પોઝિટિવ આવી છે અને એ સાથે કેરળમાં એક તબક્કે વીસથી નીચે ઊતરી ગયેલો ઍક્ટિવ પેશન્ટ્સનો આંક વધીને ૩૨ સુધી પહોંચ્યો છે.

આ હાલતમાં કેરળ જેની માટે સૌથી જાણીતું છે એ પર્યટન ઉદ્યોગ માટે તો કોઈ કંઈ બોલી શકે એમ જ નથી. ઓગસ્ટ મહિનાના છેલ્લા દિવસોમાં અહીંના મુખ્ય તહેવાર ઓનમ્‌ની ઉજવણી શાંતિથી એટલે કે કોરોનાના નવા આતંક વગર પાર પડે તો દેવભૂમિ ગણાતું કેરળ કદાચ પર્યટકોને આવકારવા ઝટપટ તૈયાર થઈ જાય.

કેરળ ટુરિઝમનું સૂત્ર છે:

ગૉડ્સ ઑન કન્ટ્રી...

કેરળ અત્યારે તો ખરેખર પ્રભુનો પ્યારો પ્રદેશ બની રહ્યો છે!

☐ પૂરક તસવીરોઃ **પીટીઆઈ**

અમદાવાદ મધ્યસ્થ જેલ
NOTICE
જાહેર ચેતવણી

આ જેલને પણ લાગ્યું કોરોનાનું ગ્રહણ

મુંબઈની આર્થર રોડ જેલમાં ૧૮૦થી વધુ કેદી કોરોનાગ્રસ્ત થયા હોવાના અહેવાલ આવ્યા છે ત્યારે આ કાળમુખા ગ્રહણમાંથી કઈ રીતે મુક્તિ મેળવી રહ્યા છે ગુજરાતના કારાગાર... અમદાવાદ જેલમાં ૧૮ કેદી કોરોના પૉઝિટિવ આવ્યા પછી ગુજરાતની જેલો ૧૩ હજાર કેદી અને સ્ટાફની સ્વાસ્થ્ય સુરક્ષા અને સલામતી માટે કઈ રીતે સજ્જ અને સજાગ બન્યા છે કારાવાસના વિભિન્ન ઉચ્ચ અધિકારીઓ...

મહેશ શાહ (અમદાવાદ)

કોરોના વાઈરસ સામે વ્યક્તિમાં ઍન્ટિબૉડીની સક્રિયતા ચકાસવા માટે *અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને* ઍન્ટિબૉડી રેપિડ ટેસ્ટ શરૂ કરી હતી. જો કે આ ટેસ્ટ કિટનો વિવાદ થતાં હાલમાં ટેસ્ટ બંધ કરી છે.

જો કે એનો ચોંકાવનારો કિસ્સો જાણવા જેવો છે...

૨૮ એપ્રિલે અમદાવાદના એક પોલીસસ્ટેશનના અધિકારીએ ચાર આરોપીની માધુપુરાના *અર્બન હેલ્થ સેન્ટર*માં ઍન્ટિબૉડી રેપિડ ટેસ્ટ કરાવી. રિપોર્ટ નેગેટિવ આવ્યો એટલે ચારેએ હાશકારો લીધો. પછી પોલીસ અધિકારી રિપોર્ટ સાથે ચારેયને અમદાવાદની સેન્ટ્રલ *(સાબરમતી)* જેલમાં મૂકવા ગયા. જો કે જેલ અધિકારીએ *અર્બન સેન્ટર*ના બદલે *કોવિડ હૉસ્પિટલ*ના રિપોર્ટનો આગ્રહ રાખ્યો એટલે બન્ને વચ્ચે દલીલો થઈ. આખરે બીજા દિવસે પોલીસ અધિકારીએ *કોવિડ હૉસ્પિટલ*માં ચારેયની ટેસ્ટ કરાવી. એનું પરિણામ ચોંકાવનારું આવ્યું-ચારેય કોરોના પૉઝિટિવ હતા.

આ પહેલાં ૨૬ એપ્રિલે બે કેદીનો કોરોના રિપોર્ટ પૉઝિટિવ આવેલો. બન્નેને હૉસ્પિટલાઈઝ કર્યા હતા. માની લો કે રેપિડ ટેસ્ટના નેગેટિવ રિપોર્ટવાળા ચાર કેદીને જેલમાં દાખલ કર્યા હોત તો શું થાત? કદાચ અમુક કેદી અને જેલ સ્ટાફને ચેપ લાગ્યો હોત. અલબત્ત, એવું ન થયું, કારણ કે ગુજરાત હાઈ કોર્ટના આદેશના આધારે ગુજરાતના જેલ વિભાગે *કોવિડ હૉસ્પિટલ*ના નેગેટિવ રિપોર્ટવાળા કેદીને જેલમાં દાખલ કરવાનો નિયમ બનાવ્યો છે. એના પાલન માટે જેલ અધિકારીએ દાખવેલી ભારે ચોકસાઈના લીધે જેલમાં કોરોના વાઈરસ સંક્રમણની સંભવિત મુશ્કેલી ટળી.

અહીં મહત્ત્વનો સવાલ એ ઉદ્ભવે છે કે ચાર કેદી પહેલાં કે પછી રેપિડ ટેસ્ટમાં નેગેટિવ રિપોર્ટ મેળવનારી તમામ વ્યક્તિ ખરેખર કોરોના નેગેટિવ હતી ખરી?!

પછીના દિવસોમાં પણ અમુક કેદી અને જેલ સ્ટાફને કોરોના થયો. આ અંગે અમદાવાદ મધ્યસ્થ જેલના ડીવાયએસપી **દિગ્વિજયસિંહ (ડી.વી.) ચણા** *ચિત્રલેખા*ને કહે છે કે ૨૬ એપ્રિલથી ૧૧ મે સુધીમાં કાચા કામના (કેસ ચાલે છે કે ચાલ્યો નથી એવા આરોપી) સાત અને પાકા કામના (સજા પામેલા) પાંચ મળીને કુલ ૧૨ પુરુષ કેદીનો કોરોના રિપોર્ટ પૉઝિટિવ આવ્યો. કાચા કામના સાતમાંથી છને *ગાયકવાડ હવેલી* અને ઈસનપુરની પોલીસ જેલમાં

મૂકી ગઈ હતી. એક આરોપી વચગાળાના જામીન બાદ જેલમાં પરત આવેલો. એ જ રીતે સજા પામેલા પાંચ કેદી પેરોલ કે ફર્લો પૂરો કરીને જેલમાં પરત આવ્યા હતા. જો કે ગુજરાત હાઈ કોર્ટના આદેશ મુજબ જેલમાં આવતા તમામ કેદીનો કોરોના રિપોર્ટ નેગેટિવ હોય તો જ જેલમાં દાખલ કરવામાં આવે છે. એ પછી પણ કેદીને જેલમાં આઈસોલેશન રૂમમાં ૧૬ દિવસ અને ક્વૉરન્ટીન રૂમમાં ૧૪ દિવસ રાખીને ફરીથી ટેસ્ટ થાય, જેનો રિપોર્ટ નેગેટિવ આવે તો જ એને બેરેકમાં મોકલવામાં આવે છે, જ્યારે પોઝિટિવ રિપોર્ટના કેદીને અમદાવાદની સિવિલ હૉસ્પિટલના પ્રિઝન વૉર્ડમાં સારવાર લેવા મોકલ્યા હતા. ત્યાંથી જેલમાં પરત આવ્યા બાદ પણ જેલના આઈસોલેશન રૂમમાં ૧૬ અને ક્વૉરન્ટીન રૂમમાં ૧૪ દિવસ રાખીને બેરેકમાં મોકલવામાં આવે છે. આમ નવા દરેક કેદીને એકાદ મહિના બાદ બેરેકમાં મોકલવામાં આવે છે.

આવી સઘન કાળજી છતાંય જેલના ચેકિંગ અને જડતી વિભાગના છ પોલીસનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો. મનાય છે કે પોઝિટિવ કેસવાળા કેદીને જેલથી હૉસ્પિટલ લઈ જવાની કામગીરીમાં કદાચ ચેપ લાગ્યો હશે. આમ ૧૨ કેદી અને છ જેલ પોલીસ કોરોનાનો ભોગ બનવાથી ગુજરાતની તમામ ને ખાસ કરીને અમદાવાદ જેલના તમામ કેદીઓ અને જેલ સ્ટાફની આરોગ્ય જાળવણી ને સલામતી રાખવી અનિવાર્ય બની છે. પાછલા દિવસોમાં ગુજરાતની સૌથી જૂની અમદાવાદની *સાબરમતી* જેલમાં ક્યારેક અમુક કેદીઓ વચ્ચે દંગલ, ફોન અને જેલ પ્રતિબંધિત સામગ્રીનો ઉપયોગ કે વસ્તુ મળવી, વગેરે ઘટના બની. એના લીધે અમદાવાદ જેલ ચર્ચા અને વિવાદમાં રહી.

આ લખાય છે (૧૨ મે) ત્યારે અમદાવાદમાં જેલમાં ૩૧ કેદી આઈસોલેશન અને ૨૦ કેદી ક્વૉરન્ટીન રૂમમાં છે, જ્યારે પોઝિટિવ રિપોર્ટ ધરાવતા છ જેલ કર્મચારીમાંથી બે *એસવીપી હૉસ્પિટલ*, ત્રણ *કોવિડ કેર સેન્ટર (સમરસ હૉસ્પિટલ)* અને એક હોમ ક્વૉરન્ટીન હોવાનું એક ઉચ્ચ અધિકારી *ચિત્રલેખા*ને કહે છે.

ગુજરાતની જેલોમાંથી એકમાત્ર અમદાવાદ જેલમાં કુલ ૧૮ જણ કોરોનાગ્રસ્ત થયા. સુરત જેલમાં એક કેદીનો હવે નેગેટિવ રિપોર્ટ આવ્યો છે. આ માહોલમાં ગુજરાતની જેલોમાં કેદીઓ અને જેલ સ્ટાફની સલામતી માટે શું પગલાં લેવામાં આવ્યાં એ જાણવાનો અમે પ્રયાસ કર્યો.

અમદાવાદ જેલના પ્રવેશદ્વાર પાસે આગંતુકો માટે સેનિટાઈઝ ટનલ છે.

કેદીઓ રોજ ૫૦ પોલિ-પ્રોપલીનની પીપીઈ કિટ પણ બનાવે છે.

અહીં પુરુષ-મહિલા કેદી રોજ બે હજાર માસ્ક બનાવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને ૫૦ હજાર માસ્ક ખરીદ્યાં પણ છે.

આ વિશે ગુજરાતની જેલોના ઈન્સ્પેક્ટર જનરલ (આઈજી) **ડૉ. કે.એલ.એન. રાવે** *ચિત્રલેખા*ને વિગતે વાત કરી. એ કહે છે કે અમે સાવચેતીનાં અનેકવિધ પગલાં લીધાં છે. ગુજરાતમાં ચાર (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને લાજપોર-સુરત) મધ્યસ્થ જેલ સહિત કુલ ૨૮ જેલમાં અંદાજે ૧૩ હજારની ક્ષમતાથી વધુ એટલે કે અંદાજે ૧૫ હજાર પુરુષ અને સ્ત્રી બંદીવાન હતાં. એમાં દસેક હજાર કાચા કામ (આરોપી), ચારેક હજાર પાકા કામ (સજા ભોગવતા કેદી) અને એકાદ હજાર અટકાયતી હતા. કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમાં સુપ્રીમ કોર્ટે એક પિટિશનના ચુકાદામાં જેલોમાંથી અમુક કેદીઓને છોડવા ભલામણ કરી હતી. એ આધારે ગુજરાતના ગૃહ વિભાગે ગુજરાત હાઈ કોર્ટના જસ્ટિસ છાયા સાહેબની અધ્યક્ષતામાં અધિક મુખ્ય સચિવ (ગૃહ) અને જેલ આઈજીપીની હાઈ પાવર કમિટી રચી છે. કમિટીની ભલામણ બાદ કોર્ટે કેદીના ગુણદોષના આધારે બે હજાર જેટલા કાચા

અને પાંચસો પાકા મળીને અંદાજે ૨૫૦૦ બંદીવાનને બે મહિના માટે કામચલાઉ ધોરણે જેલમુક્ત કર્યા છે. આમ કેદીઓ ઘટવાથી જેલોમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી શકાય છે.

કેદીઓની સુવિધા-સલામતી અંગે જેલવડા રાવ કહે છે કે ગુજરાતની બધી જેલોમાં રોજ અંદાજે ચારથી આઠ નવા કેદી આવે છે એથી જેલમાં નવા દાખલ થતા અને પેરોલ-ફર્લો પરથી પાછા ફરતા દરેક કેદી માટે કોરોના નેગેટિવનું પ્રમાણપત્ર મેળવવાનું ફરજિયાત બનાવ્યું છે. એ કેદીને શરૂમાં અન્ય કેદીઓથી અલાયદા રાખવા માટે દરેક જેલમાં આઈસોલેશન અને ક્વૉરન્ટીન રૂમ બનાવ્યા છે. એ ઉપરાંત, જેલવાસી કેદીને શરદી, તાવ, ખાંસી થાય તો આઈસોલેશન રૂમમાં ૧૪ દિવસ રાખવામાં આવે છે. પછી જરૂરી લાગે તો *કોવિડ હૉસ્પિટલ*માં સારવાર આપવામાં આવે. બધા કેદીને *આયુષ મંત્રાલય*ની માર્ગદર્શિકા મુજબ ખોરાક અને ઉકાળો આપવામાં આવે છે. યોગ કરાવવામાં આવે છે. સાઈકોલૉજિસ્ટ, સાઈકિયાટ્રિસ્ટ, તજજ્ઞોનું માર્ગદર્શન પણ એમને મળે છે.

આઈજી ડૉ. કે.એલ.એન. રાવ

વાત આગળ વધારતાં ડૉ. રાવ કહે છે કે અમદાવાદ જેલને વાઈરસમુક્ત કરવા *અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન* પાસે સેનિટાઈઝ કરાવેલી. પછી જેલમાં આવનારી તમામ વ્યક્તિને સેનિટાઈઝરથી હૅન્ડ વૉશ કરાવતા હતા. હવે વધુ સુગમતા-સલામતી માટે જેલ અધિકારી **વી.આર. પટેલ** અને **એ.એસ. પરમાર**નાં માર્ગદર્શનમાં કેદીઓ પાસે પાંચ સેનિટાઈઝ ટનલ બનાવડાવી છે, જે મારી ઑફિસ, અમદાવાદની જૂની અને નવી જેલ તથા વડોદરા જેલના ગેટ પાસે મૂકી છે. બધી જેલોમાં માસ્ક, સેનિટાઈઝર મોકલ્યાં છે.

અમદાવાદ જેલના ઉદ્યોગ વિભાગના ફૅક્ટરી મૅનેજર એ.એસ. પરમાર કહે છે કે ચાર સેન્ટ્રલ જેલમાં કેદીઓએ જેલ ઉત્પાદિત સુતરાઉ કાપડમાંથી દોઢેક લાખ માસ્ક બનાવ્યાં છે. અમદાવાદ જેલમાં પુરુષ અને મહિલા કેદી રોજ બે હજાર માસ્ક બનાવે છે. *અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને* ૫૦ હજાર માસ્ક ખરીદ્યાં તથા હજી વધુ માસ્ક આપવાનાં છે. એ ઉપરાંત, ૧૦ રૂપિયાના ભાવે માસ્કનું છૂટક વેચાણ કરીએ છીએ. વડોદરા જેલમાં કેદીઓ સાબુ, લિક્વિડ ક્લીનર, સેનિટાઈઝર બનાવે છે. અમદાવાદ જેલમાં કેદીઓ રોજ ૫૦ પોલિ-પ્રોપલીનની *પીપીઈ* (પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ) કિટ બનાવે છે. એક હજાર કિટ બનાવવાનો લક્ષ્યાંક છે. *પીપીઈ* કિટની ગુણવત્તા અંગે જેલવડા રાવ કહે છે કે જેલમાં બનતી *પીપીઈ* કિટ *આઈઆઈએસ* માર્કાની નથી. આ કિટ અમારા જેલ સ્ટાફને આપવા માટે બનાવી છે. એનો પોલીસ પણ ઉપયોગ કરી શકે છે.

ડીવાયએસપી ડી.વી. રાણા

ફૅક્ટરી મૅનેજર પરમારભાઈ કહે છે કે ગુજરાતની જેલોમાં વણાટ, ફર્નિચર, ટેલરિંગ, બેકરી, કેમિકલ, ભજિયાં, વગેરે ઉદ્યોગનું વાર્ષિક ટર્નઓવર ૧૦ કરોડ રૂપિયાથી વધુ થાય છે. હવે માસ્કનો ઉમેરો થયો છે.

જેલ આઈજીએ ગુજરાતની તમામ જેલોમાં કોરોના વાઈરસના અટકાવ માટે વિવિધ પગલાં લેવા ઉપરાંત એ ઉચ્ચ અધિકારીઓને માર્ગદર્શન આપે છે. સ્ટાફ સજાગ રહે છે. જેલ આઈજી ડૉ. રાવે એની ચકાસણી પણ કરી. એના ભાગ રૂપે જેલ આઈજીના માર્ગદર્શનમાં ડીઆઈજી એસ.કે. ગઢવી, જેલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. એમ.કે. નાયક, વગેરે અધિકારીઓએ *સાબરમતી* જેલમાં ૨૧ એપ્રિલે સાંજે મોક ડ્રિલ યોજી હતી.

ગુજરાતમાં સૌપ્રથમ અમદાવાદ જેલમાં યોજાયેલી મોક ડ્રિલ અંગે ડીવાયએસપી ડી.વી. રાણા અમને આમ કહે છેઃ

આઈસોલેશન વૉર્ડમાં સારવાર લેતા એક કેદીએ *મને શ્વાસ લેવામાં તકલીફ પડે છે* એવી બૂમ મારી. તુરત જ સિપાઈ અને જમાદારે એને વૉર્ડમાંથી બહાર લાવીને જેલ હૉસ્પિટલ અને ઉચ્ચ અધિકારીઓને જાણ કરી એટલે જેલના ડૉક્ટરોએ એને તુરંત તપાસ્યો તથા સ્થિતિ પારખીને તાકીદે *કોવિડ હૉસ્પિટલ*માં મોકલવા માટે ફોન કરીને ઍમ્બ્યુલન્સ મગાવી. જેલ સ્ટાફે બેડ, સ્ટ્રેચર, વગેરે સેનિટાઈઝ કર્યાં. આમ કેદીની અચાનક માંદગીના સંજોગમાં એને ત્વરિત સારવાર અપાવવા માટે જેલ સ્ટાફે લીધેલાં પગલાં, સંકલન, સહયોગ, વગેરેની ચકાસણી થઈ હતી. આ સફળ પ્રયોગ બાદ સુરત જેલમાં પણ મોક ડ્રિલ યોજાઈ.

ફૅક્ટરી મૅનેજર એ.એસ. પરમાર

કોરોનાના કપરા જંગમાં ડૉક્ટર, નર્સ, પેરા-મેડિકલ સ્ટાફ, સમગ્ર પોલીસતંત્ર પોતાના જાનના જોખમે ફરજ બજાવે છે. એ યાદીમાં જેલ સ્ટાફ અંદાજે ૧૩ હજાર કેદીઓની સંભાળની મહત્ત્વપૂર્ણ જવાબદારી અદા કરે છે. લૉકડાઉનમાં પરિવારની મહત્તા વધી છે. એવા સમયે ઘર-પરિવારથી દૂર રહેતા બંદીવાનોએ માસ્ક, *પીપીઈ*, સેનિટાઈઝર બનાવી પોતાના કૌશલ્યની સાથોસાથ સમાજપ્રેમનો અનેરો પરિચય આપ્યો છે.

☐ તસવીરોઃ **ગુજરાત જેલ વિભાગ** I **પ્રજ્ઞેશ વ્યાસ**

મુંબઈની આજકાલ

ધારાવી કેમ બન્યું હૉટ સ્પૉટ?

મુંબઈનો સૌથી ગીચ વિસ્તાર કોરોનાનો મેજર હૉટ સ્પૉટ બનવા જઈ રહ્યો છે ત્યારે પ્રશાસન ચોવીસ કલાક ખડે પગે કામગીરી કરી હોવાના દાવા કરે છે તો સ્થાનિકો સરકારી પદ્ધતિઓ અયોગ્ય-અપૂરતી હોવાની ફરિયાદ કરી રહ્યા છે. શું છે હકીકત? જોઈએ, ગ્રાઉન્ડ રિપોર્ટ.

નીલેશ કરંજે (ધારાવી-મુંબઈ)

બ્રિટિશ રાજવટમાં કારખાનાંના કામદારો અને બહારગામથી આવનારા મજૂરો માટે ધારાવીની કામ પૂરતી રહેવાસી વસતી ઊભી કરવામાં આવી હતી. આઝાદી પછી તો સતત બહારગામના મજૂરોનો વધારો મુંબઈમાં થતો ગયો એટલે અહીં જ એક પછી એક ઝૂંપડપટ્ટીઓ સર્જાતી ગઈ. વિસ્તારની જગ્યા ઓછી પડવા લાગી એટલે એકના ઉપર બીજી એમ બહુમાળી ઝૂંપડપટ્ટી સર્જાઈ ગઈ. કોઈએ આ વ્યવસ્થારહિત વધી રહેલી ઝૂંપડપટ્ટી સામે ધ્યાન ન આપ્યું ને ત્યાં રહેતા લાખો લોકોની વોટ બૅન્ક મેળવવા અહીં આવતા નેતાઓ ન આ ઝૂંપડપટ્ટીના સતત વધતા વ્યાપને રોકવાની ચિંતા કરી કે ન એને કાયદાકીય રીતે વ્યવસ્થિત કરવાની. પરિણામે અહીં વિશ્વની સૌથી મોટી ને સૌથી જોખમી બિનસત્તાવાર માનવવસાહત ઊભી થઈ ગઈ છે.

આ વાત એ માટે હવે ચિંતા જન્માવે છે, કારણ કે દેશ-દુનિયા-મુંબઈમાં જે કોરોનાનો કેર વર્તાયો છે એમાં ધારાવી હૉટ સ્પૉટ તરીકે ઊભરી આવ્યું છે ને નિષ્ણાતો કહી રહ્યા છે કે આગળની સ્થિતિ કલ્પી શકાય એમ પણ નથી. કોરોનાની લડાઈમાં સૌથી મહત્ત્વનું સોશિયલ ડિસ્ટન્સિંગ ને મેડિકલ ડિસિપ્લિનનું પાલન ધારાવીમાં અશક્ય છે.

ધારાવી મુંબઈની ભૂગોળમાં માત્ર ૦.૫૫ ટકા હિસ્સો ધરાવે છે. ૨.૧ ચોરસ કિલોમીટરના ક્ષેત્રમાં ફેલાયેલી આ વિશાળકાય અનધિકૃત ઝૂંપડપટ્ટીમાં ૮ લાખ ૫૦ હજારથી વધુ વસતિ છે. મુંબઈમાં પ્રતિ હેક્ટર ૨૨૮ લોકો વસે છે, જ્યારે ધારાવીમાં એ સંખ્યા ૩૮૪૬ છે. અહીં મોટા ભાગનાં ઘર આઠ બાય દસ કે દસ બાય દસ ફૂટનાં છે. મોટા ભાગનાં ઘરમાં આઠ કે દસ વ્યક્તિ રહે છે. ધારાવીમાં ૮૦ ટકા લોકો ૧૦૦ ચોરસ ફૂટથી નાનાં ઘરમાં રહે છે. આ આંકડા જ ધારાવીની ગીચ વસતિનો ને ત્યાંના

લોકોની અડચણોનો અંદાજ આપવા પૂરતા છે.

મુંબઈનાં માહિમ-માટુંગાની વચ્ચે ઊગી નીકળેલો આ વિસ્તાર જોતજોતાંમાં વિશ્વની સૌથી મોટી ઝૂંપડપટ્ટીમાં બદલાઈ ગયો, પણ આશ્ચર્યજનક વાત એ છે કે મુંબઈના સૌથી પૉશ વિસ્તારોમાંથી એક ને સૌથી મહત્ત્વના વ્યાવસાયિક કેન્દ્ર *બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ*થી એ માત્ર બે કિલોમીટર દૂર છે. અહીં ૬૩ ટકા હિંદુ ને ૩૦ ટકા મુસલમાનો સાથે તમામ જાતિ-ધર્મના લોકો રહે છે.

અત્યારે ધારાવીના તમામ વિસ્તારો *મુકુંદનગર, ધનવાડા ચાલ, સોશલ નગર, જનતા સોસાયટી, કલ્યાણવાડી, પીએમજીપી કૉલોની, રાજીવ ગાંધી ચાલ, શાસ્ત્રી નગર, નેહરુ ચાલ, ઈન્દિરા ચાલ, ગુલમોહર ચાલ,* વગેરે બધેથી કોરોનાના ઢગલા કેસ મળી ચૂક્યા છે.

કોરોનાકાળમાં અહીંની પરિસ્થિતિ વિશે જાણીએ…

ડૉક્ટર્સના નેતૃત્વમાં એક નર્સ ને બે પાલિકા અધિકારી સહિતની ૧૦ ટીમ અત્યારે ધારાવીમાં કોરોનાની તપાસ માટે કાર્યરત છે. ધારાવીમાં જ ત્રણ વિસ્તાર ક્વૉરન્ટીન સેન્ટર તરીકે ઊભા કરવામાં આવ્યા છે ને આસપાસની ખાનગી-સરકારી હૉસ્પિટલોને સજ્જ કરવામાં આવી છે. શહેરના જી નૉર્થ મ્યુનિસિપલ વિભાગમાં આવતા ધારાવી વિસ્તારના સહાયક આયુક્ત **કિરણ દિઘાવકર** *ચિત્રલેખા*ને જણાવે છે:

‘મહાનગરપાલિકા ફુલ ઍક્શન મોડમાં છે. અમારા ૨૫૦૦ કર્મચારી અને ખાનગી ક્ષેત્રના ૫૦૦ તબીબી કર્મચારી અત્યારે મિશન ધારાવીમાં લાગ્યા છે. સ્ક્રીનિંગ, ટેસ્ટિંગ અને આઈસોલેશન એ ત્રણ તબક્કામાં કામ ચાલે છે. લૉકડાઉનના પહેલા દિવસથી ૬ મે સુધી ૧૦,૦૦૦થી વધારે લોકોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ૮૩૩ પોઝિટિવ છે. ૨૫૦૦ ક્વૉરન્ટીન છે. ૨૭ મૃત્યુ પામ્યા છે, જ્યારે ૨૨૨ સાજા થઈને ઘરે ગયા છે. જો કે હજી કેટલા વધુ દરદી મળશે એની અટકળ કરવી મુશ્કેલ છે.’

મુંબઈનો ઘણો મોટો કારીગર વર્ગ ધારાવીમાં રહે છે. ૧૦ ફીટ રોડ ધારાવીનું બિઝનેસ હબ છે. ઘણા લઘુ ઉદ્યોગો માટે તો ધારાવી હબ બની ગયું છે, જેમ કે પ્લાસ્ટિક રિસાઈકલિંગ. એ સિવાય ગાર્મેન્ટ અને લેધર માટે પણ ધારાવી મહત્ત્વનું કેન્દ્ર છે. કુલ ૧૫૦૦થી વધારે લઘુ ઉદ્યોગો ને એક-એક ઓરડામાં ચાલતી ૫૦૦૦ જેટલી ફૅક્ટરીઝ

પીટીઆઈ

સાંકડી જગ્યામાં વધુ લોકો રહેતા હોવાને કારણે ધારાવીમાં સોશિયલ ડિસ્ટન્સિંગનો નિયમ પાળવો અશક્ય છે, પરિણામે કોરોનાનો ચેપ સતત ફેલાતો જાય છે. તબીબી કર્મચારીઓ લાચારી સાથે ફરજ બજાવી રહ્યા છે.

આ મુઠ્ઠીભર વિસ્તારમાં ધમધમે છે. ધારાવીનું અંદાજિત વાર્ષિક ટર્નઓવર ૭૬૦૦ કરોડ રૂપિયાનું છે. અમેરિકા, યુરોપ અને અખાતના દેશોમાં ધારાવીમાંથી ઉત્પાદિત માલ મોટા પ્રમાણમાં જાય છે. મોટો વ્યવસાય *ધારાવી સ્પેશિયલ ટુર* દ્વારા પણ ચાલે છે, જેમાં દેશી-વિદેશી પર્યટકોને અહીંની સફર કરાવી સાથે રોજિંદા જીવન ને વ્યવસ્થાઓની જાણકારી આપવામાં આવે છે.

જો કે વેસ્ટ મૅનેજમેન્ટ અને પ્લાસ્ટિક રિસાઈકલિંગ ઈન્ડસ્ટ્રીને લીધે ધારાવી ગીચતા સાથે પ્રદૂષણથી પણ ખૂબ પીડાઈ રહ્યું છે, જેના તરફ અત્યાર સુધી તદ્દન દુર્લક્ષ કરવામાં આવ્યું હતું. એ જ કારણે અહીં વારંવાર *કોલેરા, ટાયફોઈડ* જેવા રોગચાળા ફાટી નીકળે છે. ૧૮૯૬ની પ્લેગ મહામારી વખતે પણ ધારાવીએ ભારે તબાહી ફેલાવી હતી ને અહીંના પચાસ ટકા લોકોનો ખાત્મો થઈ ગયો હતો. દુર્ગંધભર્યાં નાળાં, કચરાના ઢગલા, એમાં પાછા વેસ્ટ રિસાઈકલિંગના ઉદ્યોગો, ભારે અસ્વચ્છતા અને જાહેર શૌચાલયો, વગેરે કારણોને લીધે ધારાવી હંમેશાં બીમારી માટે હૉટ સ્પૉટ રહ્યું છે.

વર્ષા ગાયકવાડ

અમારી કામગીરી યુદ્ધના ધોરણે ચાલે છે. મુખ્ય મંત્રી પણ અહીંની સમસ્યાથી વાકેફ છે.

ધારાવીમાં જ મોટા થયેલા **વિશાલ પાટણકર** જણાવે છે કે ધારાવીની હાલત વિશે પ્રશાસન જે કહેતું હોય તે, પણ અહીંની હાલત બહુ જ કફોડી છે. પોલીસ પર સૌથી મોટી તાણ છે. પ્રશાસનનો અહીંની પરિસ્થિતિ પરનો કાબૂ છૂટી રહ્યો છે. અહીં બંદોબસ્તમાં આવેલા અનેક પોલીસ કર્મચારીઓ પોતે કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. અહીં રહેલા પરપ્રાંતીયોએ પાછા જવા માટે ફિટનેસ સર્ટિફિકેટ લેવા ડૉક્ટરોને ત્યાં રાતે ચાર-ચાર વાગ્યા સુધી લાઈનો લગાવી હતી. ઘણા ડૉક્ટરોએ સારીએવી ફી પણ વસૂલી છે. જો કે સૌથી મોટું જોખમ આ બધામાં સોશિયલ ડિસ્ટન્સિંગ કે સાવધાનીનો અભાવ છે.'

કિરણ દિઘાવકર

ત્રણ હજાર કર્મચારી ધારાવીમાં ખડે પગે છે. ૧૦,૦૦૦થી વધુ લોકોનાં ટેસ્ટિંગ થયાં છે.

અહીંની વિશિષ્ટ સ્થિતિ, જુદી જુદી માન્યતા-અંધશ્રદ્ધા ધરાવતા લોકો ને ગીચ વિસ્તાર જેવાં અનેક કારણસર ધારાવીમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાવવું મોટો પડકાર છે. પોલીસ માટે એ કપરામાં કપરું કામ છે. દુકાનોમાં ખરીદી વખતે ભીડને દૂર રાખવી અશક્ય છે.

અત્યારની સ્થિતિ સામે પ્રશાસન પણ જંગે ચડેલું છે. રોજ અહીં ૧૫૦ સફાઈ કર્મચારીઓની પાંચ ટીમ સફાઈ કરી રહી છે ને દર બીજે દિવસે વિસ્તારો સેનિટાઈઝ થઈ રહ્યા છે. ધારાવીમાં ૮૦ ટકા લોકો કમ્યુનિટી ટોઈલેટનો વપરાશ કરે છે. સાડા આઠ લાખ લોકો સામે માત્ર ૧૫૦૦ શૌચાલય છે. દરેક ટોઈલેટનો રોજ સરેરાશ ૭૦થી ૭૫ લોકો વપરાશ કરે છે.

ધારાવીનાં ધારાસભ્ય ને મહારાષ્ટ્રનાં શાળાકીય શિક્ષણમંત્રી **વર્ષા ગાયકવાડ** *ચિત્રલેખા*ને કહે છે:

'*મિશન ધારાવી*ની કામગીરી યુદ્ધના ધોરણે ચાલે છે. મને અહીંની જમીની હકીકતોની ખબર છે એટલે મેં પોતે મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેને અહીંની સમસ્યાઓના સીધા રિપોર્ટ્સ આપ્યા છે ને એ મુજબ ઍક્શન પ્લાન સરકાર ઘડી રહી છે. પરપ્રાંતીયોને એમના વતનમાં પાછા મોકલવાની વ્યવસ્થા કરી શકાય તો ઘણી મોટી સંખ્યા ધારાવીમાંથી ઓછી થાય એ તરફ મેં ખાસ ધ્યાન દોર્યું છે. પોઝિટિવ, સંભવિત ને ગંભીર કોરોના દરદીઓને રાખવા માટે અલગ અલગ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. હમણાં *આયુષ, લાઈફ કેર* જેવી ખાનગી હૉસ્પિટલ્સને પણ *કોવિડ હૉસ્પિટલ* તરીકે જાહેર કરવામાં આવી છે. *ટ્રેસિંગ-ટેસ્ટિંગ-ટ્રીટમેન્ટ* હમણાં આ ત્રણ સૂત્રી કાર્યક્રમ પર પ્રશાસન પૂરી મહેનતથી કામે લાગેલું છે. કોરોના સંકટ ઘણું મોટું છે ને એ કેટલો સમય ચાલશે એ આપણને ખબર નથી, પણ આપણે ક્યાંય પાછા પડીશું નહીં.'

વિશાલ પાટણકર

ધારાવીમાં ફરજ પર રહેલા અનેક પોલીસ કર્મચારી પણ કોરોનાની લપેટમાં આવી ચૂક્યા છે.

ધારાવીમાં સેંકડો ઘર એવાં છે, જ્યાં દિવસભર ડ્યુટી કરનારા પાંચ-સાત લોકો રાતે સૂઈ જાય ને ત્યાં જ રાતે ડ્યુટી કરનારા દિવસે સૂઈને આરામ કરી લે. આવા સમયે એ બધાને સાથે એક ઘરમાં રહેવાનું આવ્યું છે, જે ભારે અગવડભર્યું છે. સતત કામ કરવા ટેવાયેલા આ બધાની માનસિક સ્વસ્થતા જાળવવાનો પડકાર પણ મોટો છે.

નોંધનીય છે કે *ધારાવી પુનર્વિકાસ યોજના* ૧૯૯૭થી રખડે છે. જાન્યુઆરી, ૨૦૨૦માં દુબઈની કંપનીએ આ પુનર્વિકાસનો કૉન્ટ્રેક્ટ ૨૮,૦૦૦ કરોડ રૂપિયાની બોલી સાથે જીત્યો હતો, પણ હજી અગમ્ય કારણસર એ કંપનીને કૉન્ટ્રેક્ટ આપવામાં આવ્યો નથી.

□ રજૂઆત: **સુનીલ મેવાડા**

વતનવાપસીના બે ચહેરા

મૈં ગમ કો ખુશી કૈસે કેહ દૂં... જો કેહતેં હૈ ઉનકો કેહને દો...

કેતન મિસ્ત્રી (મુંબઈ)

ભારત સરકારના *વંદે ભારત મિશન* હેઠળ ઉઝબેકિસ્તાનથી આવેલા (રાઘર, આવેલી) એક યુવા પેસેન્જરનું દિલ્હી ઍરપોર્ટ પર ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. એના હાથમાં હતું એક વર્ષનું યૉર્કશાયર ટેરિયર પ્રજાતિનું એક સુંવાળું શ્વાન. એનું નામ ઑરિયો. પેસેન્જરની સાથે ઑરિયોનું પણ વેલકમ કરવામાં આવ્યું. ઍરપોર્ટ પર જ એને શ્વાનનો તાજો આહાર (બિસ્કૂટ, ચિપ્સ) આપવામાં આવ્યો. *ટ્વિટર* પર આ તસવીર અને લખાણ ચમકતાં જ જાતજાતની પ્રતિક્રિયા આવવા માંડી. કહે છે કે જેમણે આ લખાણ-તસવીર મૂક્યાં એ નવી દિલ્હી જિલ્લા પ્રશાસનનું વેરિફાઈડ એકાઉન્ટ છે.

હશે. આપણે આગળ વાત કરીએ. ભારતમાં નવીનવાઈનો, પણ મહાવિકરાળ *કોરોના* વાઈરસને ફેલાતો અટકાવવા બાવીસ માર્ચથી તાળાબંધી જાહેર કરવામાં આવી છે, જે આગામી દિવસોમાં લંબાવવામાં આવશે. સિત્તેર હજારથી વધુ ભારતીયોને આ વાઈરસનો ચેપ લાગ્યો છે ને ૨૨૯૦નાં એને લીધે મોત થયાં છે. લૉકડાઉનના ગાળામાં દેશનાં તમામ ઍરપોર્ટ્સને તાળાં મારી દેવામાં આવ્યાં છે-ન કોઈ વિમાન ઊડી શકે, ન કોઈ વિમાન ઉતરાણ કરી શકે.

મુશ્કેલી એ છે કે આજે પરદેશ ગયેલા નોકરિયાત, વિદ્યાર્થીઓ ત્યાં અટવાઈ પડ્યા છે. બાકી હતું તે હવાફેર કરવા ગયેલાં કુટુંબ પણ અટવાયાં. એમને પરત લાવવાની કવાયત શરૂ થઈ: *વંદે ભારત મિશન.* પહેલા તબક્કામાં આશરે છ હજાર ભારતીયોને વિમાન કે સ્ટીમર દ્વારા લાવવામાં આવ્યા. આ માટે *ઍર ઈન્ડિયા*નાં પચ્ચીસ વિમાન અને બે સ્ટીમરને કામે લગાડવામાં આવી. ભારતીય નૌકાદળની *આઈએનએસ જલશ્વ*માં સાતસો જેટલા ભારતીયોને માલદીવથી લાવવામાં આવ્યા, જ્યારે એક પેસેન્જર શિપને લક્ષદ્વીપથી ૧૨૧ ભારતીયોને લઈને કોચી (કેરળ)ના બંદરમાં લાંગરવામાં આવી.

ઈશાન મુંબઈના મુલુંડ પરાનો ૧૯ વર્ષી અનુજ કીર્તિ પંડ્યા પણ પરદેશમાં અટવાઈ ગયેલો એક ગુજરાતી વિદ્યાર્થી છે, જે હજી આઠ-નવ મહિના પહેલાં શિકાગો *(યુનિવર્સિટી ઑફ ઈલિનોઈ)* ભણવા ગયેલો. માંડ એ સેટલ થયો ત્યાં કોરોના ત્રાટક્યો. જેમ-તેમ કરીને એ બુધવાર (૧૩ મે)ની વહેલી સવારે શિકાગો ઍરપોર્ટથી *ઍર ઈન્ડિયા*ની

સ્પેશિયલ ૧૬ કલાકની નૉન-સ્ટૉપ ફ્લાઈટમાં મુંબઈ લૅન્ડ થયો. સરકારી નિયમ મુજબ હાલ એ ૧૪ દિવસ મહાનગર પાલિકાની માન્યતાપ્રાપ્ત હોટેલમાં ક્વૉરન્ટીન (ગાંધીજીની ભાષામાં સૂતક) પાળશે. એ કોઈને મળી નહીં શકે, રૂમની બહાર પણ નીકળી નહીં શકે. ચા-પાણી-ભોજન એને ત્યાં જ આપી દેવામાં આવશે. દરરોજ એની *કોવિડ-૧૯* ટેસ્ટ થશે. સતત ત્રણ ટેસ્ટ નેગેટિવ આવશે એ પછી થોડા નિયમ હળવા બનાવવામાં આવશે. સાથે જ ફ્લાઈટની ક્રૂ (પાઈલટ્સ, ઍર-હૉસ્ટેસ, વગેરે)ની પણ ટેસ્ટ થશે તથા એમને પણ અમુક સમય આઈસોલેશનમાં રાખવામાં આવશે.

દુનિયાના કોઈ પણ દેશે પરદેશમાં ફસાયેલા પોતાના દેશવાસીને પરત લાવવા આવી કવાયત કરી નહીં હોય. વિદેશી સત્તાવાળા સાથે, આપણા હાઈ કમિશન સાથે, ફોરેન સર્વિસના અધિકારીઓ, વગેરે સાથે તાલમેલ... આ બધું પ્રશંસાને પાત્ર છે.

ભારતમાં જડબેસલાક તાળાબંધીની શરૂઆત થઈ એ વખતે ફિલિપિન્સના કેપિટલ સિટી મનીલામાં અટવાઈ ગયેલા ગુજરાતી સ્ટુડન્ટ્સનો વિડિયો વાઈરલ થયેલો. એ ૧૩૯ વિદ્યાર્થીઓને પણ અમદાવાદ લાવવામાં આવ્યા. જુદા જુદા દેશમાં ગુજરાતથી ઉચ્ચ અભ્યાસ માટે ગયેલા આશરે હજાર જેટલા વિદ્યાર્થીને આ રીતે પાછા લાવવામાં આવ્યા.

ઉલ્લેખનીય છે કે હાલ આશરે દોઢ કરોડ ભારતીયો દુનિયાના વિવિધ દેશોમાં વસે છે. અત્યાર સુધી એકલા ગલ્ફ વિસ્તારમાંથી ત્રણ લાખ ભારતીયોએ ઈન્ડિયા પાછા આવવા પોતાનાં નામ નોંધાવ્યાં છે. *વંદે ભારત મિશન*ની વાત કરીએ તો મિશનના પહેલા તબક્કામાં (૭થી ૧૪ મે) ઍર *ઈન્ડિયા* અને એની સબ્સિડિયરી ઍર *ઈન્ડિયા એક્સપ્રેસ* ૬૪ ઉડાન ભરીને પંદર હજાર જેટલા ઈન્ડિયન્સને પરત લાવશે, જ્યારે બીજા તબક્કામાં (૧૬ મેથી ૨૨ મે) ૩૧ દેશમાંથી ૧૪૯ જેટલી રિપેટ્રિએશન ફ્લાઈટ્સ (અથવા વતનવાપસીની ઉડાન) ઉડાડવામાં આવશે. ત્રીજા તબક્કામાં ફ્રાન્સ-જર્મની અને ઈટાલી જેવા યુરોપિયન દેશો ઉપરાંત ઈન્ડોનેશિયા-ફિલિપિન્સ-થાઈલૅન્ડ તથા રશિયા અને કઝાકિસ્તાન-યુક્રેન-બેલારુસ, વગેરે જેવા દેશોમાં રઝળી પડેલા ભારતીયોને પરત લાવવામાં આવશે. કેનેડા-ઑસ્ટ્રેલિયા-જપાન-નેપાળ અને નાઈજીરિયા જેવા દેશો પણ હશે. બધું મળીને લગભગ સિત્તેર હજાર ભારતીયોને પરત લાવવાનું લક્ષ છે.

ખરેખર જોઈએ તો આ એક સરાહનીય ઉપક્રમ છે. દુનિયાના કોઈ પણ દેશે પરદેશમાં ફસાયેલા પોતાના દેશવાસીને પરત લાવવા આવી કવાયત કરી નહીં હોય. વિવિધ દેશના વિદેશી સત્તાવાળા સાથે, આપણા હાઈ કમિશન સાથે, ફોરેન સર્વિસના અધિકારીઓ, વગેરે સાથે વ્યવસ્થિત ગોઠવણ એ બધું પ્રશંસાને પાત્ર છે એમાં કોઈ સવાલ નથી. ભલે બધો ખર્ચો પેસેન્જરે આપવાનો હોયઃ ટિકિટનાં બમણાં દામ, ક્વૉરન્ટીનના ૧૪ દિવસનો નિવાસ-ભોજનખર્ચ, વગેરે, કેમ કે એ લોકોને આ બધું પરવડે છે.

તકલીફ એ છે કે જેમને આ બધું નથી પરવડતું એમની સંખ્યા વધારે છે. એમને આપણે મોબાઈલ સ્ક્રીન પર, ટીવી પર જોઈએ છીએઃ કાંખમાં ને આંગળીએ છોકરાં વળગાડીને સડક પર આકરા તાપમાં ચાલતી માતાઓ, આક્રંદ કરતા શ્રમિકો, ટ્રકમાં હકડેઠઠ ભરાઈને જતા હિજરતી (જસ્ટ કલ્પના કરો, એમાંથી એકાદને પણ કોરોના પોઝિટિવ નીકળ્યો તો?), મુંબઈથી બિહાર જવા નીકળેલી ઑટોરિક્ષા... આ બધાંનું શું કરીશું?

અફ કોર્સ, ઘણા એકલ-દોકલ નાગરિક કે સંસ્થાએ વખાણવાલાયક કામગીરી બજાવી. ઍક્ટર સોનુ સૂદે થાણેથી ગુલબર્ગ જવા લક્ઝરી બસોનો પ્રબંધ કર્યો. ૧૯૯૦માં દેશપ્રેમી અક્ષય કુમારે એકલે હાથે કુવૈતથી લાખ્ખો ભારતીયોને રવાના કરેલા (સત્યઘટના આધારિત *ઍરલિફ્ટ* ફિલ્મમાં).

શ્રમિકોની આવી દુર્દશા માટે વાંક કોનો? એવી ચર્ચા માંડવી નથી-માંડવાનો કોઈ અર્થ પણ નથી. વાત માત્ર એટલી કે કટોકટીની આવી ક્ષણમાં આપણે એમને એમના ભરોસે છોડી દીધા. લૉકડાઉન બાદના ૪૦-૪૫ દિવસ સુધી એમને માટે કોઈ ટ્રેન, બસ કે ક્વૉરન્ટીન ફેસિલિટી નહોતી એ હકીકત છે.

દરમિયાન મૂળ છત્તીસગઢનો પણ લખનૌમાં વસતો એક સાહુપરિવાર છે. દહાડિયા મજૂર. લૉકડાઉનમાં સાહુપરિવાર (પતિ-પત્ની અને એમનો નાનો પુત્ર) લખનૌથી પોતાને વતન છત્તીસગઢ સાઈકલ પર જવા નીકળ્યો છે. ૧૩ મે, બુધવારની બળબળતી બપોરે ઉત્તર પ્રદેશના રાયબરેલી નજીક હાઈ-વે પર સાહુદંપતી-પુત્ર થાક ખાવા બેઠાં છે ત્યાં એક પત્રકાર એમને સવાલ કરે છે કે *ગઈ કાલે રાતે (મંગળવાર, ૧૨ મે) વડા પ્રધાને વીસ લાખ કરોડ રૂપિયાના આર્થિક પૅકેજની જાહેરાત કરી છે તો એ વિશે તમારું શું માનવું છે?*

ત્યારે પત્ની લક્ષ્મી સાહુ જવાબ આપે છેઃ *હમ લોગોં કે લિયે એક બસ કા ઈંતજામ હી કર દિયે હોતે*... (આના કરતાં અમારા માટે એક બસની વ્યવસ્થા કરી હોત તો...)

ભઈ, શ્વાનને આવકારો. એ પણ જીવ છે બચાડો. સુખી ભવિષ્ય માટે પરદેશ સેટલ થયેલા અને ડબલ-ટ્રિપલ ભાડાં ચૂકવીને સ્વદેશ આવતા ભારતીયોને આવકારો, નો પ્રોબ્લેમ, પણ પેલા લોકો માટે પણ કંઈ ઈંતિજામ કર્યો હોત તો? ◻

આપણી આજકાલ

લૉકડાઉન

ગુજરાતીઓનું અભૂતપૂર્વ વખાણવા લાયક ભોજનદાન...!

મુંબઈમાં ઝૂંપડપટ્ટીવાસીઓને રસ–પૂરીનું જમણ... રાજકોટમાં રોજની એક લાખથી વધુ રોટલીનું મહાદાન... સુરતમાં સગર્ભા બહેનોને ચોખ્ખા ઘીની સુખડી–મોહનથાળ!

દેવાંશુ દેસાઈ (મુંબઈ)

મુંબઈ શહેર માટે કહે છે કે ભારતભરમાં નહીં થતાં હોય એટલાં પુણ્યનાં કામ અહીં થાય છે...

વાત સાવ સાચી છે. સપનાના આ શહેરમાં જે કંઈ સદ્કર્મનાં કામ થાય એ બીજા લોકો કલ્પી પણ ન શકે. હાલમાં કોરોનાને લઈને હાહાકાર છે. લોકોમાં *જાઉં તો ક્યાં જવું અને મદદ જોઈએ તો કોને કહેવું* એવી ભયાનક સ્થિતિ છે. લોકોને બે ટંક ભોજનનાં ફાંફાં થઈ ગયાં છે. આ સંજોગોમાં *ખાવો ને ખવડાવો* એ આપણી સંસ્કૃતિ છે.

આવી આફતના સમયે આ સંસ્કારનાં દર્શન લોકોને ડગલે ને પગલે થઈ રહ્યાં છે. એમાં પણ જ્યાં ગુજરાતીઓ હોય ત્યાં આ સંસ્કાર વધુ બે ડગલાં આગળ જોવા મળે છે.

કોરોનાને લઈને કરોડો શ્રમિકો–મજૂરોને, એમના પરિવારોને રોજગારી નથી. બે ટંક માટે જે કંઈ દાન મળે એ મેળવીને ખાઈને ગુજારો કરે છે. આવી વિકટ પરિસ્થિતિમાં મુંબઈનાં પરાં કાંદિવલી–બોરીવલીની ઝૂંપડપટ્ટીમાં ૧૨,૦૦૦ ગરીબોને રસ–પૂરી ને ઢોકળાંનું જમણ મળે એની કોઈ સપનામાં પણ કલ્પના ન કરી શકે, પરંતુ આ સપના જેવી સ્થિતિ મુંબઈમાં ગુજરાતીઓ દ્વારા એક વાર નહીં, ત્રણ–ત્રણ વખત રિપીટ થઈ છે. લૉકડાઉનમાં આજે રોટલો–શાક, પૂરી–શાક કે દાળ–ભાત કે સૂકો નાસ્તો માંડ મળે છે. એની સામે છેલ્લા પંદર દિવસમાં ત્રણ–ત્રણ વખત રસ–પૂરી અને ઢોકળાંનું જમણ આપવામાં આવ્યું છે. મુંબઈમાં દહીસરથી ચર્ચગેટ અને વીટીથી મુલુંડ સુધીના વિસ્તારોમાં ગુજરાતી સંસ્થા ને દાનવીરો ભૂખ્યાને, જરૂરતમંદોને પૌષ્ટિક ભોજન જમાડી રહ્યાં છે, પણ આ બધામાં કપોળ સમાજના અગ્રણી **ત્રંબકભાઈ પારેખ** અને એમની ટીમ દ્વારા આ સંકટકાળમાં પણ ત્રણ વખત બાર હજાર લોકોને રસ–પૂરીનું જમણ આપવામાં આવ્યું.

ત્રંબકભાઈ પારેખ *ચિત્રલેખા*ને કહે છે કે અમે ૧૬ માર્ચથી આ રાહતકાર્ય શરૂ કર્યું હતું. આ લખાય છે ત્યારે આજે ૧૧ મેના દિવસે બાવનમો દિવસ છે. શરૂઆતમાં જરૂરતમંદોને ચાર કિલો ચોખા ને એક કિલો દાળથી શરૂઆત કરી. ત્યાર બાદ કપોળ, વૈષ્ણવ, બ્રાહ્મણ, લોહાણા જેવી જ્ઞાતિના જરૂરતમંદોને અનાજની કિટ ઉપરાંત ૧૦૦૦ રૂપિયા રોકડા આપ્યા. આગળ જતાં ઉસળપાંઉ, મિસળપાંઉ, ખીચડી, પુલાવ... એમ બોરીવલી–કાંદિવલી, પશ્ચિમમાં ગોરાઈ–ચારકોપ વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં દરરોજ સાંજે ૩૦૦૦થી ૪૦૦૦ લોકોને ભોજન આપીએ છીએ. એ જ રીતે, નાના ભાઈ **વિપુલ પારેખ** તરફથી દરરોજ બપોરે આશરે ૧૫૦૦ લોકોને લંચ બૉક્સ આપવામાં આવે છે.

આ સમગ્ર આયોજનના સંયોજક એવા ત્રંબકભાઈ ઉમેરે છે કે મેં સામેથી એક પણ વ્યક્તિને દાન માટે ફોન કર્યો નથી. લોકોને જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ સામેથી ફોન કરીને દાન આપ્યું. એમાં પણ ઈમ્પોર્ટ–એક્સપોર્ટના બિઝનેસમૅન **મનોજભાઈ મહેતા**, કપોળ અગ્રણી **હરેશ સંઘવી**, **અવિનાશભાઈ** તેમ જ **કીર્તિ મહેતા**, વગેરે તરફથી રસ–પૂરી–ઢોકળાં માટે દાન મળતું ગયું, જેના દ્વારા છેલ્લા પંદર દિવસમાં અમે ત્રણ વખત ચાર હજાર લોકોને રસ–પૂરી જમાડ્યાં. આ બધી રસોઈ અમારાં ત્રણ રસોડાંમાં તૈયાર કરવામાં આવે છે. રસોઈયા સહિત રસોડાનાં કામકાજ માટે ૧૦ બહેનને અમે રોજગારી પણ આપી. અમારું કાર્ય જોઈને મુંબઈ ઉપરાંત અમેરિકા, હોંગકોંગ, દુબઈ અને લંડનથી સાતથી આઠ જેટલા દાતાએ દાન મોકલાવ્યું છે...

મુંબઈમાં રસ–પૂરીનું અભૂતપૂર્વ જમણ આપવામાં આવે છે તો રાજકોટમાં એક જ સ્થળે એકસાથે દરરોજ ૧,૧૦,૦૦૦ જેટલી રોટલી બનાવીને એનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે.

રાજકોટના *ઉવસગ્ગહરં સાધના ભવન* અને *અર્હમ યુવા સેવા ગ્રુપ* દ્વારા *રોટી મહાદાન*નું જબ્બર આયોજન કરવામાં આવ્યું છે, જેના પ્રેરણામૂર્તિ છે નમ્રમુનિ મહારાજ. અહીં ત્રણ જેટલાં મૅન્યુઅલ

મુંબઈની ઝૂંપડપટ્ટીમાં ત્ર્યંબકભાઈ પારેખની ટીમ રસ-પૂરી-ઢોકળાં પહોંચાડે તો સુરતમાં રાજેશભાઈની ટીમ તરફથી સગર્ભાને મળે પૌષ્ટિક સુખડી એ જ રીતે રાજકોટમાં પૂજ્ય નમ્રમુનિશ્રીના નેજા હેઠળ પહોંચે ગરમાગરમ રોટીદાન.

અને એક ઑટોમેટિક રોટી મશીન દ્વારા રોજ એક લાખથી વધુ રોટી તૈયાર કરવામાં આવે છે. મશીનમાંથી ગરમાગરમ ફુલકાં રોટલી ઊતરે એટલે એની ઉપર ચોખ્ખું ઘી ચોપડવામાં આવે.

રાજકોટના **પ્રવીણભાઈ કોઠારી** કહે છે કે આજે લોકોને બે ટંકનું ભોજન મળતું નથી. આવા સંજોગોમાં રાષ્ટ્રસંત નમ્રમુનિ સાહેબે કહ્યું કે *આપણા વિસ્તારમાં કોઈ વ્યક્તિ ભૂખી રહેવી ન જોઈએ*. પરિણામે *રોટી મહાદાન*નું મહાકાર્ય શરૂ થયું છે. દરરોજ બપોરે ને સાંજે રોટલી તૈયાર થાય એટલે એને સિલ્વર ફૉઈલમાં પૅક કરીને નક્કી કરેલી સંસ્થાના કાર્યકર્તાઓને એરિયા તેમ જ ગામ પ્રમાણે આપવામાં આવે છે. રાજકોટ ઉપરાંત આજુબાજુનાં ગામડાંમાં આ રોટલીનાં પૅકેટ પહોંચે છે.

ખુદ **નમ્રમુનિ મહારાજ** *ચિત્રલેખા*ને કહે છે કે લૉકડાઉનને કારણે અમે સાણંદમાં છીએ, પણ આ રાહતકાર્ય માટે દિવસ દરમિયાન સતત રાજકોટના સંપર્કમાં રહું છું. ભગવાન મહાવીરનો પણ સૌથી મોટો સંદેશો કરુણા છે. અમે તો *રોટી મહાદાન* થકી આ સંદેશાનો પ્રસાર કરીએ છીએ. ૧૧ મેના દિવસે આ લખાય છે ત્યારે છેલ્લા ૩૧ દિવસમાં ૩૧,૦૦,૦૦૦થી વધુ રોટલીનું મહાદાન કરવામાં આવ્યું છે. લૉકડાઉન પૂરું થશે ત્યાં સુધી આ કાર્ય ચાલુ જ રહેશે...

મુંબઈ-રાજકોટમાં રસ-પૂરી અને રોટલીના મહાદાનનું વખાણવાલાયક કામ થઈ રહ્યું છે તો સુરત પણ આવા કામમાં પાછળ નથી. ખાસ કરીને સગર્ભા બહેનો માટે માત્ર ગુજરાત નહીં, પણ લૉકડાઉન દરમિયાન ભારતભરમાં કદાચ પ્રથમ વખત ખૂબ જ પ્રશંસનીય કામ થયું છે. અહીં ૫૦૦ જેટલી સગર્ભા બહેનોને ચોખ્ખા ઘીમાં બનાવેલી સુખડી અને મોહનથાળનાં પૅકેટ વહેંચવામાં આવ્યાં છે. ગર્ભાવસ્થા દરમિયાન બહેનોને પોષણક્ષમ આહારની ખૂબ જરૂર હોય છે. અત્યારે લૉકડાઉન ચાલુ છે. માર્કેટ અને રોજગારી બંધ છે. એવા સમયે ઝૂંપડપટ્ટીમાં રહેતી ગરીબ ગર્ભવતી સ્ત્રીઓનું શું? એવો વિચાર સુરત શહેરના સ્થાયી સમિતિના ભૂતપૂર્વ અધ્યક્ષ અને વૉર્ડ નંબર-૨૨ના કૉર્પોરેટર રાજેશભાઈ દેસાઈને આવ્યો. એમણે એનો તુરંત અમલ કર્યો. સુરત મહાનગરપાલિકાના આઈસીડીએસ (ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સ્કીમ) વિભાગનાં વડા **ગાયત્રીબહેન જરીવાલા**ના સહકારથી સગર્ભા બહેનો સંબંધી માહિતી-આંકડા મેળવ્યાં. અઠવા ઘટક પાંચમાં આવી ૫૦૦ સગર્ભા બહેનોનું એક લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું.

રાજેશભાઈ દેસાઈ *ચિત્રલેખા*ને કહે છે કે અઠવા ઘટક પાંચના ચાર વૉર્ડની અંદર આવેલા વૉર્ડ નંબર-૧૯, ૨૦, ૨૧, ૨૨નાં આંગણવાડી કેન્દ્રમાં ડુમસ, ભીમપોર, મગદલ્લા, વેસુ, ન્યુ ભટાર, અલથાણ, વગેરે વિસ્તારમાં હળપતિ આવાસ તેમ જ ઝૂંપડપટ્ટીમાં રહેતી બહેનોને પોષણક્ષમ આહાર આપ્યો. સૌપ્રથમ ચોખ્ખા ઘીમાં સુખડી બનાવી. અમારી *આમ્રકુંજ સોસાયટી*, *વનિતા પાર્ક*ના રહેવાસીઓએ ઘરરસોડામાં આ સુખડી બનાવવામાં અને પૅકિંગ કરીને પહોંચાડવામાં મદદ કરી. આ કાર્યની જાણ થતાં નજીકમાં આવેલી *આશીર્વાદ રેસિડેન્સી*ના રહેવાસીઓએ પણ થોડા દિવસ પછી ચોખ્ખા ઘીના મોહનથાળ માટે આર્થિક સહયોગ આપ્યો. ફરી વાર અમે મોહનથાળ બનાવ્યો. બન્ને વખતે ચોખ્ખા ઘીની મીઠાઈ સાથે અડધો કિલો ચેવડાનાં પૅકેટ પણ આપ્યાં. જે-તે વિસ્તારની સુપરવાઈઝર બહેનોએ આ પૅકેટ સગર્ભા મહિલાઓને પહોંચાડ્યાં.

*કોરોના*ની મહામારીમાં કરોડો શ્રમિકોને-ગરીબોને બે ટંક ભોજન કેમ પહોંચાડવું એ પ્રશ્ન વિકટ બનતો જાય છે ત્યારે હજારો ગરીબોને ચોખ્ખા ઘીમાં બનાવેલી સુખડી કે રોટલી અને રસ-પૂરીનું જમણ ગુજરાતી સંસ્થા અને ગુજરાતી લોકો દાન રૂપે ખવડાવે છે એ ખરેખર પ્રશંસનીય કામગીરી છે.

□

લૉકડાઉનમાં અનેરું અન્નદાન

જામનગરના **વસ્તાભાઈ કેશવાલા**એ ૨૭ હજાર મણ ઘઉં વહેંચ્યા ચાર જિલ્લાનાં ૩૧૬ જેટલાં ગામમાં...

સૌરાષ્ટ્ર સંતોની ભૂમિ છે. અહીં એવાં કેટલાંય અન્નક્ષેત્ર ચાલે છે, જ્યાં કોઈ વ્યક્તિ ક્યારેય ભૂખી પાછી જતી નથી. અત્યારે દેશભરમાં *કોરોના*ને કારણે લૉકડાઉન હોવાથી ધંધા-રોજગાર બંધ થતાં ઘણા લોકોને જમવાની પણ તકલીફ પડી રહી છે ત્યારે સૌરાષ્ટ્રના જામનગરમાં ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા અને *સમર્પણ હૉસ્પિટલ*ના ટ્રસ્ટી એવા વસ્તાભાઈ કેશવાલાએ ચાર જિલ્લાનાં ત્રણસોથી વધારે ગામના જરૂરતમંદ લોકોના ઘરે ઘઉં પહોંચાડ્યા છે.

વસ્તાભાઈ કેશવાલા દ્વારા ૨૦ કિલોની બૅગ બનાવી લોકોનાં ઘેર ઘેર ઘઉંનું વિતરણ કરવામાં આવ્યું.

આ *સમર્પણ હૉસ્પિટલ*ની સ્થાપના વસ્તાભાઈના પિતાશ્રી જેઠાભાઈ કેશવાલાએ કરી છે. આ જેઠાભાઈ કેશવાલા એ વ્યક્તિ છે, જેને જામનગરમાં કૉફી માટેના ચીકોરાના વાવેતરની શરૂઆત કરી હતી *(ચિત્રલેખાઃ ૬ ઓગસ્ટ, ૧૯૯૦)*.

વસ્તાભાઈએ આ વર્ષે ખેતરમાં ઘઉં વાવેલા અને વાતાવરણ અનુકૂળ રહેતાં ઘઉંનો ખૂબ સારો પાક તૈયાર થયો. એક બાજુ ઘઉંનો પાક તૈયાર થયો ને બીજી બાજુ લૉકડાઉન જાહેર થયું. વસ્તાભાઈ વિચારે ચડ્યા કે લૉકડાઉનને લીધે ગરીબ લોકોને બે ટંક ખાવાના પણ સાંસા પડતા હોય એવા સમયે હું આ ઘઉં માર્કેટમાં જઈને કેવી રીતે વેચી શકું? એમણે તુરંત નિર્ણય કરી લીધો કે *ઘઉં વેચવા નથી, પણ વહેંચવા છે.* એ સંકલ્પ સાથે ૧૧૦ વીઘાંના ખેતરમાં ઊગેલા ૪૨૦૦ મણ ઘઉં એમણે લોકોમાં વહેંચી દીધા.

વસ્તાભાઈ કેશવાલા *ચિત્રલેખા*ને કહે છે કે મારા ખેતરમાં તૈયાર થયેલા ઘઉં મેં આજુબાજુના વિસ્તારમાં જરૂરતમંદ લોકોની વચ્ચે વહેંચી દીધા. આ કાર્યથી પ્રેરાઈને મારા ભત્રીજા હમીરભાઈએ પણ એમના ખેતરમાં તૈયાર થયેલો ઘઉંનો પાક લોકો માટે આપી દીધો. આ બધા ઘઉંના પાકથી અમુક ગામના લોકોની જ સેવા થઈ શકી. હજુ ઘણા લોકોને મદદની જરૂર હતી.

વસ્તાભાઈએ મદદ કરવી હતી, પણ પોતાની પાસે હવે ઘઉં નહોતા. પોતાના પંથકનો એક પણ માણસ ભૂખ્યો ન રહે એટલે વસ્તાભાઈએ પોતાની સંપત્તિમાંથી સેવા કરવાનો સંકલ્પ કર્યો. ગ્રામ્યવિસ્તારોમાં ખેડૂતોનો ઘઉંનો પાક તૈયાર હતો, પણ માર્કેટ સુધી પહોંચી શકતો નહોતો એટલે ખેડૂતોને પણ મદદ થાય અને જરૂરતમંદ લોકોને પણ મદદ થાય એવા હેતુથી બજારભાવ કરતાં પણ ઊંચા ભાવે ખેડૂતના ખેતરમાંથી જ ઘઉંની ખરીદી કરી ગામડે ગામડે ગરીબ માણસોને વહેંચવાનું ચાલુ કર્યું.

વધુમાં વસ્તાભાઈ કહે છે કે અમે નક્કી કર્યું કે જામનગર, પોરબંદર અને દ્વારકા જિલ્લાનાં ગામમાં જરૂરતમંદ પરિવારદીઠ એક મણ એટલે કે ૨૦ કિલો ઘઉં આપવા છે. આ માટે ૨૦ કિલોની બૅગ બનાવવામાં આવી અને ગામેગામ જઈને એનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સાથે સાથે આ બધા વિસ્તારમાં આવેલાં અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, ધર્મશાળા, ધાર્મિક સ્થળમાં પણ ઘઉં આપ્યા છે.

એમણે એકલા હાથે જામનગર, જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા એમ ચાર જિલ્લાનાં ૩૧૬ જેટલાં ગામ આવરી લીધાં છે. આમ વસ્તાભાઈએ સાત હજાર મણ ઘઉં એટલે કે એક કરોડ આઠ લાખ રૂપિયાના ઘઉં ખરીદીને પોતાની તિજોરી ખાલી કરી હજારો લોકોનાં પેટ ભરવાની સેવા કરી છે. આ સેવામાં પણ એમનાં અધ્યાત્મ અને ધર્માભિમુખનાં દર્શન થાય છે. એમણે માળામાં ૧૦૮ મણકાના તર્જ પરથી ૧૦૮ લાખ રૂપિયાના ઘઉંનું વિતરણ કરવાનો સંકલ્પ કર્યો છે. વસ્તાભાઈએ રૂપિયા એક કરોડ આઠ લાખના અનુદાન દ્વારા જે સેવાની માળા ફેરવી છે એનાથી પ્રભુ તો ખુશ થયા હશે કે નહીં, પણ ઘણા લોકોના ચહેરા પર એમણે ખુશી જરૂર આણી દીધી.

□ **જિતેન્દ્ર રાદડિયા** (રાજકોટ)

મોના શેઠ

આ કપરા કાળમાં લવ-સેક્સ ને લાગણીનું શું?

મહામારીને કારણે મળેલો ચિક્કાર ફાજલ સમય અને પરાણે મળી ગયેલું જીવનસાથીનું સામિપ્ય દંપતીઓની સેક્સ્યુઅલ તથા ઈમોશનલ હેલ્થ સુધારશે કે બગાડશે?

કોરોનાની મહામારીને કારણે આજે લોકોએ સતત ફરજિયાત ઘરમાં રહેવું પડે છે એની લોકો પર માનસિક, શારીરિક તથા આર્થિક અસર થઈ રહી છે એ તો આપણે બધાં જ જાણીએ છીએ, પરંતુ શું એની સેક્સવૃત્તિ-પ્રવૃત્તિ પર પણ અસર થઈ છે ખરી? લૉકડાઉનને કારણે દંપતીઓ પર થોપાયેલા ચોવીસ કલાકના સહવાસને લીધે એમની સેક્સ્યુઅલ હેલ્થ અને ઈમોશનલ હેલ્થનું શું? લોકોનું દામ્પત્યજીવન સેક્સ કે લાગણીને કારણે વણસ્યું છે કે પછી સુધર્યું છે?

આ અને આવા જ બીજા કેટલાક સવાલ *પ્રિયદર્શિની*એ પૂછ્યા પદ્મશ્રીનું સમ્માન મેળવનારા જાણીતા સેક્સોલૉજિસ્ટ ડૉ. પ્રકાશ કોઠારીને તથા સાઈકોલૉજિસ્ટ નેહલ ગાંધીને. અનેક હૉસ્પિટલ અને મેન્ટલ હેલ્થ સેન્ટરો સાથે સંકળાયેલાં નેહલ ગાંધી છેલ્લાં બાર વર્ષથી મુંબઈના માટુંગા પરામાં પ્રેક્ટિસ કરે છે.

ચાલો, સાંભળીએ આ બન્ને નિષ્ણાતોને એમના જ શબ્દોમાં...



ડૉ. પ્રકાશ કોઠારી

(સેક્સોલૉજિસ્ટ)

> ***મને ઘણા લોકો પુછાવી રહ્યા છે કે આવા સમયમાં સેક્સ કરીશું તો રોગપ્રતિકારક શક્તિ ઘટી જશે તો? સેક્સ કરવાથી કોરોના વાઈરસનો ચેપ લાગી જશે તો? વેલ...***

લૉકડાઉનની અસર આજે નાનામાં નાના બાળક પર પણ પડી રહી છે તો વૈવાહિક સંબંધો પર તો પડે જ ને? દુનિયાભરના સર્વે ભલે ગમે તે કહેતા હોય, પણ મારા હિસાબે તો એ સર્વે બિકિની જેવા છે. જે દેખાડે છે એના કરતાં વધુ ઢાંકીને વધુ જિજ્ઞાસા જગાડે છે. ટૂંકમાં, અડધું સત્ય જ કહે છે. વળી, દેશ-વિદેશના લોકો, એમની સંસ્કૃતિ, એમનાં વાણી-વહેવાર બધું જ જુદું હોય આથી આવા સર્વેનાં સાફ સાફ તારણ કાઢવાં બહુ મુશ્કેલ હોય છે.

કોરોના વાઈરસને કારણે બધા ઘરમાં બંદીવાન જેવી હાલતમાં છે ને યુગલોએ પણ ચોવીસ બાય સાત સાથે રહેવું પડે છે. વર્કિંગ પ્રોફેશનલો પાસે તો સેક્સ માટેય પૂરતો સમય નહોતો. એમને માટે આ સ્થિતિ સ્વર્ગ જેવી છે. સમયના અભાવે જે નહોતું મેળવી શકાતું એના માટે હવે સમય જ સમય છે.

સેક્સના ત્રણ તબક્કા હોય છેઃ *ફૉર પ્લે, સેક્સ* અને *આફ્ટર પ્લે.* જે કપલને એકમેક માટે સમય નહોતો એમની પાસે હવે ફૉર પ્લેનો ભરપૂર સમય છે. આવાં યુગલો લૉકડાઉનના સમયને લકી ગણે છે. એટલે જ કોન્ડોમનું પણ વેચાણ વધ્યું છે.

જે કપલ વર્ક ફ્રૉમ હોમ એટલે કે ઘરેથી કામ કરી રહ્યાં છે અથવા તો નાના ઘરમાં રહે છે અથવા તો જેમને બાળકો છે, પણ લૉકડાઉનને કારણે સ્કૂલે નથી જતાં એમને સેક્સની સમસ્યા બહુ જ અકળાવે છે. સમયનો અભાવ, પ્રાઈવસીનો અભાવ, સેક્સ ક્યારે કરવો એની અનસર્ટેનિટી-અનિશ્ચિતતા, મહામારીની ચિંતા તથા આર્થિક તાણને કારણે મૂરઝાઈ જતી ઉત્તેજના... આ બધી સમસ્યા એમને નડે છે. આવાં ઘણાં કપલ એક જ બેડ પર સૂતાં હોય છે, છતાં દિવસોના દિવસો સુધી સાયુજ્ય-સંભોગ કરી નથી શકતાં. તાણભરી સ્થિતિમાં માણસ સેક્સનો વિચાર કેવી રીતે કરી શકે?

વળી, આપણા દેશમાં સેક્સ એજ્યુકેશન વિશે લોકો જાગ્રત નથી આથી લોકોને ઘણા પ્રશ્ન સતાવતા હોય છે, જેમ કે *આવા સમયમાં સેક્સ કરીશું તો રોગપ્રતિકારક શક્તિ ઘટી જશે તો? સેક્સ કરવાથી કોરોના વાઈરસનો ચેપ લાગી જશે તો?* મને આવા ઘણા સવાલ ઑનલાઈન પૂછવામાં આવી રહ્યા છે.

સેક્સને અને ઈમ્યુનિટી-રોગપ્રતિકારક શક્તિને કંઈ લેવાદેવા નથી. આવા કપરા સમયમાં જાતને સંતુષ્ટ રાખવી, રિલીઝ કરવી, પાર્ટનર સાથે આત્મીયતાથી વર્તવું, વગેરે વધુ જરૂરી છે. દરેક ચીજનું સંતુલન હોવું જોઈએ. સેક્સ એ સહવાસ અને આત્મીયતાની પરાકાષ્ઠા છે. એ જરૂરી છે.

બીજી તરફ, મને ઘણા એવાય ફોન આવ્યા છે, જેમાં યુગલોએ કહ્યું છે કે *અમારી વચ્ચે શારીરિક સંબંધો સુધર્યા છે* અથવા *તો આટલાં વર્ષો સુધી અમને ખબર જ નહોતી કે અમારી વચ્ચે આટલી સારી કેમિસ્ટ્રી હતી.* ટૂંકમાં, મારા હિસાબે તો તમારા પાર્ટનરની સેક્સ્યુઅલ ઈચ્છા અને ફેન્ટસી જાણવા-સમજવાનો તથા નવી ચીજો ટ્રાય કરવાનો આ ઉત્તમ સમય છે. હું કાયમ કહેતો આવ્યો છું કે *જે મજા સફરમાં છે એ મંજિલમાં નથી.*

કોવિડ-૧૯ની અસરનો બીજો ગેરફાયદો પણ મને દેખાઈ રહ્યો છે. આવતા વર્ષે ગામડાંમાં ઘણાં બાળકો જન્મશે. શહેરોમાં તો હજી સભાનતા છે એટલે યુગલો શારીરિક ને આર્થિક પાસાં વિશે વિચાર કર્યા પછી જ પ્રેગ્નન્સીનો નિર્ણય લેશે. જો કે એક વાત પાક્કી કે ફોરેનમાં જન્મદર વધશે.

નેહલ ગાંધી (સાઈકોલૉજિસ્ટ)

મને ઘણાં કપલ્સ કહે છે કે ઘરમાં સતત સાથે રહેવાને લીધે એમના પાર્ટનર ડિમાન્ડિંગ થઈ ગયા છે-ઘર્ષણ પણ વધ્યું છે. વળી, જેમના લગ્નબાહ્ય સંબંધ છે એમની તો મૂંઝવણ પણ અલગ છે!

ઈમોશનલ હેલ્થનો અર્થ જ એ છે કે તમે તમારી જાત સાથે ખુશ રહો-શાંત રહો. જે નિર્ણય લો એ લેતાં પહેલાં અને પછી પણ સ્વસ્થ રહો. જો કે આમ તો કશુંક અઘટિત કે કલ્પના બહારનું બને ત્યારે દરેક વ્યક્તિની ઈમોશનલ હેલ્થ-માનસિક અવસ્થા પર અસર તો પડે છે. *કોવિડ-૧૯*નો આવો સમય આવશે ને આખી દુનિયાનાં ચક્રો અચાનક અટકી જશે એવું કોઈએ વિચાર્યું નહોતું એટલે આ અચાનક આવી પડેલી સ્થિતિની અસર તો થાય જ ને થવાની.

એની વે, ઈમોશનલ હેલ્થની વાત આગળ વધારતાં કહું તો પતિ અને પત્ની, બન્નેની માનસિક સ્વસ્થતા અને સજ્જતા બહુ જ મહત્ત્વની છે. બન્નેએ એકમેકની સાથે ને પાસે રહીને રોજિંદા જીવનના ગોલ્સ પૂરા કરતી વખતે માનસિક ને શારીરિક પાસાંનું સંતુલન ખોરવાય નહીં એનું ધ્યાન રાખવાનું હોય છે.

લૉકડાઉનનો પ્રથમ તબક્કો શરૂ થયો ત્યારે બધા ખુશ થયા હતા. ગૃહિણીઓને લાગતું હતું કે આખો પરિવાર સાથે રહેશે, બધાં હળીમળીને ખાશે-પીશે અને મજા કરશે. એનો રાજીપો ક્યાંય માતો નહોતો. જે પતિ-પત્ની ઑફિસે જતાં એ પણ ખુશ થયેલાં, કેમ કે બન્નેને એકમેક માટે અનાયાસ પુષ્કળ સમય મળી ગયો હતો. બન્ને ઘરકામની જવાબદારી સાથે નિભાવવા માંડ્યાં હતાં. પુરુષને ઘરકામ કરતી સ્ત્રીની સ્થિતિ સમજાવા માંડી હતી. બન્ને એકમેક પ્રત્યે વધુ સંવેદનશીલ બન્યાં હતાં. એમના સંબંધ મજબૂત બન્યા હતા. બોન્ડિંગ વધ્યું હતું. લૉકડાઉન એમને માટે ખુશીની લહેર લઈને આવ્યું હતું.

જો કે લૉકડાઉનનો બીજો તબક્કો શરૂ થયા પછી એ ખુશી ઓસરવા માંડી. રોજિંદી ઘટમાળ, બોરડમ, આર્થિક મુશ્કેલી, નાનાં ઘરોને કારણે જગ્યાનો-પ્રાઈવસીનો અભાવ... આ બધું જ હવે ધીમે ધીમે ખટકવા લાગ્યું. કોરોનાનો ત્રાસ ક્યારે પૂરો થશે એની અનિશ્ચિતતાને કારણે પતિ-પત્નીની ઈમોશનલ હેલ્થ પર અસર પડવા માંડી. એમની વચ્ચે ઘર્ષણ વધવા માંડ્યું. એકબીજાની વાતમાં બન્નેની દખલ વધવા માંડી.

હકીકત એ છે કે આ પુષ્કળ સમયનું, નવરાશનું શું કરવું એની લોકોને ખબર નથી પડતી એટલે પણ ઘણાં કપલ મૂંઝાઈ રહ્યાં છે. ટીવી સામે કલાકો સુધી પડ્યા રહેવાને કારણે પરિવારોમાં બંધાયેલું બોન્ડિંગ પણ નબળું પડવા લાગ્યું છે ને વાતોનો દોર પણ તૂટવા લાગ્યો છે. જે પુરુષો મહિનામાં કામને કારણે દસ-પંદર દિવસ બહારગામ રહેતા એમની પત્નીઓ હવે એમની સતત હાજરીને કારણે મૂંઝાઈ રહી છે, કારણ કે વર્ષો સુધી પતિની અમુક દિવસોની ગેરહાજરી પ્રમાણે એમની જિંદગી ગોઠવાયેલી હતી. હવે એ ગોઠવણ તૂટી છે ને સાથે મળતી સ્પેસ પણ તૂટી છે આથી અકળામણ વધી છે.

મને ઘણાં કપલ્સના ફોન આવે છે, જે કહે છે કે ઘરમાં રહેવાને કારણે એમના પાર્ટનરો ડિમાન્ડિંગ થઈ ગયા છે. અપેક્ષાઓ વધી ગઈ છે. પરિણામે *તૂતૂમૈંમૈં* પણ વધી છે. વળી, જેમના લગ્નબાહ્ય સંબંધો છે એમની મૂંઝવણ પણ અલગ છે. સતત ઘરમાં રહેવાને કારણે એમની ફોન પર થતી ચૅટિંગ ને વાતો બંધ થઈ ગઈ છે એટલે એમની તાણ વધી છે.

લૉકડાઉન પછી અને કોરોનાનો પ્રભાવ ઓછો થયા બાદ પણ પતિ-પત્નીએ એમની માનસિક સ્વાસ્થ્ય-હેલ્થ વિશે ગંભીરતાથી વિચારવું પડશે. એમના સંબંધમાં વિશ્વાસ નહીં હોય તો સંબંધ કથળવાનો જ છે. આર્થિક મૂંઝવણો વધશે ને ન્યુ નૉર્મલની સ્થિતિમાં ઍડ્જસ્ટ નહીં થઈ શકાય તો માનસિક તકલીફો વધવાની જ છે.

જો કે એક પોઝિટિવ વાત એ પણ છે કે આ લૉકડાઉનને કારણે ઘણાં પતિ-પત્ની ઘરની જવાબદારી વહેંચતાં શીખ્યાં છે. એમને પૈસાની કિંમત સમજાઈ છે. થોડામાં કેમ ચલાવવું એ પણ એમને સમજાયું છે. *આ સમય પણ પસાર થઈ જશે...* જેવી હકારાત્મક માનસિકતા કેળવી શકનારા લોકો આ કપરા કાળમાંથી હેમખેમ નીકળી જશે. ■

લઘુ નવલ-૩

કયામત

પાર્થ નાણાવટી

'સર, નેટવર્ક બ્લૉક છે. ઈઝરાયલીઓએ બધી જ બૅન્ડવિથ જામ કરી નાખી છે.' ટ્રિપોલીમાં કેપ્ટન ગદ્દાફી જુનિયરનો સંપર્ક કરવા મથી રહેલા અબ્દેલનું કમ્યુનિકેશન સંભળતા આર્મી યુનિટના એક સૈનિકે આ મોંકાણના સમાચાર આપ્યા.

ગિન્નાયેલો અબ્દેલ આકાશ ભણી ચિલ્લાયોઃ

'સાલા યહૂદીઓનું મોત પોકારે છે. તેલ અવિવ, અમે આવી રહ્યા છીએ તમારું નિકંદન કાઢવા.'

એ જ વખતે અબ્દેલ હફીજીની ધમકી જાણે સાંભળી હોય એમ ત્રીસ હજાર ફૂટની ઊંચાઈ પર ઊડી રહેલા ઈઝરાયલ ઍર ફોર્સના હેરોન નામના ડ્રોનમાંથી છૂટેલી ઍર-*ટુ*-ગ્રાઉન્ડ મિસાઈલ ડૉ. ઓમ મુખરજીના કેમ્પથી સોએક મીટર દૂર ઊભેલા કેપ્ટન અબ્દેલના આર્મર વેહિકલ પર ત્રાટકી.

કર્નલ બત્રાએ હોમ સેક્રેટરી માથુરને કરેલા કૉલને પરિણામે ઈઝરાયલીઓ ખરે સમયે મદદે આવી પહોંચ્યા હતા.

મિસાઈલના મારથી મેજર અબ્દેલ હફીજીની ઍડ્વાન્સ પાર્ટી અને એમનાં વાહનોના ફુરચા ઊડી ગયા. અબ્દેલ અને એના માણસો બચવા માટે સાધન-સામગ્રીના સપ્લાય ટેન્ટમાં જઈને છુપાઈ ગયા. એ જ વખતે બીજી મિસાઈલ ઘટનાસ્થળેથી ભાગી રહેલાં બે આર્મર વેહિકલ પર ઝીંકાઈ. કુલ ત્રીસ સેકન્ડમાં અબ્દેલની સાથે આવેલા સો સૈનિકોમાંથી મોટા ભાગનાનો સફાયો થઈ ગયો... જે કોઈ બચ્યા એ બધા જ્યાં જગ્યા મળી ત્યાં છુપાવા લાગ્યા.

આ અફરાતફરીનો લાભ લઈને ડૉ. ઓમને લઈને બેન્જામિન એમના ટેન્ટમાં બનાવેલી ટનલમાં ઘૂસી ગયો. ડૉ. ઓમે એમની રિસર્ચ ડાયરી પણ સાથે લઈ લીધી.

પોતાના ભાથામાં રહેલી બે મિસાઈલ ચીલઝડપે ઝીંકીને ઈઝરાયલી હેરોન ડ્રોન પાછું પોતાના બેઝ પર પરત થઈ પણ ગયું. કર્નલ બત્રા માટે આટલું પૂરતું હતું. બૅટલ પ્લાન પ્રમાણે એમના માણસોને ચાર ગ્રુપ્સમાં વહેંચીને કેમ્પ પર ચારે બાજુથી હુમલો કર્યો.

'આભા, પ્લીઝ તું હમણાં અહીં જ રહે. જો અમને કંઈ થાય તો ડૉ. ઓમને સહીસલામત *પિક અપ પૉઈન્ટ* સુધી લઈ જવાની જવાબદારી તારી.' કર્નલે કહ્યું.

'પણ... સર.'

'આભા, પ્લીઝ... નો દલીલ! આપણી પાસે સમય ઓછો છે. અબ્દેલ અત્યારે એની

અરે, પગલી.... તને રમત હું રમાડીશ. તને દેખાતું નથી કે તારો બૉસ, આ ડૉક્ટર બધા મારા કબજામાં છે?

બટાલિયનનો સંપર્ક કરીને બૅકઅપ બોલાવતો હશે.'

'ડન... સર!'

એ જ વખતે કિચન જ્યાં હતું એ મેશના ટેન્ટમાંથી ફાયરિંગના અવાજ ગાજવા લાગ્યા.

'ઓકે, બૉય્સ... લેટ્સ ગો.' કર્નલ બત્રાએ એમની ટીમને ઑર્ડર કર્યો.

કર્નલ બત્રાની ટીમના બે માણસ મેશના ટેન્ટ તરફ બિલ્લીપગલે આગળ વધ્યા એ જ સમયે મેશના ટેન્ટમાંથી બે લિબિયન કમાન્ડો બહાર નીકળ્યા ને સામસામું ફાયરિંગ શરૂ થયું.

કર્નલ બત્રાએ એમના એક જવાન સાથે ડૉ. ઓમના ટેન્ટ તરફ કૂચ કરી.

આ તરફ, અબ્દેલ અને એનો ડેપ્યુટી સમજી ગયેલા કે એમની પર હુમલો થયો છે એટલે એ લોકો ડૉ. મુખરજીનું ટેબલ આડું પાડીને કવર લઈને ફાયરિંગ કરવા માટે તત્પર હતા.

કર્નલ બત્રા પણ કોઈ જોખમ લેવા માગતા નહોતા. એ જાણતા હતા કે ડૉ. ઓમ પણ ટેન્ટમાં હશે તો ક્રૉસ ફાયરમાં એમને પણ ગોળી વાગવાની પૂરી શક્યતા હતી.

'મેજર... આ તરફ!'

અબ્દેલના ડેપ્યુટીએ ઈશારો કરીને એને ડૉ. ઓમ અને બેન્જામિન છુપાયા હતા એ ટનલનું મુખ બતાવ્યું.

'ઓહ... વેઈટ.' કહીને અબ્દેલ એના યુનિફૉર્મ પર લટકાવેલી હૅન્ડ ગ્રેનેડની પિન ખેંચીને ગ્રેનેડને ટનલમાં નાખવા માટે આગળ વધ્યો. હજુ એ ટનલ સુધી પહોંચે એ પહેલાં કર્નલ બત્રા અને એમનો જવાન ટેન્ટમાં દાખલ થયા. કર્નલે તરાપ મારીને અબ્દેલને જમીન પર પછાડ્યો. અબ્દેલનો ડેપ્યુટી એનું વેપન ઊંચું કરવા જાય એ પહેલાં કર્નલના સાથીએ ત્રણ ગોળી છોડીને પેલાની ખોપરી વીંધી નાખી.

અબ્દેલ અને બત્રા વચ્ચે લાઈવ ગ્રેનેડ પર કબજો મેળવવા ઝપાઝપી થઈ. કર્નલ બત્રાનો સાથી એમની વહારે આવે એ પહેલાં ટેન્ટમાં ધસી આવેલા અબ્દેલના માણસોએ એને દબોચી લીધો.

અબ્દેલે સાવચેતી વાપરીને ગ્રેનેડ એના હાથમાં ફાટે એ પહેલાં એને ટેન્ટની બારીમાંથી બહાર ફંગોળી. એના માણસોએ મરણિયા બનેલા કર્નલ બત્રા પર કાબૂ મેળવ્યો.

'ઓહ, ઈન્ડિયન આર્મી? શું નામ છે? હમ્મ્, કર્નલ બત્રા?' કર્નલના મિલિટરી યુનિફૉર્મ પરનો નેમ ટૅગ વાંચી અબ્દેલે કટાક્ષ કર્યોઃ

'રસ્તો ભૂલી ગયા કે શું? ઘરથી આટલે દૂર અને એ પણ વાઘની ગુફામાં?' કહીને કર્નલના ચહેરા પર અબ્દેલે મુક્કો ફટકાર્યો.

'કર્નલ, તારા સાથીઓને કહી દે કે ગેમ ઈઝ ઓવર... તમારી રમત પૂરી થઈ ગઈ છે. ઓ, ડૉક્ટર... જીવતા રહેવું હોય તો ટનલમાંથી તાત્કાલિક બહાર આવો, નહીંતર... આ ટનલ જ તમારી કબર થઈ જશે..!' અબ્દેલે હવામાં એક ફાયર કરીને મોટેથી બૂમ પાડી. અબ્દેલની ધમકી સાંભળી ડૉ. ઓમ તથા બેન્જામિન હાથ ઊંચા કરીને ટનલની બહાર નીકળ્યા.

'એઈઈઈ... હવે તમારી રમત પૂરી થઈ છે... ડ્રૉપ યૉર વેપન્સ!' કહીને આભાએ ટેન્ટમાં અચાનક એન્ટ્રી મારી.

'અરે, પગલી... તને રમત હું રમાડીશ. તને દેખાતું નથી કે તારો બૉસ, આ ડૉક્ટર બધા મારા કબજામાં છે?' અબ્દેલ ગંદું હસ્યો.

'અને *કોવિડ*ની આ દવા મારા કબજામાં છે!'

કોવિડની સામે ટક્કર લેનારા મોનોક્લોનલ ઍન્ટિબૉડીની સેલાઈન્સ કલ્ચર બૉટલ અબ્દેલની આંખ સામે આભાએ ઝુલાવી!

'અરે, આ તો એક બૉટલ છે. આવી તો બીજી સો-બસ્સો હશે. રાખ... રાખ... તું તારે રાખી લે!' અબ્દેલે ઉપહાસભર્યા સ્વરે કહ્યું.

'વેલ, દોસ્ત મારા... તારી જાણ માટે કહી દઉં કે આવી કુલ ત્રણસો ને સોળ સેલાઈન્સ બૉટલ્સ છે, જેને મેં લૅબના ડીપ ફ્રીઝરમાં મૂકી દીધી છે અને આ રહ્યું એનું ત્રણ મિનિટનું ટાઈમર! હવે તારી પાસે છે માત્ર ત્રણ મિનિટ ને યૉર ટાઈમ સ્ટાર્ટ્સ નાઉ! '

આભાના સ્વર-શબ્દોમાં જે આત્મવિશ્વાસ રણકતો હતો એ જોઈ-સાંભળીને કર્નલ બત્રા બોલી ઊઠ્યાઃ

'બ્રેવો, માય લેડી! '

આ પલટાયેલો સિનારિયો જોઈને અબ્દેલ માત્ર એટલું જ બોલ્યોઃ

'ઓકે... ઓકે... રિલેક્સ. હું કર્નલ અને ડૉક્ટર બન્નેને જવા દઉં છું. ખોટો ખૂનખરાબો કરવાની જરૂર નથી.' અબ્દેલે એના સાથીઓને કર્નલને છોડવા માટે ઈશારો કર્યો.

કર્નલ અને ડૉ. મુખરજીની મુક્તિ થતાં બાજી હવે પોતાના પક્ષમાં છે એની ખાતરી થતાં આભાએ એના હાથમાં રહેલા રિમોટના ટાઈમરનું કાઉન્ટ ડાઉન બંધ કર્યું.

આ તરફ, કર્નલ બત્રા હાર્ડકોર પ્રોફેશનલ હતા. એમનું મગજ કૉમ્બેટ ઝોનના વાતાવરણનું પૃથક્કરણ કરવા માટે તાલીમ પામેલું. કર્નલે નોંધી લીધેલું કે *અબ્દેલના છ માણસ આ ટેન્ટમાં હતા. સાત-આઠ બીજા ટેન્ટ્સમાં છુપાયા હશે એટલે આ અબ્દેલ એ લોકોને છોડવાનો ચાન્સ લઈ રહ્યો છે. વાહન વગર અને ખાસ કરીને ડૉ. ઓમને સાથે લઈને અહીંથી નીકળવું અશક્ય હતું. એ લોકો 'પિકઅપ પૉઈન્ટ' પર પહોંચે એ પહેલાં અબ્દેલ એની બટાલિયનમાંથી બૅકઅપ બોલાવીને વળતો પ્રહાર કરી શકે ને એ કરશે જ...*

જો કે એ જ કર્નલ બત્રાનું દિલ એમ પણ કહી રહ્યું હતું કે *ભારતીય સેનાની-દેશની ઈજ્જતનો સવાલ છે. કોવિડનો ઈલાજ ક્રમશઃ બંધ પડી રહેલી દુનિયાને પુનઃ ધબકતી કરવાનો એકમાત્ર રસ્તો છે, જે ગદ્દાફી જુનિયર જેવાના હાથમાં હરગિજ ન જ જવા દેવાય...*

'હેઈ, ટીમ. રિપોર્ટ ટુ ટેન્ટ વન.' બત્રાએ આર યા પારનો નિર્ણય લઈ લીધો.

> તમે કહેશો એ વિદેશી બૅન્ક એકાઉન્ટમાં તમારી સાત પેઢી ખાશે તો પણ નહીં ખૂટે એટલી સંપત્તિ ખનાખન ડૉલરમાં હશે…

'આભા, તું ડૉક્ટર ઓમની સાથે જ રહે… એમને મુસાફરી માટે તૈયાર કર.'

અબ્દેલ સમજે નહીં એમ કર્નલ બત્રાએ આભાને મરાઠીમાં કહ્યું. આભાના હોઠ પર સ્મિત રમી ગયું…

'મેજર અબ્દેલ, પ્લીઝ, નો ચાલાકી. તમે પણ અમારી સાથે આવો છો.' કર્નલ બત્રાએ કહ્યું.

'અરે, કર્નલ… ક્યાં ખોટી ભાગદોડ કરો છો. આવો, બેસીને સોદો કરી નાખીએ. હું મારા બૉસ ગદ્દાફી જુનિયરને વિડિયો કૉલ કરું છું. કંઈક રસ્તો કાઢીએ… અમારા સુપર બૉસ ગદ્દાફી સાથે સોદો કરી લો… તમે કહેશો એ વિદેશી બૅન્ક એકાઉન્ટમાં તમારી સાત પેઢી ખાશે તો પણ નહીં ખૂટે એટલી સંપત્તિ ખનાખન ડૉલરમાં હશે… અને અમારાથી બચીને છટકી પણ જશો તો આ બેરહેમ સહરાનું રણ પાર કરવા જતાં તમેય પતી જશો.'

અબ્દેલ પણ કૉમ્બેટ ઝોનનો માણસ હતો. એ સહરાના રણનો જાણકાર ને અનુભવી હતો.

એણે પોતાના સેટેલાઈટ ફોન પર એક કી ડાયલ કરી ત્યાં કર્નલ બત્રાએ એને અટકાવી દીધો.

'અબ્દેલસા'બ… સ્ટૉપ ઈટ! હું પહાડોના-નદીઓના દેશમાંથી આવું છું. તમારું રણ કે તમે મારી જાન લો એ પહેલાં હું તમને સો ટકા ખતમ કરી નાખીશ. સો ડોન્ટ વરી ઍન્ડ નો મિશ્ચિફ…' કહીને અબ્દેલના હાથમાં કર્નલે ત્વરિત હાથકડી પહેરાવી દીધી.

વાસ્તવમાં અબ્દેલે પોતાના સેટેલાઈટ ફોન પર પ્રિ-પ્રોગ્રામ કી દબાવીને લશ્કરની ભાષામાં જેને *એસઓએસ* કહે છે એ પોતાનો બચાવ કરવાનો સંદેશો એની બટાલિયનને મોકલી દીધો હતો. બટાલિયનના કમાન્ડ સેન્ટરમાં સંદેશો મળતાંની સાથે જ સ્ટૅન્ડ બાય પર રાખવામાં આવેલાં બે *ચિનુક* હેલિકૉપ્ટરે બે ડઝન કમાન્ડો ને ભારેખમ હથિયાર અને દારૂગોળો લઈને ડૉ. ઓમના કેમ્પ તરફ ટેઈક ઑફ કરી લીધું હતું, જેની કર્નલ બત્રા અને એમની ટીમને કલ્પના સુદ્ધાં નહોતી.

આ દરમિયાન ડૉ. ઓમે એમને જોઈતી બધી જ સાધન-સામગ્રી લઈ લીધી. કોવિડના ઈલાજ એવા ઍન્ટિબૉડી બનાવતી સેલાઈન્સની કલ્ચર બૉટલ્સને એક વાતાનુકૂલિત બૉક્સમાં પૅક કરવામાં આવી.

બેન્જામિન અને માર્થાને *આવજો* કરતાં ડૉ. ઓમની આંખો છલકાઈ ગઈ. કર્નલ બત્રા અને આભાની આખી ટીમ એક જ વૅનમાં ગોઠવાઈ ગઈ. મેજર અબ્દેલને વૅનના પાછળના ભાગમાં બેસાડવામાં આવ્યો. કર્નલ બત્રાએ *પિકઅપ પૉઈન્ટ* પર નેવીનું હેલિકૉપ્ટર સાબદું રાખવાનો સંદેશો હોમ સેક્રેટરી માથુરને મોકલી દીધો…

કાચા રસ્તા પર ધીમી ગતિએ જતી વૅન ગેટથી લગભગ એક કિલોમીટર દૂર પહોંચી હશે ત્યારે એક મિસાઈલ વૅનના પડખામાં વાગી, જેના પરિણામે વૅન હવામાં ઊછળીને જમીન પર પટકાઈ. મિસાઈલ બાદ હેવી મશીનગનમાંથી ગોળીઓનો વરસાદ વૅન પર વરસ્યો. બટાલિયન ઉપરથી આવેલાં બે *ચિનુક* હેલિકૉપ્ટરે વૅનની પ્રદક્ષિણા કરતાં કરતાં એટલી બધી ગોળીઓ વરસાવી કે વૅનમાં રહેલી કોઈ પણ વ્યક્તિનું બચવું અશક્ય હતું.

બેમાંનું એક હેલિકૉપ્ટર લૅન્ડ થયું અને એમાં રહેલી કમાન્ડોની ટીમ વૅન તરફ આગળ ધસી…

ગોળીઓથી ભૂંજાઈ ગયેલા ભારતીય કમાન્ડોની ટીમને જોવા ઉતાવળા થયેલા લિબિયન ટીમના કમાન્ડરે હળવેથી વૅનનો પાછળનો દરવાજો ખોલ્યો અને એની આંખો ભયથી ફાટી ગઈ.

હજુ એ *અરે, આ તો દગો થયો* એવું કંઈક બોલવા જાય એ પહેલાં જ કર્નલ બત્રાએ છોડેલા સ્ટ્રિન્ગર બ્લૉક-ટુ મેપેડ મિસાઈલે હવામાં અધ્ધર ચકરાવો લઈ રહેલા *ચુનિક* હેલિકૉપ્ટરને વીંધી નાખ્યું. લૅન્ડ થયેલું હેલિકૉપ્ટર હજુ ફરી ટેઈક ઑફ કરે એ પહેલાં આભાના સ્ટ્રિન્ગરે એને પણ ઉડાવી દીધું. દસ સેકન્ડમાં બન્ને હેલિકૉપ્ટરના ફુરચા ઊડી ગયા. બાકી રહેલું કામ કર્નલ બત્રાના સ્નાઈપર્સે પૂરું કર્યું.

આ તરફ, કેમ્પના ટેન્ટમાં પાર્ક કરેલી બીજી વૅનના પાછળના ભાગમાં બેઠેલો અબ્દેલ એની રેસ્ક્યુ ટીમની આ બદતર હાલત જોઈને પાગલની જેમ હસ્યો:

'યુ બ્લડી ઈન્ડિયન… વેરી સ્માર્ટ… તમે મારા માણસોને બીજી વૅનમાં આગળ મોકલ્યા ને…!'

'યસ, ડિયર. તેં સેટેલાઈટ ફોન પરથી મોકલેલો *એસઓએસ* તારી બટાલિયન સુધી પહોંચ્યો એ પહેલાં દિલ્હી અમારા કમાન્ડ સેન્ટર પર પહોંચી ગયેલો. અમે આખા એરિયામાંથી થતાં બધાં જ કમ્યુનિકેશનને ટ્રૅક કરીએ છીએ, થેન્ક્સ ટુ અવર સેટેલાઈટ્સ.' કર્નલ બત્રાએ સહેજ હસીને કહ્યું.

'ડોન્ટ વરી, હજુ અમારી આખી બટાલિયન તમારી પાછળ છે. તમે લોકો *પિકઅપ પૉઈન્ટ* સુધી નહીં પહોંચી શકો.'

'દોસ્ત, એ બટાલિયન છે નહીં… હતી! ઈઝરાયલી ઍર ફોર્સનાં ફાઈટર જેટ્સ અત્યારે તારી બટાલિયનના ફુરચા ઉડાવી રહ્યાં છે.' આભાએ પૂરક માહિતી આપી.

'ઓહ નો. પ્લીઝ, મને તમારી સાથે લઈ જાઓ. ઈઝરાયલીઓ અહીં પણ આવી જશે તો મને છોડશે નહીં.' અબ્દેલ હવે ગિડગિડાવા લાગ્યો.

'સૉરી, કાન્ટ કૅરી એક્સ્ટ્રા લગેજ-વધારાના સામાનની જેમ અમે પણ તને અહીં આગળ ક્યાંક છોડી દઈશું… આ આખું રણ હવે તારું!'

■ ■ ■

કર્નલ બત્રાની ટીમ એમના *મિશન કયામત*નો એક તબક્કો સફળતાપૂર્વક પતાવીને અગાઉથી નક્કી કર્યા મુજબ યુગાન્ડાના નાકાસોન્ગલા ઍર ફોર્સ બેઝ તરફ રવાના થઈ…

…પણ બત્રાની ટીમને એ ખબર નહોતી કે ઍર ફોર્સ બેઝ પર એ બધાં પહોંચે એ પહેલાં રસ્તામાં આવનારો એક ફોન કૉલ એમના આ મિશનનો સમૂળગો પ્રવાહ પલટી નાખશે…

(ક્રમશઃ)

વ્યાપાર-વિશ્વ

જયેશ ચિતલિયા

લૉકડાઉન-માસ્ક-સેનિટાઈઝર-સોશિયલ ડિસ્ટન્સિંગ...

આ શબ્દો તમને શું શીખવે છે, મૂડીરોકાણના પાઠ...?

કોરોના શબ્દ જગતના દરેક માનવીનાં જીવનમાં વ્યાપી ગયો છે. કોરોનાને કારણે આપણે જીવનમાં અગાઉ ભાગ્યે જ સાંભળ્યા હોય એવા શબ્દો હવે સાંભળવા રોજિંદા થઈ ગયા છે. કોરોનાસર્જિત આર્થિક મહામંદીમાં વેપાર-ઉદ્યોગ સહિત સામાન્ય બચતકારો-રોકાણકારોની દશા કફોડી થઈ ગઈ છે ત્યારે આ શબ્દોનો ઈન્વેસ્ટમેન્ટ જગતમાં શું અર્થ કરી શકાય-શું સબક મેળવી શકાય?

લૉકડાઉન એટલે સાવચેત રહો...

મૂડીરોકાણના જગતમાં હાલ લૉકડાઉનનો અર્થ છે તમે પણ બજારથી લૉકડાઉન રહો. બજારની વધ-ઘટનું માત્ર નિરીક્ષણ કરો. એનાં કારણને સમજવાનો પ્રયાસ કરો. બજારમાં રોજેરોજ ખરીદ-વેચાણ માટે તત્પર થઈ જાવ નહીં. લૉકડાઉનમાં તમારે સપ્તાહમાં એક-બે વાર શાકભાજી કે જરૂરી ચીજવસ્તુ ખરીદવા બહાર જવું પડે એમ શૅરબજારમાં જરૂરી સમયમાં જ ખરીદી કે વેચાણ કરો. બાકી, હાલ તમારાં રોકાણ-પોર્ટફોલિયોનો રિવ્યૂ કરો-ભૂલો સુધારો અને પોર્ટફોલિયોમાં જરૂર મુજબ ફેરફાર કરો.

સોશિયલ ડિસ્ટન્સિંગ એટલે બજારથી અંતર રાખો...

આ શબ્દ હાલ બહુ પૉપ્યુલર બન્યો છે. કોરોના વાઈરસનો ચેપ ન લાગે એ માટે આપણે એકબીજાથી અંતર રાખતાં થયા છીએ અર્થાત્ શૅરબજારમાં ભીડનો ભાગ ન બનો. ટોળાથી દોરવાઈ જવાને બદલે જરૂરી અંતર રાખો. પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી સ્વતંત્ર નિર્ણય લો.

સેનિટાઈઝર એટલે સતત સાવધાની

હાલ સેનિટાઈઝરનું મહત્ત્વ વિશેષ વધી ગયું છે. ઘરમાંથી બહાર જાવ કે બહારથી ઘરે આવો, સેનિટાઈઝરનો સતત ઉપયોગ કરી હાથ સ્વચ્છ રાખવા પડે છે. કોરોનાથી પ્રોટેક્શન માટે આ જરૂરી છે એમ શૅરબજારમાં પણ મૂડીથી હાથ ધોઈ નાખવા ન પડે અથવા તો નુકસાનના ચેપમાં ન ફસાવું હોય તો સાવચેતી રૂપી સેનિટાઈઝર વાપરો એટલે કે બજારની ટૂંકી ચાલથી દોરવાઈ ન જાવ. કૅપિટલ એપ્રિસિયેશન (મૂડીવૃદ્ધિ) એ તો પછીની વાત છે, પહેલાં કૅપિટલનું-મૂડીનું પ્રોટેક્શન-રક્ષણ કરો.

DALAL STREET

માસ્ક એટલે પ્રોટેક્શન જરૂરી

માસ્ક શબ્દનો ઉપયોગ આપણે જવલ્લે જ કરતા હતા. બહુ પ્રદૂષણ હોય એ શહેરના લોકો બહાર નીકળે અથવા કોઈ ચોક્કસ જગ્યાએ જાય તો માસ્ક પહેરતા. હવે તો દરેકને ક્યાંય માસ્ક વિના ન ચાલે. કોરોનાના ભય સામે માસ્ક સૌથી મહત્ત્વના રક્ષણનું સાધન બન્યું છે. ઈન્વેસ્ટમેન્ટ માર્કેટમાં પણ આવા માસ્કનું મહત્ત્વ એ છે કે તમારી જોખમ લેવાની ક્ષમતાના આધારે જ રોકાણ કરો. તમારા આર્થિક સ્વાસ્થ્યને પ્રથમ ધ્યાનમાં રાખો.

ટેસ્ટિંગ-ચિહ્નો એટલે...

કોરોનાનાં ટેસ્ટિંગ થાય છે યા કરવાં પડે છે, જેથી રોગનાં ચિહ્ન પકડી શકાય છે ને ઝડપથી ઈલાજ કરી શકાય છે એમ બજારમાં પણ ગ્લોબલ ને સ્થાનિક સ્તરેથી સંકેત આવતા રહે છે, જેને સમજવા જરૂરી છે. ક્યારેક બજાર ક્રૂડની ઊથલપાથલથી અસર પામે છે, ક્યારેક ઈકોનોમિક રિલીફ પૅકેજથી તો વળી ક્યારેક ચીન-યુએસ વેપારયુદ્ધથી. અમુક સમયે સેન્ટિમેન્ટથી તો ક્યારેક ક્વાર્ટરલી પરિણામની અસર થાય છે. આમ બજાર સારા-નરસા સતત સંકેતને આધારે વધ-ઘટ કરતું રહે છે. આવા સંકેતને ટેસ્ટિંગની જેમ સમજવા પડે.

રેડ-ઑરેન્જ-ગ્રીન ઝોન એટલે...

આ ઝોન ક્યાં કેટલું જોખમ વધુ-ઓછું છે એનો ઈશારો કરે છે. આનો અર્થ કયા સાધનમાં કેટલા સમય માટે રોકાણ કરો છો એના આધારે જોખમ નક્કી થાય. સમજ્યા વિના રોકાણ કરવું એ પ્રોટેક્શન વિના બહાર જવા જેવું છે. બૂરા ટ્રૅક રેકૉર્ડવાળી કંપનીના શૅર ખરીદવા-માત્ર ટિપ્સના આધારે ખરીદવા એ *રેડ ઝોન* જેવા જોખમી છે. *ઑરેન્જ ઝોન* મધ્યમ જોખમનો ગણાય, જ્યારે મજબૂત ફંડામેન્ટલ્સવાળી કંપનીઓમાં રોકાણ કરવું એ *ગ્રીન ઝોન* સમાન છે.

વ્હૉટ્સઍપ મેસેજ એટલે વ્હૉટ્સઍપ પર કેટલાય દિવસોથી કોરોના વિશે અનેકવિધ અહેવાલ, માર્ગદર્શન અને ઈલાજની વાતો ચાલે છે. આની પાક્કી ખાતરી કર્યા વિના-નિષ્ણાત તબીબોની સલાહ વિના વિશ્વાસ કરવાનું જોખમી બની શકે. સ્ટૉક માર્કેટમાં પણ અફવા અથવા ગેરમાર્ગે દોરતા અહેવાલથી સાવચેત રહેવું સલાહભર્યું છે.

દવા-વેક્સિન એટલે...

કોરોનાની નક્કર દવા ને એની વેક્સિન શોધાય અને એના પ્રયોગ સફળ થાય તો આ ભય દૂર થઈ શકે ને લોકો મુક્તપણે જીવવાનું શરૂ કરી શકે. બાકી, આ લડાઈ લાંબી ચાલવાની શક્યતા વધુ છે. ઈકોનોમીમાં વિશ્વાસ ઊભો થાય, એ મજબૂત બને એ માટે નક્કર-સચોટ ઉપાય આવશ્યક છે. વેક્સિન જ એનાં ખરાં ફંડામેન્ટલ્સ છે એમ બજાર માટે આર્થિક વિકાસને વેગ મળે, વિશ્વાસની પુનઃ સ્થાપના થાય એ જરૂરી છે.

સમય લાગશે એટલે ધીરજ-સંયમ જરૂરી...

આ સમય માત્ર ભારતની મંદીનો નથી, બલકે અભૂતપૂર્વ વૈશ્વિક મહામંદીનો છે, જેથી એને રિકવર થતાં લાંબો સમય લાગશે. ચોતરફ અનિશ્ચિતતા ભરપૂર છે, જેને લીધે સતત વોલેટિલિટી પણ રહેશે. પોતાના અને પરિવારના સ્વાસ્થ્ય તેમ જ આર્થિક રક્ષણની પૂરેપૂરી કાળજી બાદ જ રોકાણનું પગલું ભરવામાં ડહાપણ છે. આ રોકાણ શૅરબજારમાં હોય કે મ્યુચ્યુઅલ ફંડમાં હોય, સોનામાં હોય કે સરકારી બચત યોજનામાં હોય, બધે જ વિવેક અને શાણપણ આવશ્યક છે. રોકાણમાં લાંબા સમય સાથે સંયમ-ધીરજ રાખવાં પડશે. □

જલસાઘર રઘુ જેટલી

નયા રૂપ હૈ, નયી ઉમંગે, અબ હૈ નયી કહાની...

એ*ક વાઈરસ સાલા એક વાઈરસ, આદમી કો બદલ કે રખ દેતા હૈ…* નાના પાટેકરના મોઢે બોલાયેલો એક *સાલા મચ્છર*વાળો સંવાદ રઘુના મનમાં જરા જુદી રીતે પડઘાયો, કારણ કે હવે બધું જ જુદી રીતે થઈ રહ્યું છે કે થવાનું છે. લૉકડાઉન ખૂલશે પછી પહેલાં જેવું કંઈ રહેવાનું નથી. બધું બદલાવાનું છે. એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રી પણ. પચાસ લાખ લોકોનો મેનપાવર ધરાવતી આ ઈન્ડસ્ટ્રીમાં હવે શૂટિંગ કરવું અઘરું પડવાનું છે, કેમ કે સલામતી ને સ્વચ્છતાના પ્રશ્નો સાથે કામ પાડવું અઘરું છે.

આ વાત રઘુ સમજે એ પહેલાં જ બોલીવૂડના ખેરખાં સમજી ચૂક્યા છે. *બ્લફમાસ્ટર* અને *દમ મારો દમ*ના ડિરેક્ટર રોહન સિપ્પી પૂછે છે કે *સોશિયલ ડિસ્ટન્સિંગના જમાનામાં આપણને ભેટવાનાં કે કિસિંગનાં દશ્યો જોવા ગમશે ખરાં?* આથી જ તાજેતરમાં *હસમુખ* નામની વેબ-સિરીઝ બનાવનારા નિખિલ અડવાનીને લાગે છે કે સોશિયલ ડિસ્ટન્સિંગ (અથવા આભડછેટ પાળવા) વિશે સભાન થઈ ગયેલા લોકો મલ્ટિપ્લેક્સમાં ફિલ્મો જોવા જતાં પહેલાં ઘણો વિચાર કરશે.

રઘુને લાગે છે કે સપ્ટેમ્બરમાં કદાચ સિનેમા હૉલ્સ ખૂલશે ત્યારે લોકો વાઈરસના ચેપના ડરથી ફિલ્મો જોવા જતાં ગભરાતા હશે. લગતા હૈ, હવે વેબ-સિરીઝનો કે ડિજિટલ પ્લૅટફૉર્મ્સ માટે ખાસ બનતી ફિલ્મોનો જમાનો આવવાનો છે અથવા તગડા પૈસા લઈને નિર્માતા ઓટીટી પર જ ફિલ્મો રિલીઝ કરી દેશે.

ફિલ્મલાઈનની નસ પારખતા એક ફિલ્મપ્રચારક કહે છે કે સ્ટારડમ આખું બદલાઈ જશે, કારણ કે મોટા સ્ટારની ફિલ્મોને જેટલા દર્શકો મળશે એના કરતાં ડિજિટલ પ્લૅટફૉર્મ પર રજૂ થતી ફિલ્મોને વધુ દર્શકો મળશે એટલે કે ટેલેન્ટનું લોકશાહીકરણ થશે. એક મજબૂત આર્થિક મૉડેલ તૈયાર થશે અને ફિલ્મોનું પણ સ્ટ્રીમિંગ સર્વિસીઝ પર દુનિયાભરમાં એક જ દિવસે પ્રીમિયર થશે.

આ સ્થિતિનો ફાયદો કંઈક હટકે કરવા માગતા લેખકો-દિગ્દર્શકોને થશે એટલું નક્કી. સાથે સાથે દર્શકોને પણ. એમને અવનવા વિષયો ને અવનવી ટ્રીટમેન્ટ સાથેની ચીજો જોવા-માણવા મળશે. આ બધાનું પરિણામ કદાચ સાત-આઠ મહિના પછી જોવા મળે, પણ અત્યારે તો વેબ-સિરીઝના રાફડા ફાટી રહ્યા છે, જેમ કે અનુષ્કા શર્માએ એની પોતાની કંપની *ક્લીન સ્લેટ* હેઠળ પ્રાઈમ વિડિયો માટે *પાતાલ લોક* નામની અનોખા વિષયની વેબ-સિરીઝ બનાવી છે. એ ઉપરાંત, શાહરુખની રેડ *ચિલીઝ એન્ટરટેઈન્મેન્ટ કંપની*એ *નેટફ્લિક્સ* માટે *બેતાલ* નામની એક હોરર વેબ-સિરીઝ બનાવી છે, જેમાં શાહરુખ પોતે ઍક્ટિંગ કરે છે. આ બન્ને વેબ-સિરીઝ અનુક્રમે ૧૫ મે અને ૨૪ મેના રિલીઝ પણ થઈ જવાની છે.

ઓવરઑલ, ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો સિનારિયો એવો હશે કે જેમાં દર્શકો રાજા હશે. કન્ઝ્યુમર માર્કેટ જેવું જ મૉડેલ હશે આ. જો કે બોલીવૂડમાં પૈસાની કાયમ પૂજા થતી આવી છે અને એ વાત તો રહેવાની. આ જ કારણસર ઈન્ડસ્ટ્રીમાં અત્યારે એવી જોક ચાલી રહી છે કે આજકાલ સ્ટાર્સ અને ડિરેક્ટર્સ ફક્ત ઈરોસ એન્ટરટેઈન્મેન્ટના સીઈઓ કિશોર લુલ્લાના જ ફોન ઉપાડી રહ્યા છે, કેમ કે લુલ્લાએ અમેરિકન સ્ટુડિયો *એસટીએક્સ* સાથે જોડાઈને ચાર હજાર કરોડ બનાવ્યા છે.

દેખિયે, આગે આગે હોતા હૈ ક્યા... ◻

ધી એન્ડ...

સાલી એક વાત રઘુને સમજાતી નથી. આપણે અહીં ચિલ્લાઈ ચિલ્લાઈને ગુજરાત મોડેલનાં વખાણ કરીએ ને ત્યાં ફિલ્મવાળા કચરો કરી રહ્યા છે. જોન અબ્રાહમની ફિલ્મ *રૉ*માં જૂનાગઢને પાકિસ્તાન દેખાડવામાં આવેલું ને હમણાં ક્રિસ હેમ્સવર્થની (ઓલ્સો રણદીપ હૂડા, પંકજ ત્રિપાઠી, વગેરે) *એક્સટ્રેક્શન*માં અમદાવાદને બાંગ્લાદેશ દેખાડવામાં આવ્યું છે, બોલો!

૬૫ વર્ષનો
આપનો વિશ્વાસ,
કે અમારૂ મરચું છે
કઈંક ખાસ !
અદાણી મસાલા
સ્વાદના સર્જકો
ADANI
CHILLY POWDER
ઓનલાઇન ઉપલબ્ધ : amazon.
/adanispices
Brand Makeover.in

મુખવાસ **ઈશિતા**

વીસરી જવાનો યાદગાર સર્વે...

જીવનમાં આપણું ક્યારેક કંઈક ખોવાઈ જાય ત્યારે દુઃખ થાય ને અચાનક ન ધાર્યું હોય ત્યાં કશું મળી આવે તો આનંદ પણ થાય... આનું નામ જીવનઃ *કુછ ખોકે પાના હૈ... કુછ પાકે ગુમાના/ખોના હૈ!*

આ તો જિંદગીની એક ફિલસૂફી થઈ, પણ રોજિંદી જિંદગીમાંય આપણે કેટલી બધી ચીજવસ્તુ ગુમાવતાં રહીએ છીએ.

માણસસ્વભાવ માત્ર મહાભુલકણો. ન જરૂરી હોય એવી વાતો ભૂલી જાય (આમાં અપવાદ છે ખરા), તમે રોજ હાથમાં રમતી ચીજો પણ ભૂલી જાઓ, જેમ કે મોબાઈલ ફોન!

થોડા સમય પહેલાં અલબત્ત, *કોરોનાના* લૉકડાઉન પહેલાં આપણે ત્યાં એક સર્વેક્ષણ થયું કે *સામાન્ય રીતે લોકો એક સ્થળેથી બીજે જતા હોય ત્યારે શું શું ભૂલી જાય છે, ખાસ કરીને ટ્રેન-બસ કે ટેક્સીમાં...*

વિશ્વભરના લોકો સામાન્ય રીતે વાહનમાં ઘર-ઑફિસની ચાવી-મોબાઈલ ફોન-છત્રી-શૉપિંગ બૅગ, વગેરે ભૂલી જતા હોય છે. ક્યારેક ચલણી નોટોની થોકડીવાળી બ્રીફકેસ કે અગત્યના દસ્તાવેજો સાથે રૂપિયા ૧૫થી પચ્ચીસ લાખના બેરર ચેક સુદ્ધાં ભૂલી જાય છે તો આપણે ત્યાં તો એક શખસ સોના મઢેલા બે દાંત સાથેનું દાંતનું ચોકઠું ભૂલી ગયા ટેક્સીમાં તો આ જ રીતે સ્મશાનથી પરત થતાં એક ભાઈ પોતાના કોઈ આપ્તજનનો અસ્થિ-કુંભ સુદ્ધાં વીસરી ગયા..

એક ખાનગી ટેક્સી ઑપરેટર કંપનીના સર્વેક્ષણ અનુસાર ટેક્સીમાં ચીજવસ્તુ વીસરી જવામાં બેંગલોર તેમ જ મુંબઈના લોકો એકસરખા ભુલકણા છે તો મમતા દીદીના બાબુમોશાયો ભાગ્યે જ ટેક્સીમાં કંઈ ભૂલે છે!

આ તો આપણે ત્યાંનું સર્વેક્ષણ કહે છે. બીજી તરફ, જપાન જેવા અતિ વ્યસ્ત શહેરમાં લૉસ્ટ ઍન્ડ ફાઉન્ડનો શું સિનારિયો છે?

વેલ, જપાનની પ્રજા મૂળભૂત રૂપે શિસ્તપ્રિય. રસ્તા પરથી કંઈ મળી જાય તો ગુપચુપ પોતાની પાસે રાખી લેવાને બદલે એ અજાણી માલિકીની ચીજ લાગતા-વળગતા સત્તાવાળાને, નહીંતર નજીકના પોલીસસ્ટેશને એ લોકો પહોંચતી કરે.

આમ કોઈ પણ જાણતાં-અજાણતાં કંઈ ખોવાય કે વીસરાઈ જાય તો મૂળ માલિકને એ પરત મળી જવાની શક્યતા સૌથી વધારે જપાનમાં છે એવું આંતરરાષ્ટ્રીય સર્વેક્ષણ કહે છે.

છેલ્લા સમાચાર-તારણ અનુસાર જપાન પોલીસે **પાંચ લાખ ૪૫ હજાર** ઓળખપત્ર (આઈન્ડેટિટી કાર્ડ) મૂળ માલિકોને પરત કર્યાં હતાં.

એ જ રીતે, **૩,૩૮,૦૦૦** છત્રી એના માલિકોને પાછી પહોંચાડવામાં આવી હતી..

- રોકડ રકમ-ક્રેડિટ કાર્ડ્સ તેમ જ બીજા અગત્યના દસ્તાવેજ સહિતના **૨,૪૦,૦૦૦** વૉલેટ-પાકીટ એમના માલિકને ઘેર સામેથી પહોંચી ગયાં હતાં...
- બસ, ટેક્સી, ટ્રેનમાંથી મળી આવેલા **૧,૩૦,૦૦૦** મોબાઈલ ફોન્સ પણ માલિકને પાછા મળી ગયા હતા...

આ લૉસ્ટ ઍન્ડ ફાઉન્ડ સર્વેક્ષણ દરમિયાન જપાન અને ન્યુ યૉર્ક શહેર વચ્ચેની સરખામણી કરવામાં આવી હતી. એનાં તારણ પણ રસપ્રદ છે.

ઉદાહરણ તરીકે, જપાનમાં તમારું પાકીટ ખોવાય તો **૮૦ ટકા** પરત મળવાની શક્યતા, જ્યારે ન્યુ યૉર્કમાં માંડ **૧૦ ટકા..** એ જ રીતે, જપાનમાં તમારો ફોન ખોવાય તો **૮૮ ટકા** તમને પાછો મળી જાય, જ્યારે ન્યુ યૉર્કમાં મોબાઈલ ખોવાય તો પરત મળવાની શક્યતા છે માત્ર **૬ ટકા!**

આ ઝાડુ કંઈ કેજરીવાલનું નથી!



ક્યારેક નાનીઅમથી વાત ધાર્યા ન હોય એવા વાદ-વિવાદ ને ગરમાગરમ ચર્ચા સર્જતી હોય છે. આપણા વડીલો હંમેશાં ઘરવાળા, ખાસ કરીને વહુ-દીકરીને ટકોરતા રહે છે કે *બાથરૂમમાં ઝાડુ-સાવરણી ક્યારેય દીવાલને ખૂણે અઢેલીને ઊભાં ન રાખવાં...* કેમ? પૂછો તો વડીલો કહેઃ *એનાથી ઘરમાં કંકાસ થાય-બીમારી આવે તો ખોટો નાણાંનો વ્યય થાય!*

આ માન્યતા કેટલા અંશે સાચી એ તો *ઈશિતા* નથી જાણતી, પણ આપણાં મોટા ભાગનાં ઘરોમાં બાથરૂમને ખૂણે ઝાડુને ઊભું રાખવાને બદલે જમીન પર સુવડાવી દેવામાં આવે છે. (ખુદ *ઈશિતાના* ઘરમાંય આ પ્રથા છે!)

હવે આ ઝાડુ-સાવરણીને લઈને થોડા દિવસથી સોશિયલ મિડિયા પર એક કુતૂહલપ્રેરક ચર્ચા જામી છે. કોઈએ એક વિડિયો ક્લિપ વહેતી કરીને નાસાને નામે કહ્યું છે કે ૧૦ ફેબ્રુઆરી એ જ એક માત્ર દિવસ છે, જ્યારે ગુરુત્વાકર્ષણના ખેંચાણને લીધે ઝાડુ-સાવરણી આપમેળે ઊભું રહી શકે છે... બાકીના દિવસોમાં એને ખડું રાખવા માટે દીવાલ કે ખૂણાનો ટેકો જોઈએ!

બહુ જ ઝડપથી ટટ્ટાર ખડા ઝાડુનો વિડિયો વાઈરલ થઈ ગયો ને ૮૫ લાખથી વધુ વાર જોવાયો. આના પરથી ઝાડુને કોઈ પણ *દિવસે કઈ રીતે ખડું રાખી શકાય* એની જાત-ભાતની ચૅલેન્જો શરૂ થઈ ગઈ.

આ ગાંડપણ જોઈને નાસાએ ખુલાસો બહાર પાડ્યો કે ભાઈઓ, *ઝાડુના ગુરુત્વાકર્ષણ અને ૧૦ ફેબ્રુઆરીને કંઈ લાગતું-વળગતું નથી. ભૌતિકશાસ્ત્રના નિયમાનુસાર સાવરણી-ઝાડુને જો તમે ટ્રાઈપોડની જેમ-ત્રણ પાયાના સ્ટૅન્ડની જેમ ઊભું રાખો તો વર્ષના કોઈ પણ વચલા દહાડે પણ એ મસ્ત મજાનું ટટ્ટાર ખડું રહી શકે છે!*

એલચી

કેટલાક સફળ પુરુષ પાછળ એકાદ સ્ત્રી જરૂર હોય છે. એ જ રીતે કેટલીક સફળ સ્ત્રી પાછળ એકાદ પુરુષ એવો પણ હોય છે, જેણે પેલી સ્ત્રીને દગો દીધો હોય...!!